# ગુજરાતી

## (તૃતીય ભાષા)

## ધોરણ 9

BSER

માધ્યમિક શિક્ષણ બોર્ડ રાજસ્થાન, અજમેર

# પાઠ્યપુસ્તક નિર્માણ સમિતિ

## ગુજરાતી, તૃતીય ભાષા ધોરણ - 9


**સંયોજક :** **ડૉ. અશોક પટેલ**
એસોસિયેટ પ્રોફેસર, એસ.યુ.જી. કૉલેજ ઑફ ઍજ્યુકેશન, વાસણા, અમદાવાદ.

**લેખકગણ**

1. **ડૉ. જગદીશભાઈ મહિડા**
એસોસિયેટ પ્રોફેસર, એસ.યુ.જી. કૉલેજ ઑફ ઍજ્યુકેશન, વાસણા. અમદાવાદ
2. **ડૉ. રાઘવજી માધડ**
રીસર્ચ એસોસિયેટ, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર
3. **શ્રી માનવેન્દ્ર રાઠોડ**
ભૂતપૂર્વ શિક્ષક, શ્રી વિદ્યાનગર હાઈસ્કૂલ, ઉસ્માનપુરા, અમદાવાદ
4. **શ્રી નીતિનકુમાર ઢાઢોદરા**
આસિ. પ્રોફેસર, શિક્ષણ મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
5. **શ્રીમતી નીલા રાજપુરોહિત**
વરિષ્ઠ અધ્યાપક, રાજકીય બાલિકા ઉચ્ચ માધ્યમિક વિદ્યાલય, નાથદ્વારા (રાજસમંદ)



## આભાર

સંપાદક મંડળ અને માધ્યમિક શિક્ષણ બૉર્ડ-અજમેર, એ બધા લેખકો પ્રત્યે આભાર અને કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરે છે કે, જેમના મૂલ્યવાન વિચારો અને સર્જન આ પુસ્તકમાં સમાવિષ્ટ કરેલ છે.

આ પુસ્તકમાં મુદ્રિત સમગ્ર વિષયવસ્તુનું સંપૂર્ણ ધ્યાન રાખવામાં આવેલ છે, છતાં પણ વિષયવસ્તુનો કોઈ ભાગ કે અંશ ભૂલથી પણ સમાવિષ્ટ થયો ન હોય તો તેના માટે સંપાદક મંડળ ખેદ વ્યક્ત કરે છે. આવી બાકી કોઈપણ વિગત કે વિષયવસ્તુ પ્રત્યે જો ધ્યાન દોરવામાં આવશે તો અમે એનો સહર્ષ સ્વીકાર કરીશું.

# બે શબ્દ

વિદ્યાર્થીઓ માટે પાઠ્યપુસ્તક ક્રમબદ્ધ અધ્યયન, પુષ્ટીકરણ, સમીક્ષા અને ભવિષ્યના અધ્યયન માટે આધારરૂપ છે. વિષયવસ્તુ અને શિક્ષણ પદ્ધતિની દૃષ્ટિએ શાળાકીય પાઠ્યપુસ્તકની ગુણવત્તા અત્યંત મહત્ત્વપૂર્ણ બની જાય છે. પાઠ્યપુસ્તકો ક્યારેય પણ જડ અને પ્રતિષ્ઠાભંગ કરે તેવા હોવા જોઈએ નહિ. પાઠ્યપુસ્તક આજે પણ અધ્યયન અને અધ્યાપન પ્રક્રિયાનું અનિવાર્ય સાધન બની ગયું છે. જેની આપણે ઉપેક્ષા કરી શકીએ નહિ.

છેલ્લા કેટલાંક વર્ષોમાં માધ્યમિક શિક્ષણ બોર્ડના પાઠ્યક્રમમાં રાજસ્થાનની ભાષાકીય અને સાંસ્કૃતિક પરિસ્થિતિના પ્રતિનિધિત્વનો અભાવ અનુભવાતો હતો. આ દૃષ્ટિકોણને ધ્યાનમાં રાખતાં રાજ્ય સરકાર દ્વારા ધો.9 થી 12 સુધીના વિદ્યાર્થીઓ માટે માધ્યમિક શિક્ષણ બોર્ડ રાજસ્થાન, અજમેર દ્વારા પોતાના પાઠ્યક્રમનો અમલ કરવાનો નિર્ણય લેવામાં આવેલ. તે મુજબ બોર્ડ દ્વારા શિક્ષણ સત્ર 2016-17થી ધોરણ 9 અને 11ના પાઠ્યપુસ્તકો બોર્ડ દ્વારા નિર્ધારિત પાઠ્યક્રમના આધારે તૈયાર કરવામાં આવ્યા છે. આશા છે કે, આ પુસ્તકો વિદ્યાર્થીઓમાં મૌલિક વિચાર, ચિંતન અને અભિવ્યક્તિ માટેની પૂરતી તકો પૂરી પાડશે.

**પ્રો. બી.એલ.ચૌધરી**
**અધ્યક્ષ**
**માધ્યમિક શિક્ષણ બોર્ડ, રાજસ્થાન, અજમેર**

BSER

# ભૂમિકા

પ્રસ્તુત પુસ્તક 'ગુજરાતી - તૃતીય ભાષા' ધોરણ - 9ના વિદ્યાર્થીઓના અધ્યયન-અધ્યાપન માટે માધ્યમિક શિક્ષણ બૉર્ડ રાજસ્થાન દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. આ પાઠ્યપુસ્તકની અનેક વિશેષતાને કારણે તેને વિદ્યાર્થીઓ સમક્ષ મૂકતા હર્ષની લાગણી અનુભવાય છે. આ પાઠ્યપુસ્તક એ વિદ્યાર્થીઓની વયકક્ષા, સમાજની અપેક્ષાઓ, રાષ્ટ્રીય આકાંક્ષાઓ અને ભાષા કૌશલ્યોને ધ્યાનમાં રાખીને તૈયાર કરેલ છે.

પાઠ્યપુસ્તકનો મુખ્ય હેતુ વિવિધ પ્રકારની સાહિત્યકૃતિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં ગુજરાતી ભાષાનો વિકાસ કરવાનો છે. જેમાં વિષયવસ્તુને સાધન બનાવીને ભાષા વિકાસને જ પ્રાધાન્ય આપવાનું છે. પાઠ્યપુસ્તકમાં સમય, સ્વરૂપ અને લેખન શૈલીને ધ્યાનમાં રાખી ગદ્ય, પદ્ય અને વ્યાકરણનો સમાવેશ કરેલ છે. દરેક કૃતિની શરૂઆતમાં જે તે કૃતિના કર્તાનો અને કૃતિનો ટૂંકમાં પરિચય આપેલ છે. એટલું જ નહિ કૃતિનું જે સાહિત્ય સ્વરૂપ છે તેનાથી વિદ્યાર્થીઓ સામાન્ય પ્રમાણમાં પરિચિત થાય તેને ધ્યાનમાં રાખીને સાહિત્યના સ્વરૂપનો પરિચય પણ કૃતિની સાથે આપેલ છે.

વિદ્યાર્થી કૃતિને સરળતાથી સમજી શકે તે માટે કૃતિમાં આવતા અપરિચિત શબ્દો જે તે કૃતિના અંતે 'ટિપ્પણ'માં આપેલ છે. વિદ્યાર્થીનું મૂલ્યાંકન કરવા માટે તેમજ તેના સ્વઅધ્યયન માટે દરેક કૃતિની સાથે સ્વાધ્યાય આપેલ છે. આ પાઠ્યપુસ્તકની અનેક વિશેષતામાંની ધ્યાનાકર્ષક વિશેષતા જો હોય તો તે છે, કૃતિના અંતે આપવામાં આવેલ પ્રવૃત્તિ અને ભાષાસજ્જતા. અહીં એવી પ્રવૃત્તિઓ આપેલી છે કે જેનાથી વિદ્યાર્થી રમતાંરમતાં ભાષા શીખશે. ભાષાસજ્જતા દ્વારા વિદ્યાર્થી અને શિક્ષકનું ધ્યાન દોરવામાં આવેલું છે કે, તેમણે શું વિશેષ ધ્યાન રાખવાનું છે. તૃતીય ભાષાને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીએ શીખવું જોઈતું વ્યાકરણ પણ કૃતિના અંતે ભાષાસજ્જતામાં જ આપેલ છે.

આ પુસ્તકમાં વિવિધ પ્રકારની સાહિત્યકૃતિઓનો સમાવેશ કરેલ છે. જેથી વિદ્યાર્થીઓમાં ભાષા વિકાસની સાથે સાથે રાષ્ટ્રપ્રેમ, પ્રકૃતિપ્રેમ, પશુ-પક્ષીપ્રેમ, બંધુત્વની ભાવના, પ્રમાણિકતા પર્યાવરણનું જતન, સ્વચ્છતા જેવાં અનેક મૂલ્યોનો વિકાસ થશે.

સંપાદક મંડળને સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ છે કે, આ પુસ્તક વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો તેમજ સમાજને ખૂબ જ પસંદ આવશે. પુસ્તક તૈયાર કરવામાં ખૂબ જ કાળજી રાખવામાં આવેલ છે. છતાં પણ જો કોઈ ખામી રહી ગઈ હોય તો તે માટે સંપાદક મંડળ દિલગીરી વ્યક્ત કરે છે. ઉપરાંત જો કોઈ વાચકના ધ્યાનમાં આ પુસ્તકની કોઈ ભૂલ કે ખામી ધ્યાનમાં આવે તો તે પ્રત્યે અમારું ધ્યાન દોરે તેવી નમ્ર વિનંતી. વાચકના આવા પ્રયત્નને અમે સહર્ષ સ્વીકારીશું.

**સંપાદક મંડળ**

BSER

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | કૃતિનો પ્રકાર | કર્તા | પાના.નં. |
|---|---|---|---|---|
| 1. | રામ રાખે ત્યમ રહિયે | પદ | મીરાંબાઈ | 7 |
| 2. | પંખીઓની મહાસભા | બોધકથા | ગિજુભાઈ બધેકા | 10 |
| 3. | પગલાં | પ્રકૃતિગીત | સુન્દરમ્ | 16 |
| 4. | લાછી છીપણ | દંતકથા | .... | 19 |
| 5. | નિશાન ભૂમિ ભારતનું | દેશભક્તિગીત | ત્રિભુવન વ્યાસ | 24 |
| 6. | પાંચ દાણા | ચાતુર્યકથા | .... | 26 |
| 7. | હે જી તારા આંગણિયા | પદ | દુલા ભાયા કાગ | 31 |
| 8. | શરદીના પ્રતાપે | હાસ્યનિબંધ | જ્યોતીન્દ્ર દવે | 33 |
| 9. | જનનીની જોડ | ઊર્મિકાવ્ય | બોટાદકર | 38 |
| 10. | સારા અક્ષર | લઘુ નાટક | પિંકી શાહ | 41 |
| 11. | રાજસ્થાન | પ્રકૃતિગીત | જયંત પાઠક | 46 |
| 12. | વીર ભામાશા | નાટક | દુર્ગેશ શુક્લ | 48 |
| 13. | લિખિતંગ દાદાજી | પત્ર | .... | 54 |
| 14. | મેંદી તે વાવી | લોકગીત | .... | 60 |
| 15. | ગાંધીજી : બે પ્રસંગો | જીવનપ્રસંગ | ... | 63 |
| 16. | સાદ વરત્યો | લોકકથા | ઝવેરચંદ મેઘાણી | 67 |


BSER

# 1. રામ રાખે ત્યમ રહિયે



**મીરાંબાઈ**
**(સમય : ઈ.સ.ની સોળમી સદી)**

મીરાંબાઈનો જન્મ રાજસ્થાનના મેડતા ગામમાં રાજપરિવારમાં થયો હતો. તેઓને નાનપણથી જ કૃષ્ણ સાથેની પ્રીતિ હતી. તેથી કૃષ્ણ ભક્તિમાં જીવન પસાર કર્યું હતું. મીરાંબાઈ આપણા ઉત્તમ કોટિના ક કવયિત્રી છે. ભક્તિ એમની ઊર્મિકવિતાનો મુખ્ય સૂર રહ્યો છે. એમના અનેક પદો લોકજીભે રમતાં થઈ ગયેલાં છે.

આ પદમાં મીરાંબાઈ રામ રાખે તેમ રહેવાની શિખામણ આપે છે. જીવનમાં સુખ દુ:ખ આવતાં રહે છે. આવે સમયે પ્રભુશ્રદ્ધાથી શાંતિ અને સમતા આવે છે. સુખ દુ:ખ જીરવવાની વિવેકમતિ અને સહનશક્તિ પ્રાપ્ત થાય છે એ આ પદનો બોધ છે.

ગુજરાત સાથે ઉત્તર ભારતના મધ્યકાલિન સાહિત્યમાં પણ આ પદ સાહિત્ય પ્રકાર પ્રચલિત અને પ્રખ્યાત હતો. મોટા ભાગની કવિતાઓ તે સમયે પદરૂપે પ્રગટી જણાય છે. પદને લઘુ-ઊર્મિ કાવ્ય પ્રકારની રચના ગણી શકાય. પદ એ મધ્યકાળમાં પ્રચલિત સાહિત્યનો એક પ્રકાર છે. ગેય સ્વરૂપ, મધુરબાની અને સુકોમળ ભાષાશૈલી એ પદની ખાસ ઓળખ છે. ભજન, કીર્તન, પ્રભાતિયાં, ગરબા, ગરબી, રાસ.. વગેરે પદના પ્રકારો છે.

---

રામ રાખે ત્યમ રહિયે, ઓધવજી, રામ રાખે ત્યમ **રહિયે,**
આપણે ચિઠ્ઠીનાં ચાકર **છૈયે.**
ઓધવજી૦

કોઈ દિન પ્હેરિયે હીરનાં ચીર, તો કોઈ દિન સાદાં **ફરિયે,**
કોઈ દિન ભોજન શીરો ને પૂરી, તો કોઈ દિન ભૂખ્યાં **રહિયે.**
ઓધવજી૦

કોઈ દિન રહેવાને બાગબગીચા, તો કોઈ દિન જંગલ **રહિયે,**
કોઈ દિન સૂવાને ગાદીતકિયા, તો કોઈ દિન ભોંય પર **સૂઈએ.**
ઓધવજી૦

બાઈ મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, તો સુખદુ:ખ સર્વે **સહિયે.**
ઓધવજી૦

## ટિપ્પણ

**ત્યમ** - તેમ, તેવી રીતે **રહિયે** - રહેવું **ચાકર** - સેવક, દાસ, નોકર **ચિઠ્ઠીના ચાકર** - કહે તેમ ચૂપચાપ કામ કરનાર **છૈયે** - છીએ **હીર** - રેશમ **ચીર** - વસ્ત્ર **ભોંય** - ભૂમિ, જમીન, ધરતી, ધરા

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના ઉત્તર એક બે વાક્યમાં આપો.**

1. કવયિત્રી કેવી રીતે રહેવાનું કહે છે ? શા માટે ?
2. વસ્ત્ર પહેરવા સંદર્ભે મીરાંબાઈ શું કહે છે ?
3. ભોજન કરવા અંગે મીરાંબાઈ શું કહે છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો.**

1. કઈ કઈ બાબતોમાં કવયિત્રી ઈશ્વરની ઈચ્છા અનુસાર વર્તવાનું કહે છે ?
2. કાવ્યમાંથી મળતો બોધ તમારા શબ્દોમાં લખો.

**પ્રશ્ન 3. શબ્દકોશનો ઉપયોગ કરી નીચેના શબ્દોના અર્થ લખો**

| | | | | | |
|---|---|---|---|---|---|
| દિન | = | | દીન | = | |
| ચિર | = | | ચીર | = | |
| પુરી | = | | પૂરી | = | |

**પ્રશ્ન 4. નીચેના શબ્દોની સાચી જોડણી લખો.**

ચીઠ્ઠી, સિરો, બગિચો, તકિઓ, ગીરીધર

## પ્રવૃત્તિ

(1) શાળાની પ્રાર્થના સભામાં આ કાવ્યનું ગાન કરો.

(2) મીરાંબાઈના ગીતો-ભજનોની કેસેટ મેળવી વર્ગમાં સાંભળો - સમૂહગાન કરો.

(3) મુશ્કેલીમાં પણ તમે ખૂબ જ ધીરજપૂર્વક કામ પૂર્ણ કર્યું હોય તેવા પ્રસંગો યાદ કરીને તમારા મિત્રને જણાવો.

## ભાષાસજ્જતા

**સ્વર - વ્યંજન અને શબ્દ**

**● નીચેના શબ્દો વાંચો**

1. મેવાડ
2. અજમેર
3. મહેલ
4. ભારત
5. મીરાંબાઈ

આ શબ્દોને ધ્યાનથી જુઓ. આ શબ્દોમાં જે વર્ણાક્ષરો વપરાયા છે તેને છૂટા પાડીને જોતાં તમને કેટલાંક વર્ણો સીધાં જ દેખાશે જ્યારે કેટલાંક વર્ણો ભળેલા દેખાશે; જેમકે મેવાડ એ શબ્દમાં તમને મે, વા, ડ એ ત્રણ અક્ષર સીધાં જ દેખાશે. એમાંનો પહેલો 'મે' બોલી જુઓ એમાં 'મ્' સાથે 'એ'નો ઉચ્ચાર ભળેલો છે. તેનો ખ્યાલ આવશે. એવી જ રીતે બીજો 'વા' બોલી જુઓ ત્યારે તેમાં 'વ'ની સાથે 'આ' ભળેલો છે. તેનો તમને ખ્યાલ આવશે. આમ 'મેવાડ' શબ્દનું વિશ્લેષણ કરીએ તો –

મ્+એ,+વ્+આ+ડ્+અ

– એ પ્રમાણે થશે. આ જે ઉચ્ચારણો થયાં તે ગુજરાતી ભાષાના ધ્વનિ છે. ભાષામાં પ્રયોજાતા આવા ધ્વનિઓને સ્વર અને વ્યંજન તરીકે ઓળખવામાં આવે છે.

ગુજરાતી ભાષા નીચેના વર્ણોની બનેલી છે :

**સ્વર :**

અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, એ, ઐ, ઓ, ઔ = 11

આ વર્ણોનો ઉચ્ચાર કરતી વખતે આપણને બીજા કોઈ વર્ણની જરૂર પડતી ન હોવાથી સ્વરની વ્યાખ્યા આપતા એવું કહી શકાય કે, 'જે વર્ણ સ્વંતત્ર રીતે બોલી શકાય તે સ્વર.'

**વ્યંજન**

ક્, ખ્, ગ્, ઘ્, (ङ)
ચ્, છ્, જ્, ઝ્, (ञ)
ટ્, ઠ્, ડ્, ઢ્, ણ્,
ત્, થ્, દ્, ધ્, ન્,
પ્, ફ્, બ્, ભ્, મ્,
ય્, ર્, લ્, વ્, શ્, ષ્, સ્,
હ્, ળ્, ક્ષ્, જ્ઞ્

નોંધ : ङ અને ञ આ બંને ધ્વનિઘટકો સંસ્કૃતમાં વપરાશમાં છે. પણ ગુજરાતીમાં એ ધ્વનિઘટક તરીકે વપરાતા નથી પણ દર્શાવાય છે.

આ વર્ણોનો ઉચ્ચાર કરતી વખતે આપણને બીજા વર્ણની (સ્વરની) જરૂર પડતી હોવાથી વ્યંજનની વ્યાખ્યા આપતા એવું કહી શકાય કે, 'જે વર્ણ સ્વતંત્ર રીતે બોલી શકાતો નથી, પરંતુ તેને બોલવા માટે સ્વરની મદદ લેવી પડે તે વ્યંજન.'

હવે તમે સમજી ગયા હશો કે ગુજરાતી ભાષામાં 11 સ્વર અને 34 વ્યંજન છે. જેની મદદથી જુદા જુદા અક્ષરો બને છે. અક્ષરોની મદદથી શબ્દો બને છે. શબ્દોની મદદથી વાક્યો બને છે અને વાક્યોની મદદથી આપણી ભાષા બને છે.

- એક કરતાં વધારે અક્ષરો,અર્થ નીકળે એ રીતે ભેગા મળે ત્યારે 'શબ્દ' બને છે.
- વ્+ઈ+મ્+અ+ન્+અ = વિમાન       ખ+ઈ+સ+ક+ઓ+લ+ઈ = ખિસકોલી
- ર્+આ+જ્+અ+ન્+અ = રાજન       મ+આ+છ+અ+લ+ઈ = માછલી
- ખ્+ઉ+ર્+અ+શ્+ઈ = ખુરશી       ગ+આ+મ+અ+ડ+ઉં+ન = ગામડું

**સ્વાધ્યાય કાર્ય = 1. નીચેનામાંથી જે અક્ષર સમૂહો શબ્દો બનતા હોય તેવા અલગ તારવો.**


અજગર, બળદ, સસલું, કલરવ, પગ,
મસોરવા, કાજળ, વિક્તા, વાદળ, વરસાદ

**2. નીચેના અક્ષરોને ફરીથી ગોઠવીને સાચા શબ્દો બનાવો.**

દા.ત : ડિઘળયા = ઘડિયાળ

| | | | |
|---|---|---|---|
| રાજિફ | = | જોણુંકડ | = |
| ગડાકાભાઈ | = | કરચા | = |
| લગજં | = | રાંબાઈમી | = |
| દીસવાળી | = | તિઅથિ | = |
| દામાચાંમા | = | રમાડીવા | = |

# 2. પંખીઓની મહાસભા



**ગિજુભાઈ બધેકા**

જન્મ : ઈ.સ. 1885 મૃત્યુ : ઈ.સ. 1939

ગિજુભાઈનું પૂરું નામ ગિરજાશંકર ભગવાનજી બધેકા. તેઓનો જન્મ અમરેલી પાસેના ચિત્તલ ગામે થયો હતો. વકીલાતનો વ્યવસાય છોડી તેઓ નાનાભાઈએ સ્થાપેલી દક્ષિણામૂર્તિ વિદ્યાભવનમાં શિક્ષક તરીકે જોડાયા હતા. તેમણે ગુજરાતમાં મોન્ટેસરી બાલશિક્ષણનો પ્રારંભ કર્યો હતો. બાળ સાહિત્યના સો જેટલા પુસ્તકોનું સર્જન કરી 'બાળસાહિત્યના બ્રહ્મા'નું બિરુદ પામ્યા હતા. ખાસ તો બાળકો પ્રત્યેના અપાર પ્રેમને લીધે તેઓ બાળકોના 'મૂછાળીમાં' તરીકે જાણીતા થયા હતા.

આ એકમ 'પશુપક્ષી ગ્રંથમાળા'માંથી લેવામાં આવ્યો છે. જેમાં દરેક પંખીની વિશેષતાઓ દર્શાવવામાં આવી છે. પંખીઓ માણસ વિશે શું ધારે છે તેનો ખ્યાલ પણ આવે છે. સાદા સંવાદ અને સરળ ભાષા એ આ એકમની વિશેષતા છે.

આ એક બોધકથા છે. આપણે ત્યાં કથાસાહિત્ય પુરાણકાળથી પ્રચલિત છે. જે માનવબોધ કે મૂલ્ય-સંસ્કાર માટેનું સાહિત્ય લેખાય છે. મોટા ભાગે ધર્મગ્રંથો માનવને જીવનબોધ આપવાના ઉદેશ્યથી લખાયા છે. બોધકથા સરળ અને રસદાયક શૈલીમાં લખાયેલી હોય છે. તેમાં બોધ અસરકારક રીતે રજૂ થયો હોય છે. માનવનો વાર્તા રસ પોષવા સાથે ચોક્કસ બોધ-ઉપદેશ આપવાનો ઉદેશ્ય અહીં જણાય છે. અહીં પશુપક્ષીઓને કેન્દ્રમાં રાખી કથા નિરૂપાઈ છે.

---

પંખીઓ કહે : "માણસો તો મહાસભા ભરે જ છે; પણ ગયા માસમાં પશુઓએ પણ મહાસભા ભરી. આપણે પણ શા માટે ન ભરવી ? શું આપણે પણ અનેક પ્રશ્નો ચર્ચવાના નથી ? ચાલો, આપણે પણ એક મહાસભા ભરીને આપણી વાતોનો વિચાર કરીએ."

મહાસભાની ઉત્સાહભેર તૈયારીઓ થવા લાગી. પંચવટીનું મોટું જંગલ મહાસભાના મંડપ તરીકે પસંદ થયું. ગોદાવરીના કાંઠાનાં વનવૃક્ષોની ઘટાઓ મહેમાનોના ઉતારાઓ માટે નક્કી થઈ. ઝાડેઝાડ, જંગલેજંગલ ને વનેવન મહાસભાની પત્રિકાઓ વહેંચાઈ ગઈ. પરદેશમાં પ્રતિનિધિઓને આમંત્રણ મોકલવામાં આવ્યાં.

ચકલાં અને કાબરો સ્વયંસેવકો તરીકે તનતોડ મહેનત કરી રહ્યાં હતાં, કબૂતર ને હોલાંઓને મહેમાનોને ઉતારે મૂક્યાં હતાં; કોયલને સંગીતકાર્યમાં યોજી હતી. તૈયારી સુંદર થઈ હતી.

મહેમાનો આવી ગયાં. દેશદેશના મહેમાનો હતા. કાશ્મીરનો શ્યામો હતો; પંજાબનો સક્કર હતો; બંગાળનો બાજ હતો; ગુજરાતની ચકલી હતી; વિલાયતથી મેગલી અને રૉબીન પણ આવ્યાં હતાં. સંખ્યા સારી હતી.

કામકાજનો સમય સવારના સાતથી નવ અને સાંજના ચારથી સાતનો હતો.

સભાનો કાર્યક્રમ અગાઉથી જાહેર કરવામાં આવ્યો હતો.

સવાર પડ્યું. મહેમાનોને જગાડવા માટે કૂકડાઓને રાખ્યા હતા કૂકડેકૂક..કૂકડેકૂક... ચારેકોર થઈ રહ્યું. મહેમાનો જાગી ઊઠ્યાં.

BSEB

ઝાડ અને ટેકરાઓ પાછળથી સૂર્યનારાયણ દેખાયા. પક્ષીગણ સૂર્યદેવનાં દર્શન કરી મહાસભાના સ્થાને આવ્યો. મેદની પૂરા ઠાઠમાં જામી હતી; મંડપ ચિકાર ભર્યો હતો; શાંતિ અને વ્યવસ્થા વખાણવા જેવાં હતાં.

પ્રમુખની દરખાસ્ત મૂકતાં કાકાકૌવાએ ગંભીર વાણીથી કહ્યું :

“એકત્ર થયેલાં પક્ષીબંધુઓ અને પક્ષીભગિનીઓ ! હું પ્રમુખશ્રીની દરખાસ્ત મૂકવા ઊભો થયો છું. પ્રમુખ માટે સૌથી યોગ્ય ગરુડરાજ લાગે છે; આપમાંથી કોઈ એનાથી અજાણ નથી. હિંદની તવારીખમાં તો અતિપ્રાચીન કાળથી તેમના વડવાઓનું નામ મશહૂર છે. એકને જ વિષ્ણુ ભગવાનના વાહન થવાનું માન મળેલ છે. આપણે માટે એ અભિમાન ભરેલું છે. તેમણે ઊંચી પર્વત-ટોચથી અહીં પધારી આપણી શોભામાં જે વધારો કર્યો છે, તે માટે ખરેખર આપણે તેમનો ઉપકાર માનવો ઘટે છે.”

લાલ લોહી જેવી લટકતી ઝાલર હલાવતા ટરકીએ ઊભા થઈ કહ્યું : “ભાઈ ! કાકાકૌવાના મતને હું ટેકો આપું છું.”

‘કુ…કુ’ને ‘કો કો’ તથા ‘કુરુડ..કુરુડ’ને ‘ટાંઉ..ટાઉં’ના અવાજ સાથે દરખાસ્ત મંજૂર થઈ.

ચટકમટક ચાલે ચાલતો લીલો પોપટ ઊભો થયો. કાળી કાંઠલાવાળી ગરદન હલાવી તેણે ઉપપ્રમુખની દરખાસ્ત મૂકતાં કહ્યું :

“સભામાં પધારેલાં ભાઈઓ ને બહેનો ! મને ઉપપ્રમુખની દરખાસ્ત મૂકવાની આપે જે તક આપી છે તે માટે આપનો ઉપકાર માનું છું. બહુ થોડા શબ્દોમાં હું આપને તેઓની ઓળખાણ કરાવીશ.”

“શાહમૃગનું અસલ રહેઠાણ આફ્રિકા છે. એનું ઉમદા રૂપ જોઈ આપ ખરેખર ખુશ થયાં જ હશો. એનાં પીંછાં એટલાં તો સુંદર છે કે વિલાયતના રાજા સુધ્ધાં એને પોતાની ટોપીમાં ખોસે છે. એનાં ઈંડાં પવિત્ર ગણાય છે. મુસલમાનો તેને પીરની જગાઓમાં ટાંગે છે. એકેક ઈંડું મોટા ચીભડા જેવું થાય છે. એના લાંબા ગળામાંથી ગમે તે ચીજ ઝટ પસાર થઈ જાય છે. એક વાર તેઓ સાહેબ સીસાની ગોળી પણ ગળે ઉતારી ગયા હતા ! સાહેબ દોડવામાં ઘણા હોશિયાર ગણાય છે. ખરેખર, ઉપપ્રમુખ થવાને તેઓ બરાબર લાયક છે.”

શાહમૃગ ઉપપ્રમુખ તરીકે ચૂંટાયા, એટલે સભાનું કામકાજ આગળ ચાલ્યું.

પહેલાં તો ગીધે પહોળી પાંખો કરી નીચી મૂંડી રાખી પોતાની કોમની સેવાના બે બોલ રજૂ કર્યા :

“સાહેબો ! અમે ઘણા વખતથી માણસજાતનો ત્યાગ કર્યો છે. તેથી અમે વસ્તીથી દૂર ઊંચે તાડ અથવા ટેકરાઓ પર રહીએ છીએ. કોઈ ઢોર કે જાનવરનું મડદું કોહી જતું પડ્યાનું અમારી જાણમાં આવતાં અમે અમારી ગંભીર ફરજ અદા કરવા ઊપડીએ છીએ. એવી સડતી ચીજોનો નાશ કરવો એ અમારું કામ છે. અમારા કામમાં હરહંમેશ મદદ કરનારી બહેનો સમડીઓ તથા બંધુઓ કાગડાઓના અમે ઋણી છીએ.”

સૌએ અવાજના ગડગડાટ સાથે ગીધકોમની જંગલ ખાતેની સુધરાઈની સેવા માટે ઘણી તારીફ કરી.



BSER

પછી બગલાભાઈ ઊઠ્યા ને બોલ્યા :

''આપણી મંડળીમાં સુધરાઈ ખાતાનો ઉપરી છે, પણ દરિયાઈ ખાતાનો કોઈ ઉપરી નથી. બગલા, સારસ, જળકૂકડી, બતક વગેરેએ દરિયાઈ લશ્કરના એક મોટા બાહોશ અમલદાર તરીકે હું હંસનું નામ સૂચવુ છું. હંસ બધી રીતે લાયક છે.''

હંસે ભારે આભાર સાથે એ દરખાસ્તનો સ્વીકાર્ય કર્યો.

કોમળ કંઠે કોયલબાઈએ દરખાસ્ત મૂકી : ''ખરેખર આપણને એક બાહોશ નિશાનાબાજની જરૂર છે. હું ધારું છું કે બાજ એ એમને માટે પૂરેપૂરો લાયક છે.''

ત્યાં તો કાગડો ને સમડી પણ ઉમેદવાર તરીકે બહાર પડ્યાં.

મત લેવાયા; વધુ મતે બાજ નિશાનબાજ તરીકે ચૂંટાયો.

કબૂતરે બાજનાં વખાણ કરતાં કહ્યું : ''બાજની પસંદગી બરાબર થઈ છે. એ ખરેખર નિશાનબાજ છે; માટે જ શિકારી લોકો તેને પાળી તેની પાસે બીજાં પક્ષીઓનો શિકાર કરાવે છે. અમોને ખાતરી છે કે હવેથી તેઓ અમારા જેવા ગરીબ ભાઈઓને શિકારીઓથી બચાવશે.''

'ચીંચીં', 'ટુટુ', 'કુઉઉ કુઉઉ'ના પોકારો સાથે કબૂતરનું ભાષણ સૌએ સ્વીકાર્યું.

કાગડાના ટોળામાંથી એક મોટો કાગડો ભાષણ કરવા ઊભો થયો. તેણે કહ્યું : ''મારે જણાવવું જોઈએ કે મારી કાળાં પીંછાંવાળી કોમના પ્રતિનિધિ તરીકે ભાષણ કરવા હું ઊભો થયો છું. અમારી કોમે શહેર સુધરાઈનું કેવું સુંદર કામ કર્યું છે તેનું મોહક વર્ણન કરવા મારું મન તલપી રહ્યું છે. અમારી આખી કોમે પેલી માણસજાતની ગંદકી ને એંઠવાડ દૂર કરવા જે મહેનત ઉઠાવી છે, તેવી મહેનત દુનિયાના કોઈ સુધરાઈખાતાએ નહિ ઉઠાવી હોય. જો અમારું કામ એક જ દિવસ બંધ રાખીએ તો માનવજાત માંદી પડી મરી જાય. આખા ગામમાં ભારેમાં ભારે રોગ થાય. ચારેકોર દુઃખ દુઃખ થઈ પડે.''

''અમારી કોમના નારીમંડળ તરફથી હું એક બીજી વાત રજૂ કરું છું. પણે બેઠેલી કોયલબાનુઓ અમારી ઓરતોને સતાવે છે. તેઓ અમારા માળામાં પેસી જઈ પોતાનાં ઈંડાં અમારા ભેગાં મૂકી નાસી જાય છે, ને અમારી ભોળી કાગડીબાઈઓ એ લુચ્ચીનાં ઈંડાં સેવી હેરાન થાય છે. આ બાબતમાં કોઈ ઠરાવ થવાની જરૂર છે.'' કાગડાની દરખાસ્ત ઉપર પાછળથી વિચાર કરવાનું ઠરાવી કામ આગળ ચાલ્યું.

બગલો એક પગ ઉપર ઊભો રહી બીજો પેટમાં દાબી ઊંચી ચાંચે ગગન તરફ જોઈ પ્રભુનું સ્મરણ કરવા માટેની દરખાસ્ત લાવ્યો : ''ભાઈઓ ! જુઓ મારું રૂપ કેવું સુંદર છે ! એનું કારણ હું માત્ર પાણી ઉપર રહી એક પગે ઊભો રહી પ્રભુનું ભજન કરું છું તે છે.''

કાગડો ચિડાયો ને લડી પડ્યો : ''અરે બગલાભાઈ ! હવે રાખો; તમે તો 'બગભગત ને જગઠગત !'તું તો 'મુખમેં રામ ઓર બગલમેં છૂરી' એવું કરે છે. જા, જા. તારી તે ભક્તિ શાની ? લુચ્ચા ઠગારા !''

સભામાં હો...હો... હો થઈ રહ્યું. પ્રમુખે સીટી વગાડી શાંતિ પાથરી.

કાબરે પક્ષીની જાતમાં પ્રેમનો આદર્શ ઊંચો થાય એટલા માટે કબૂતર અને સારસની વાતો કરી. સૌ પક્ષીઓએ તેમના જેવા પ્રેમી થવું એવી દરખાસ્ત મૂકી તે બોલી :

“ખરેખર, કબૂતર જેવું નિર્દોષ પક્ષી બીજું કોઈ નથી. પવિત્ર પ્યાર માટે આ પંખી જગમશહૂર છે. સારસ પક્ષીઓનો પ્રેમ તો કબૂતરથીય ચડે. સારસ-સારસી જરા પણ છૂટાં રહી શકતાં નથી; બધો વખત સાથે જ રહે છે — એવો એમનો પ્રેમ છે. કોઈ પારધી એકને મારી નાખે તો બીજું ઝૂરી ઝૂરીને મરી જાય છે. એવો પ્રેમ તો અક્કલવાળા માણસોમાં પણ જોવા મળતો નથી. હું આવા પ્રેમની પક્ષીઓના જીવનમાં હિમાયત કરું છું.

બધા પક્ષીઓએ કાબરબાઈને હર્ષથી વધાવી લીધાં.

ત્યાર પછી તેતર, હોલાં, કબૂતર વગેરેની ફરિયાદો નોંધાઈ; માણસજાત ઈંડાં ખાઈ જાય છે તે માટે શરમના ઠરાવો પણ કર્યા.

વનવાગોળી થોડા વખત પહેલાં પશુઓની સભામાં ગઈ હતી. તેથી તેને સજા ફરમાવી કે તેણે હંમેશાં ઊંધે માથે લટકવું, ને દિવસે કોઈ પક્ષીને મોં બતાવવું નહિ.

છેવટના ઠરાવમાં ઘુવડને ચોકીદાર નીમી સભા બરખાસ્ત થઈ.

પછી રમતગમતનો કાર્યક્રમ હતો. ડૂબકી મારવાની રમતમાં બતક પહેલું આવ્યું; નિશાન મારવામાં બાજ, ચતુરાઈમાં કાગડો, દોડવામાં શાહમૃગ અને કૂદવામાં રૉબીન સૌથી આગળ આવ્યાં. છટાદાર ભાષણો માટે પોપટ, કાકાકૌવા અને કુસુકુ ખૂબ વખણાયાં. સૌને સૌની યોગ્યતા પ્રમાણે ઈનામો મળ્યાં.

પછી ગાનતાનનો જલસો ચાલ્યો. મધુર કંઠે કોયલબાઈએ ગાન ગાયાં; કળા કરીને મોરભાઈ નાચ્યા; બુલબુલે પણ નવી નવી ચીજો સંભળાવી; મેનાએ પણ સૌ મહેમાનોનાં મન રંજન કર્યાં.

સૌ ખુશ થયાં.

મહાસભાનું કામ પૂરું થયું.

(પશુપક્ષી ગ્રંથમાળામાંથી)

## ટિપ્પણ

**મહાસભા** - મોટી સભા **પંચવટી** - પાંચ વડનો સમૂહ **ઘટા** - વૃક્ષના પાંદડાંનો ઘેરાવો **ઉતારો** - રોકાવાનું સ્થળ **પત્રિકાઓ** - ખબર પત્રિકા **પ્રતિનિધિ** - ને બદલે - ના તરફથી કામ કરવા નિયુક્ત થયેલો માણસ **સ્વયંસેવક** - પોતાની જાતે સેવા કરવા તૈયાર થયેલો માણસ **તનતોડ** - શરીર તોડી નાખે તેવું વધારે **પક્ષીગણ** - પક્ષીઓનો સમૂહ **મેદની** - ભીડ, ટોળું, જમાત **દરખાસ્ત** - મંજૂરી માટે રજૂ થયેલો પ્રસ્તાવ **ગાજી ઊઠવું** - અચાનક મોટા અવાજથી ઘેરાઈ જવું, ધમધમી ઉઠવું **ઠાઠ** - ભપકો, શોભા **ચિકાર** - ભરપૂર **તવારીખ** - ઐતિહાસિક તારીખ (સમય) **વડવાઓ** - પૂર્વજો **મશહૂર** - જાણીતું, પ્રખ્યાત **ઝાલર** - લાકડાની મોગરીથી વગાડવાનું એક સાધન **ટરકી** - કૂકડો, મરઘો **ટેકો આપવો** - અનુમોદન આપવું, સમર્થન આપવું **કાંઠલાવાળી** - ગોળ કાળા આંકાવાળી **તક** - અવસર, પ્રસંગ **ઉમદા** - નમૂનેદાર, ઉત્તમ **કોમ** - સમાજ, જાતિ **મુડદું** - શબ,લાશ, મૃતદેહ **સુધરાઈ** - નગરની સફાઈ વગેરે કરનાર સાશનવ્યવસ્થા કે સમિતિ **ઋણી** - દેવાદાર, આભારી **બાહોશ** - કાબેલ, હોશિયાર **તારીફ** - પ્રશંસા, **નિશાનબાજ** - નિશાન (લક્ષ્ય) તાકનાર **જગઠગત** - દુનિયા સાથે છેતરપીંડી કરનાર **મુખમેં રામ ઓર બગલમેં છૂરી** - મોઢે રામ...રામ બોલવાનું અને બગલમાં

છરી સંતાડી રાખવાની; એટલે કે મોં ઉપર મીઠાશ રાખવાની અને મનમાં કપટ રાખવાનું **હિમાયત** - સમર્થન, તરફદારી, તરફેણ **બરખાસ્ત** - વિસર્જન **જગમશહૂર** -વિશ્વ વિખ્યાત **પારધી** - શિકારી **વનવાગોળી** - એ નામનું એક પક્ષી, જે ઝાડ પર ઊંધે માથે લટકીને રહે છે **કુસુકુ** - આફ્રિકા દેશનો પોપટ **જલસો** - આનંદ યા ઉત્સવનો મેળાવડો, સંગીતનો મેળાવડો **મન રંજન કર્યા** - મન પ્રસન્ન કર્યાં, મન ખુશ કર્યાં.

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ લખો.**

1. મહાસભા માટે કયું સ્થળ પસંદ થયું ?
2. મહાસભામાં દેશ વિદેશના કયા મહેમાનો પધારેલા હતા ?
3. ગીધની શા માટે તારીફ કરવામાં આવી ?
4. કયા દેશમાં શાહમૃગનું અસલ રહેઠાણ છે ?
5. કોયલબાઈએ કઈ દરખાસ્ત મૂકી ?
6. પક્ષીઓને માણસજાત સામે શી ફરિયાદ હતી ?
7. સભાની પૂર્ણાહુતિમાં શું થયું ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો**

1. બાજના વખાણ કરતા કબૂતરે શું કહ્યું ?
2. પોપટે શાહમૃગ વિશે શું કહ્યું ?
3. એક દિવસ માટે કાગડાઓ પોતાનું કામ બંધ કરી દે તો શું થાય ?
4. કાગડાએ કોયલબાઈ વિશે શી ફરિયાદ કરી ?
5. વનવાગોળીને શા માટે સજા ફરમાવવામાં આવી ?

**પ્રશ્ન 3 મુદ્દાસર જવાબ આપો.**

1. મહાસભાની તૈયારીઓ વિશે નોંધ લખો.
2. ગીધે પોતાની કોમ વિશે શું કહ્યું ?
3. કાગડા અને બગલા વચ્ચે કઈ બાબતે લડાઈ થઈ ?

**પ્રશ્ન 4. કારણો આપો.**

1. પક્ષીઓએ મહાસભા ભરી.
2. ઉપપ્રમુખ બનવા શાહમૃગ યોગ્ય છે એમ પોપટે કહ્યું.
3. ગીધે સમડીઓ અને કાગડાઓના ઋણી છીએ એમ કહ્યુ.

**પ્રશ્ન 5. ખાલી જગ્યા પૂરો**

1. પ્રમુખશ્રીની દરખાસ્ત મુકનાર = .......
2. ઉપપ્રમુખની દરખાસ્ત મુકનાર = .......
3. દરિયાઈખાતાનો ઉપરી અમલદાર = .....
4. કાળા પીંછાવાળી કોમનો પ્રતિનિધિ = ....

BSER

5. નારી મંડળના પ્રતિનિધિ = .......
6. રાતનો ચોકીદાર ...........

**પ્રશ્ન 6. શબ્દ સમૂહ માટે એક શબ્દ લખો.**

1. જગમાં પ્રસિદ્ધ હોય તે
2. નિશાન તાકવામાં હોશિયાર હોય તે
3. સ્વેચ્છાએ સેવા કરનાર
4. આવવા માટેનું કહેણ

**પ્રશ્ન 7. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો.**

પ્રશ્ન, મહેનતુ, સુંદર, સવાર, નિર્મલ, શાંતિ, યોગ્ય, પ્રાચીન, ઉપકાર, વખાણ, ગરીબ

**પ્રશ્ન 8. નીચેના શબ્દોની સાચી જોડણી લખો.**

કાસ્મિર, નીર્મળ, શાંન્તી, સાહમૃગ, પ્રતીનિધ

## પ્રવૃત્તિ

1. મહાસભાનું આયોજન કરી તમારી શાળાના પ્રશ્નોની ચર્ચા કરો.
2. પક્ષીઘર - પ્રાણીઘરની મુલાકાત ગોઠવો.
3. શાળાની પ્રાર્થના સભામાં આ વાર્તાને નાટક સ્વરૂપે ભજવો.
4. વિવિધ પક્ષીઓના ચિત્રો તથા માહિતીનું આલ્બમ બનાવો.

## ભાષાસજ્જતા

ગામ, શાળા કે શહેરમાં સભા ભરાતી જોઈ હશે. તેમાં લોકો કેવું બોલે છે ? કોને સંબોધીને બોલે છે તે ધ્યાનથી સંભાળવું. પછીથી આવી સભા સ્કૂલમાં પણ ભરાવી જોઈએ. તેમાં ભાગ લેવો જોઈએ. મનોરંજન માટેની સભા હોય તો તેમાં કોઈ ટુચકા, વાર્તા, ઉખાણા, ગીત વગેરે રજૂ કરવા જોઈએ. જેથી જાહેરમાં યોગ્ય રીતે બોલવાની ટેવ પડે. ઘણાં લોકો આમ જાહેરમાં, સભામાં બોલી શકતા નથી પરંતુ આવી રીતે એ કથન કૌશલ્ય વિકસે છે. જેમાં સંબોધન, સભાનો હેતુ અને સમાપન અગત્યના ભાગ હોય છે.

★★★

જેને સારું લખતાં-વાંચતાં આવડે તેને જીવનમાં અનેક લાભ થાય. કયા લાભ થાય તે તમે કહી શકશો ? સૌ પ્રથમ તો તમે કહેશો કે અમને વાર્તા વાંચતાં આવડે; બરાબર છે. સાવ નાના હોઈએ ત્યારે બા-બાપુજી કે દાદાજી વાર્તા કહે અને આપણે સંભાળીએ છીએ. વાર્તા સાંભળવાની મઝા તો આવે જ પણ કોઈને વાર્તા કહેવાનો સમય ન મળે ત્યારે જાતે જ વાર્તા વાંચી શકીએ.

વાંચતાં આવડે એનો બીજો ફાયદો એ કે આપણે છાપું ને જાતજાતની, મનગમતી ચોપડીઓ વાંચી શકીએ. આ રીતે લખતાં આવડવાથી પણ ફાયદા થાય છે. પહેલું તો લખવાથી પરીક્ષામાં સારા માર્ક્સ મળે... આ વાત સાચી પણ તમારી પરીક્ષા શું કરવા લેવાય છે ? તમને લખતાં બરાબર આવડ્યું છે કે નહીં તે જાણવા જ પરીક્ષા લેવાય છે. પરીક્ષામાં સારા માર્ક્સ આવે એટલું જ નહીં તે સિવાયનાં ઘણાં ફાયદા છે. તમારા મિત્ર, બા-બાપુજી કે શિક્ષકની મદદથી જાણો અને લખો.

# 3. પગલાં

**સુન્દરમ્**

**જન્મ : ઈ.સ. 1908 મૃત્યુ : ઈ. સ. 1991**



સુન્દરમ્‌નું મૂળ નામ ત્રિભોવનદાસ પુરુષોત્તમદાસ લુહાર છે. તેઓનો જન્મ ભરૂચ જિલ્લાના મિયાંમાતર ગામે થયો હતો. તેમણે કવિતા ઉપરાંત વાર્તાઓ, નાટકો, પ્રવાસવર્ણન, ચરિત્રો વગેરે લખ્યાં છે 'રંગરંગ વાદળિયાં' તેમનો બાળ-કાવ્યસંગ્રહ છે. કાવ્યમંગલા, વસુધા, યાત્રા તથા પિયાસી જેવા પુસ્તકો છે. તેમને કેન્દ્રીય સાહિત્ય અકાદમીનો પુરસ્કાર પ્રાપ્ત થયો છે. શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરીમાં તેઓ સેવારત રહ્યા હતા.

આ ગીતમાં નાનકડો બાળક પ્રકૃતિના વિવિધ સ્વરૂપો, જેમ કે સૂરજદેવ, પવનદેવ, સમદરદેવને પોતાની બનાવેલી ઓટલી પર પગલું પાડવા વીનવે છે. વળી સોનેરી પગલાં તેમાં નવલખ તારાની ભાત, સંધ્યાના રંગ, પરીઓના દેશની વાતો, ફૂલડાંની ફોરમ, મોતીના પગલાં, માણેકના દીવા વગેરે પ્રકૃતિનાં નવાં નવાં સ્વરૂપોને ભાવપૂર્વક માણે છે. બાળુડાની ઓટલી જળવાઈ રહે તેમ ધીરેથી, જાળવીને પગલાં પાડવાની પણ વિનંતી કરે છે.

આ પ્રકૃતિ ગીત છે. વિશ્વભરના સાહિત્યમાં સૌથી લાંબી પરંપરા સાથે જીવંત રીતે વિકસતું રહેલું કોઈ સ્વરૂપ હોય તો તે ગીત છે. ગીતથી જ કવિતાનો અને સાહિત્યમાત્રનો આરંભ થયો છે એમ મનાય છે. શબ્દોની સરળતા અને લયમધુરતા એ ગીતનું અગત્યનું લક્ષણ છે. ગીત સાહિત્ય અને સંગીતની સરહદ પરનો નિરાળો કલાપ્રકાર છે.

---

દરિયાને તીરે એક રેતીની ઓટલી
ઊંચી અટૂલી અમે બાંધી જી રે;
પગલું તે એક એક પાડે મહેમાન એમ
રામજીની આણ અમે દીધી જી રે.

પહેલા મહેમાન તમે આવો, સૂરજદેવ,
પગલું સોનાનું એક પાડજો જી રે;
પગલાંમાં નવલખ તારાની ભાત ને
સંધ્યાના રંગ બે'ક માંડજો જી રે.

બીજા મહેમાન તમે આવો, પવનદેવ,
પગલું આકાશી એક પાડજો જી રે;
પગલાંમાં વાત લખો પરીઓના દેશની,
ફૂલડાંની ફોરમ પૂરજો જી રે.

ત્રીજા મહેમાન તમે આવો, સમદરદેવ,
પગલું મોતીનું એક પાડજો જી રે;

પગલાંમાં મહેલ ચણી સાતે પાતાળના,
માણેકના દીવા પ્રગટાવજો જી રે.

ધીરે મહેમાન જરા ધીરેથી આવજો,
પગલાં તે પાડજો જાળવી જી રે;
જો જો વિલાય ના એ પગલાંની પાંદડી,
બાળુડે ઓટલી બનાવી જી રે.

('કાવ્યમંગલા' પુસ્તક : 1933માંથી)

## ટિપ્પણ

**તીર** - કિનારો, તટ, કાંઠો **અટૂલી** - એકલી, બધાથી છૂટ્ટી **આણ** - સોગંધ, કસમ **નવલખ** - નવ લાખ **ભાત** - છાપ, આકૃતિ પાડવી **સંધ્યા** - સાંજ, દિવસ અને રાત્રિ વચ્ચેનો સમય, રાત્રિ શરૂ થતાં પહેલાનો સમય, **બે'ક** - બે અથવા તો એક **માંડજો** - મૂકવું, શરૂ કરવું **આકાશી** - આકાશનું કે તેને લગતું (અહીં આકાશ જેવું) **ફોરમ** - સુવાસ, સુગંધ **સમદર** - દરિયો, સાગર **માણેક** - રાતો મણિ **વિલાવવું** - કરમાવવું, નાશ પામવું.

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ લખો.**

1. બાળકોએ રેતીની ઓટલી ક્યાં બનાવી છે ?
2. રેતીની ઓટલી પર પગલું પાડવા માટે મહેમાનોને કોની આણ અપાઈ છે ?
3. ક્યાં ક્યાં મહેમાનોને પગલું પાડવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે ?
4. 'પગલાં' કાવ્ય કવિના ક્યા સંગ્રહમાંથી લેવામાં આવ્યું છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. સૂર્યદેવને વિનંતી કરતા બાળકો શું કહે છે ?
2. પવનદેવને કેવી રીતે પગલું પાડવાનું કહેવાયું છે ?
3. સમદરદેવને કેવી રીતે પગલું પાડવાનું કહેવાયું છે ?

**પ્રશ્ન 3. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દ આપો.**

1. સંધ્યા 3. દેશ
2. આકાશ 4. દેવ

**પ્રશ્ન 4. નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્ય લખો.**

1. પાડજો 3. પૂરજો
2. માંડજો 4. પ્રગટાવજો

**પ્રશ્ન 5. નીચેના શબ્દોને ઉલટાવીને લખતા તેના અર્થમાં થતો ફેરફાર લખો.**

1. તીરે = 5. ખોલ =
2. લખો = 6. વાદી =
3. દીવા = 7. રાજ =
4. જરા =

**પ્રશ્ન 6. યોગ્ય જોડી ગોઠવો.**

| | |
|---|---|
| 1. સૂરજદેવ | 1. સોનાનું પગલું પાડજો |
| 2. પવનદેવ | 2. મોતીનું પગલું પાડજો |
| 3. સમદરદેવ | 3. મેઘધનુષના રંગો પૂરજો |
| | 4. ફૂલડાંની ફોરમ પૂરજો |
| | 5. નદીઓનાં નીર સમાવજો |

**પ્રશ્ન 7. નીચેના શબ્દોની સાચી જોડણી લખો.**

1. ઊંચી 3. ફુલડાં
2. સુરજદેવ 4. દરીયો

## પ્રવૃત્તિ

'સૂર્યોદય' અને 'સૂર્યાસ્ત' સમયના વાતાવરણનું અવલોકન કરી, તેનું વર્ણન કરતો નિબંધ લખો.

## ભાષાસજ્જતા

આપણે ઘરમાં એક પ્રકારની ભાષા અથવા બોલી બોલીએ છીએ અને સ્કૂલમાં બીજા પ્રકારની ભાષા બોલીએ છીએ એવું તમારા ધ્યાનમાં આવ્યું હશે. પછી ઘરમાં બોલતા હોઈએ તે રીતે આદત પડી જાય છે. ગુજરાતની ભાષામાં પણ આવી આદત ન પડે તે માટે અત્યારથી જ કાળજી લઈએ-

ગુજરાતીમાં 'સ' અને 'શ'ના ઉચ્ચારણમાં ભૂલ પડતી હોય છે; 'સ' કેવી રીતે બોલાય ? જીભનું ટેરવું દાંત અને પેઢાં જોડાય ત્યાં અડાડીને બોલાય. ધીમેથી બોલી જુઓ; સાડી, સાત, સીતા વગેરે... 'શ' કેવી રીતે બોલાય ? જીભનો વચ્ચેનો ભાગ ઉપર તાળવાને અડાડીને બોલાય. ધીમેથી બોલી જુઓ : શરત, શાળા, શીતળા, શુર વગેરે...

બંનેનું સાચું ઉચ્ચારણ જાણીએ અને જરૂર પડે તો શિક્ષકની મદદ લઈએ.

★★★

આપણે કોઈ સાથે વાતચીત કરતાં હોઈએ ત્યારે જેમ બોલીએ તેમ લખતાં નથી. વાતચીત વખતે શબ્દો થોડા આડાઅવળા થાય તો ચાલે. સાંભળનારને સમજવામાં તકલીફ પડતી નથી. 'અમે આરામ કરીએ છીએ' એવું બોલવાના બદલે 'આરામ અમે કરીએ છીએ' એવું બોલી જવાય તો ચિંતા નહીં. પરંતુ લખતી વખતે ન ચાલે. વાક્યમાં જે શબ્દો સામાન્ય રીતે જ્યાં આવતો હોય ત્યાં જ રાખવા પડે. ખાસ કોઈ કારણ હોય તો જ શબ્દનું સ્થાન બદલવામાં આવે છે. વાક્યની રચના પ્રમાણે જ શબ્દો લખવામાં આવે તો જ તેનો ચોક્કસ અર્થ નીકળે. વાક્ય રચનામાં કર્તા, કર્મ અને ક્રિયાપદ વિશેની માહિતી શિક્ષક પાસેથી મેળવશો.

BSER

# 4. લાછી છીપણ

આ વાર્તાના કર્તા અજ્ઞાત છે પણ વરસોથી આમ પાઠ્યપુસ્તકમાં લેવાતી-ભણાવાતી એક નીવડેલી વાર્તા, દંતકથા છે. અહીં કથામાં ઉદા નામના મારવાડી વેપારીની પ્રામાણિકતા સચોટ રીતે રજૂ કરવામાં આવી છે. ઉદો ગુજરાતના કર્ણાવતી નગરમાં આવે છે. લાછી નામની સ્ત્રીનો સહયોગ મળે. જાત મહેનત અને હોશિયારીના લીધે સારું કમાય, મકાનના પાયામાંથી સોનાના ચરુ નીકળે, એ જમીન લાછીની હોય છે તેથી તેને આપવા તૈયાર થાય છે. આમ ઉદાની પ્રામાણિકતા, લાછીનો અતિથિભાવ તથા ઉદારતા એ આ વાર્તાનો પ્રાણ છે.

આ દંતકથા પ્રકારનો સાહિત્ય પ્રકાર છે. જે એકબીજાના સાંભળવાથી પ્રચલિત થતી હોય તેવી વાર્તા-કથાને દંતકથા કહેવામાં આવે છે. મુખ પરંપરાથી ચાલી આવતી વાર્તા, દંતકથાના કોઈ ચોક્કસ કર્તા, રચયિતા હોતા નથી. કોઈ પાસેથી સાંભળી, સંભાળવી કથા પ્રસારણ પામતી હોય છે. તેમાં સ્થળ, કાળ અને વ્યક્તિ પ્રમાણે વધઘટ કે વિગતમાં ફેરફાર (પાઠાંતર) થતો હોય છે. સાહિત્યમાં દંતકથાનું વિશેષ મહત્ત્વ રહ્યું છે.

---

મારવાડમાં વાદાર નામનું એક ગામ હતું. એ ગામમાં ઉદો નામનો એક વેપારી રહેતો હતો. એ ઘીનો વેપાર કરતો હતો. ધંધામાં એ ન જોતો રાત કે ન જોતો દિવસ. ખૂબ મહેનત કરતો. ઘણી વાર તો રાત્રે પણ ઘી ખરીદવા નીકળતો.

એ આટલી મહેનત કરતો હતો છતાં બહુ પૈસા કમાઈ શકતો ન હતો. એક દિવસ એણે ગુજરાતમાં જઈને વેપાર કરવાનો મનસૂબો કર્યો. આ માટે એણે કર્ણાવતી નગરમાં જવાનું વિચાર્યું.

નક્કી કર્યા પ્રમાણે એ કુટુંબ સાથે કર્ણાવતી નગરે પહોંચ્યો. કુટુંબમાં પત્ની અને બે પુત્રો હતાં. ઉદો કર્ણાવતી આવ્યો ખરો, પણ અહીંનો તો એ સાવ અજાણ્યો હતો. અહીં એનાં સગાંવહાલાં કે ઓળખાણવાળાંમાં કોઈ ન હતું.

સૌ પ્રથમ એણે દેવદર્શન કરવાનું વિચાર્યું. ઉદો જૈન હતો એટલે એ એક જૈન દેરાસરમાં દર્શન કરવા ગયો. દર્શન કર્યા પછી દેરાસર સામેની ખુલ્લી જગ્યામાં કુટુંબ સાથે બેઠો.

હવે ક્યાં જવું ? ક્યાં ઉતારો કરવો ? ધંધા માટે શું કરવું ? આવા આવા વિચારોમાં એ ડૂબેલો હતો ત્યાં એની નજર દેરાસરના દરવાજા ઉપર અટકી ગઈ. આધેડ ઉંમરની એક સ્ત્રી મંદિરમાંથી બહાર આવતી હતી. એના મુખ ઉપર પ્રસન્નતા અને સંતોષ જણાતાં હતાં. ઉદાને થયું, કેવી સુખી બાઈ છે ! નહિ કશી ચિંતા કે નહિ કશું દુઃખ.

આ સ્ત્રીનું નામ લાછી હતું. એ છીપા જાતિની હતી. લાછીની નજર ઉદા ઉપર પડી. ઉદા ઉપર મુસાફરીના થાકની અસર ચોખ્ખી જણાતી હતી. એનાં કપડાં મેલાં થઈ ગયાં હતાં, વળી એ કશીક ચિંતામાં હોય એવું લાછીને લાગ્યું. લાછીને થયું, આ કોઈ પરદેશી માણસ જણાય છે.

લાછી સ્વભાવે ઘણી ઉદાર હતી. એ અતિથિને દેવ સમાન ગણતી હતી. એ ઉદાને પોતાના ઘેર લઈ ગઈ. એના પતિએ પણ ઉદા અને તેના કુટુંબને ભાવભર્યો આવકાર આપ્યો. લાછીએ એ સૌને માટે જમવાની વ્યવસ્થા કરી. ભોજન પૂરું થયા પછી એણે ઉદાને રહેવા માટે એક જુદા મકાનની ગોઠવણ કરી આપી. વળી, ઉદો પોતાનું ઘર બનાવી શકે એ માટે થોડી જમીન પણ આપી.

ઉદો ધંધો કરવા માંડ્યો. મહેનત અને હોશિયારીને લીધે થોડા વખતમાં એ ઘણું ધન કમાયો. નાણાંની થોડી બચત થઈ એટલે એણે મકાન બાંધવાનું નક્કી કર્યું અને લાછીએ એને આપેલી જમીનમાં પાયાનું ખોદકામ કરાવવા માંડ્યું. ખોદકામ કરતાં જમીનમાંથી ધન નીકળ્યું. નાણાં અને ઘરેણાંથી ભરેલો ચરુ !

ઉદો તો એ ચરુ લઈને ઝટઝટ લાછી પાસે આવ્યો. એણે કહ્યું : ‘‘લાછીબહેન, તમારું ધન તમને સોંપવા આવ્યો છું.’’

લાછીને નવાઈ લાગી. એ બોલી : ‘‘ભાઈ, તમે કયા ધનની વાત કરો છો ?’’

ઉદો બોલ્યો : ‘‘મકાનનો પાયો ખોદતાં આ ધન મળ્યું છે, જમીન તમારી હતી એટલે એમાંથી નીકળેલું ધન તમારું જ કહેવાય.’’

‘‘ના ભાઈ, એ ધન મારું ન કહેવાય. અમે જમીન તમને આપી દીધી, એટલે એમાંથી નીકળેલું ધન તમારું કહેવાય.’’

પણ ઉદો એમ કંઈ માને એવો ન હતો. એણે પોતાની વાત પકડી રાખી.

લાછી પણ એકની બે ન થઈ. એણે તો ધનને હાથ અડાડવાની જ ના પાડી દીધી.

છેવટે ઉદાએ એ ધનનો ઉપયોગ ધાર્મિક માર્ગે કરવાનો નિર્ણય કર્યો અને એણે એક વિશાળ મંદિર બંધાવ્યું.

આ સમયમાં મહારાજા કર્ણદેવ ગુજરાતના રાજા હતા. એણે ઉદાની પ્રામાણિકતા વિશે સાંભળ્યું અને એને બોલાવીને રાજ્યમાં નોકરીએ રાખ્યો.

આ ઉદો જતે દિવસે રાજ્યનો મંત્રી બન્યો અને ઇતિહાસમાં ઉદયન મંત્રી તરીકે જાણીતો થયો. એણે બંધાવેલું મંદિર ‘ઉદયન વિહાર’ નામથી પ્રસિદ્ધ થયું.

## ટિપ્પણ

**ન જોતો રાત કે ન જોતો દિવસ** - રાતદિવસનો ભેદ રાખતો નહિ, રાતદિવસ કામ કરતો **મનસૂબો** - વિચાર કરવો, ઈરાદો ઈચ્છા **આધેડ ઉંમર** - જુવાની વટાવ્યા પછીની ઉંમર, પ્રૌઢ વય, **પરદેશી** - બીજા દેશનો (અહીં) બીજા રાજ્યનો **ઉદાર** - બીજાને કશુંક આપવાની ઈચ્છાવાળુ, ખુલ્લા મનવાળું, **અતિથિ** - મહેમાન **ગોઠવણ** - વ્યવસ્થા (અહીં) સગવડ, સુવિધા **ચરુ** - મોટા ઘડામાં રૂપિયા, પૈસા, સોનું, ચાંદી, ઝવેરાત ભરી જમીનમાં દાટ્યો હોય તે ઘડો **એકની બે ન થવું** - પોતાની વાતમાં મક્કમ રહેવું. પોતાની વાત પકડી રાખવી - **વિશાળ** - ઘણું મોટું **પ્રસિદ્ધ** - જાણીતું, **હાથ અડાડવો** - સ્વીકારવું, મંજૂર રાખવું **નિર્ણય** - નક્કી કરવું, નિશ્ચય

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક - બે વાક્યમાં જવાબ આપો.**

1. ઉદો ક્યાંનો વતની હતો ? તે શાનો વેપાર કરતો હતો ?
2. ઉદાએ વેપાર કરવા ક્યાં જવાનું વિચાર્યું ?
3. ઉદાનાં કુટુંબમાં કોણ કોણ હતું ?
4. લાછીનો સ્વભાવ કેવો હતો ? તે અતિથિને કેવા ગણતી હતી ?
5. ઉદાએ ધનનો ઉપયોગ શામાં કરવાનો નિર્ણય કર્યો ?
6. મકાન માટે ખોદકામ કરતાં ઉદાને શું મળ્યું ?

7. કર્ણાવતી જઈને સૌપ્રથમ ઉદાએ શું કર્યું ?
8. ઉદાએ બંધાવેલું મંદિર કયા નામથી પ્રસિદ્ધ છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. દેવદર્શને ગયેલો ઉદો કયા વિચારોમાં ડુબેલો હતો ?
2. લાછીએ ઉદાને શી મદદ કરી ?
3. ઉદાને જોઈને લાછીને શું લાગ્યું ?

**પ્રશ્ન 3. નીચેના પાત્રો વિશે પાંચ-સાત વાક્ય લખો.**

1. ઉદો 2. લાછી 3. કર્ણદેવ

**પ્રશ્ન 4. કારણો આપો.**

1. ઉદાએ ગુજરાતમાં જઈને વેપાર કરવાનો મનસૂબો કર્યો.
2. ઉદાની નજર દેરાસરના દરવાજા ઉપર અટકી ગઈ.
3. ઉદાને જોઈ લાછીને થયું આ કોઈ પરદેશી માણસ જણાય છે.
4. ઉદાએ મકાન બાંધવાનું નક્કી કર્યું.
5. લાછીએ ધન આપવા આવેલા ઉદાને ધન લેવાની ના પાડી.
6. મહારાજા કર્ણદેવે ઉદાને નોકરીએ રાખ્યો.

**પ્રશ્ન 5. યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**

(થી, માંથી, ને, ની, નો, નું, માં)

1. મારવાડમાં વાદાર નામે .. એક ગામ હતું.
2. ઉદો ઘી ... વેપાર કરતો હતો.
3. લાછી મંદિર .. બહાર આવી.
4. ખોદકામ કરતાં જમીન ..... ધન નીકળ્યું.
5. ઉદાને કર્ણદેવે પોતાના રાજ્ય ... નોકરીએ રાખ્યો.

**પ્રશ્ન 6. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

1. ખરીદી 3. ધાર્મિક
2. ચોખ્ખું 4. પ્રામાણિક

**પ્રશ્ન 7. શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.**

1. બીજાનો દેશ 3. જેના આવવાની તિથિ નક્કી નથી તે
2. જાણીતો નથી તેવો 4. ખૂબ મોટી ઉંમરનું

**પ્રશ્ન 8. (અ) વિભાગની વિગતને (બ) વિભાગની વિગત સાથે યોગ્ય રીતે જોડો.**

| (અ) | (બ) |
|---|---|
| ઉદો | મારવાડનું એક ગામ |
| લાછી | ગુજરાતનો રાજા |
| કર્ણદેવ | ઉદાએ બંધાવેલ મંદિર |
| વાદાર | મારવાડી વેપારી |
| ઉદયન વિહાર | કર્ણાવતી નગરની સ્ત્રી |



BSER

**પ્રશ્ન 9. રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્યપ્રયોગ કરો.**

1. રાત દિવસ ન જોવા.
2. એક ના બે ન થવું.

**પ્રશ્ન 10. નીચેના શબ્દોની સાચી જોડણી લખો.**

કરણાવતી, કૂટૂંબ, ચીન્તા, વ્યવસ્તા, નીરણય, ધાર્મીક, પ્રમાણીકતા, પ્રસીધ્ધ

## પ્રવૃત્તિ

1. કાળા પાટિયા પર પ્રમાણિકતાનો બોધ મળતો હોય તેવા સુવિચારો લખો.
2. આ વાર્તા તમારા ભાઈબહેનને સંભળાવો.
3. જેમાંથી પ્રામાણિક બનવાની પ્રેરણા મળતી હોય તેવો કોઈ પ્રસંગ વર્ગખંડમાં કહો.

## ભાષાસજ્જતા

### સંજ્ઞા

**નીચેના શબ્દો કોને ઓળખવા માટે વપરાયા છે તે વિચારીને લખો.**

| | | |
|---|---|---|
| 1. | સિંહ, હાથી, વાઘ | **(પ્રાણી)** |
| 2. | મોર, કોયલ, હંસ | **(પક્ષી)** |
| 3. | ગાંધીજી, સરદાર, નરસિંહ | **(વ્યક્તિ)** |
| 4. | ગુસ્સો, પ્રેમ, આનંદ | **(લાગણી)** |
| 5. | સભા, મેળો, ઢગલો | **(સમૂહ)** |
| 6. | વૃક્ષ, માણસ, પશુ | **(જાતિ)** |
| 7. | ઘી, તેલ, પાણી | **(દ્રવ્ય)** |

આમ આપણે કોઈપણ વ્યક્તિ, પ્રાણી, પક્ષી, લાગણી, સમૂહ, જાતિ વગેરેને ઓળખવા માટે ચોક્કસ નામનો ઉપયોગ કરીએ છીએ. આ ‘નામ’ ને ‘સંજ્ઞા’ પણ કહેવામાં આવે છે.

આમ, કોઈપણ વ્યક્તિ, વસ્તુ, પદાર્થ કે પ્રવાહીને ઓળખવા માટે જે પદ વપરાય તેને સંજ્ઞા (નામ) કહેવાય છે.

સંજ્ઞાના પાંચ પ્રકાર છે.

**સંજ્ઞાના પ્રકાર**

| વ્યક્તિવાચક સંજ્ઞા | જાતિવાચક સંજ્ઞા | સમૂહવાચક સંજ્ઞા | દ્રવ્યવાચક સંજ્ઞા | ભાવવાચક સંજ્ઞા |
|---|---|---|---|---|

**1. વ્યકિતવાચક સંજ્ઞા**

જે સંજ્ઞા ચોક્કસ વ્યક્તિ, વસ્તુ, પ્રાણી, પદાર્થ કે સ્થળની ઓળખ આપે છે તેને વ્યક્તિવાચક સંજ્ઞા કહેવાય.

BSER

**ઉદાહરણ :** ચિત્તોડ, ઉદો, કર્ણાવતી, ચેતક, યમુના

1. **મારવાડ**માં **વાદાર** નામનું એક ગામ હતું.
2. **લાછી**ની નજર **ઉદા** ઉપર પડી.
3. **ઉદો કર્ણાવતી** આવ્યો.

**2. જાતિવાચક સંજ્ઞા**

જે સંજ્ઞા વ્યક્તિ, વસ્તુ, પ્રાણી કે પદાર્થની ચોક્કસ જાતિની ઓળખ આપે છે તેને જાતિવાચક સંજ્ઞા કહેવાય.

1. આ માટે એણે કર્ણાવતી **નગર**માં જવાનું વિચાર્યું.
2. આધેડ ઉંમરની એક **સ્ત્રી** મંદિરમાંથી બહાર આવી હતી.
3. આ કોઈ પરદેશી **માણસ** જણાય છે.

**3. સમૂહવાચક સંજ્ઞા**

કોઈ ચોક્કસ સમૂહની ઓળખ આપતી સંજ્ઞાને સમૂહવાચક સંજ્ઞા કહેવાય.

**ઉદાહરણ :** મંડળ, ટોળું, લશ્કર, ઢગલો, સભા, ધણ

1. પક્ષીઓએ પ્રશ્નોની ચર્ચા માટે **સભા** ભરી.
2. **ટોળું** આવ્યું અને તેને ખેંચી ગયું.
3. રાજાનો આદેશ થયો એટલે **લશ્કર** ઉપડ્યું.

**4. દ્રવ્યવાચક સંજ્ઞા**

ચોક્કસ પદાર્થ, પ્રવાહી કે ધાતુની ઓળખ આપતી સંજ્ઞાને દ્રવ્યવાચક સંજ્ઞા કહેવાય.(જેને માપી, તોલી શકાય તે)

**ઉદાહરણ :** તલ, બાજરી, ઘી, સોનું, પાણી.

1. તે રાત્રે પણ **ઘી** ખરીદવા નીકળતો.
2. ખોદકામ કરતા જમીનમાંથી **સોનુ** નીકળ્યું.
3. તડકામાં તેને **પાણી** પીવાની ઈચ્છા થઈ.

**5. ભાવવાચક સંજ્ઞા**

વ્યક્તિના મન કે હૃદયમાં રહેલા ચોક્કસ ભાવની ઓળખ આપતી સંજ્ઞાને ભાવવાચક સંજ્ઞા કહેવાય.

**ઉદાહરણ :** પ્રસન્નતા, સંતોષ, દુઃખ, ચિંતા, ગુસ્સો

1. પરિણામની તેને ખૂબ **ચિંતા** હતી.
2. સ્ત્રીનાં મુખ ઉપર **પ્રસન્નતા** જણાતી હતી.
3. વિદ્યાર્થીના જવાબથી શિક્ષકને **સંતોષ** થયો.

## સ્વાધ્યાય

**નીચેની સંજ્ઞાઓનો પ્રકાર જણાવો**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| શિક્ષક | કાપડ | પ્રાણી | આનંદ | ભૂખ | દૂધ | મીરાં | ગંગા |
| સૈન્ય | નદી | દયા | ફૂલ | હિમાલય | પર્વત | ચાંદી | વૃક્ષ |
| કોલસો | મીઠાશ | દેશ | મંડળ | ટુકડી | ધણ | તાજમહેલ | |



BSER

# 5. નિશાન ભૂમિ ભારતનું

ત્રિભોવન વ્યાસ

જન્મ : ઈ.સ. 1888 મૃત્યુ : ઈ.સ. 1975

કવિ ત્રિભોવન વ્યાસ શિક્ષક હતા પણ આઝાદીની લડત વખતે શિક્ષક તરીકેની નોકરી છોડી દીધી હતી. તેઓને બાળકો સાથે રહેવું ગમતું હતું. તેમણે બાળકો માટે સાહજિક, સરળ ભાષામાં અને ગાઈ શકાય તેવા ઘણાં કાવ્યો લખ્યા છે. 'ગૂંજરવ', 'નવા ગીતો', 'બે દેશ ગીતો' જેવી રચનાઓનું સર્જન કરેલ છે.

દેશ આઝાદ થયા પછી રાષ્ટ્રભાવનાને ગાતું આ દેશભક્તિ ગીત છે. આ ગીતમાં ત્રિરંગા રાષ્ટ્રધ્વજનો મહિમા રજૂ કરવામાં આવ્યો છે. તેમાના પ્રત્યેક ચિહ્નોનું ગૌરવ અને મહત્ત્વ વ્યક્ત કરવામાં આવ્યાં છે. વિદ્યાર્થીઓને દેશની સ્વતંત્રતાનું મહત્ત્વ અને જાણકારી આપવાનો ઉદ્દેશ રહેલો છે.

સાહિત્યમાં ગીતથી જ કવિતાનો અને સાહિત્યમાત્રનો આરંભ થયો છે એમ મનાય છે. શબ્દોની સરળતા અને લયમધુરતા એ ગીતનું અગત્યનું લક્ષણ છે. ગીતના અનેક પ્રકાર પૈકી આ દેશ ભક્તિ વ્યક્ત કરતું ગીત છે. ગીતનું આવું વૈવિધ્ય ગીત માણવા સાથે જાણવાની ભૂમિકા પણ સુપેરે ભજવતું હોય છે.

---

નહિ નમશે નહિ નમશે, નિશાન ભૂમિ ભારતનું.
ભારતની એ ધર્મ ધ્વજાનું સાચવશું સન્માન... ભૂમિ...
ઐક્ય તણો એ અમર પટો છે, મુક્તિનું વરદાન... ભૂમિ...
ભારતમાના મંદિર પર એ શાંતિનું એંધાણ... ભૂમિ...
ચક્ર સુદર્શન અંકિત એ તો હિંદી જનના પ્રાણ... ભૂમિ...
સફેદ લીલું લાલ ત્રિરંગી, વિરોધનું સંધાન... ભૂમિ...
સફેદમાં સહુ ધર્મે ધાર્યું, ઈશ્વરનું ફરમાન... ભૂમિ...
લીલામાં ઈસ્લામી ધર્મે રાખ્યું પાક કુરાન... ભૂમિ...
લાલ સનાતન આર્ય પ્રજાનું મંગળ મૂર્તિ માન... ભૂમિ...
અચળ અમારે આંગણ એ તો હિંદી જનના પ્રાણ... ભૂમિ...
સાચા હિન્દી શૂરાઓનું એ છે વિજય સુકાન... ભૂમિ...
નહિ નમશે, નહિ નમશે નિશાન... ભૂમિ...

## ટિપ્પણ

**ભૂમિ** - ધરતી, જમીન, પૃથ્વી **સન્માન** - માન, આદર, સત્કાર **ધર્મ ધ્વજા** - સત્ય **ઐક્ય** - એકતા **અમર પટો** - અમર, કદી મૃત્યુ ન પામે તેવું **મુક્તિ** - છૂટકારો, મોક્ષ **વરદાન** - દેવ દેવી કે સંતે પ્રસન્ન થઈ આશા પૂરી પાડવા આપેલું વચન, આશીર્વાદ **એંધાણ** - નિશાની **અંકિત** - નિશાની વાળું, છાપવાળું **જન** - માણસ, માનવી **સંધાન** - જોડાણ **ફરમાન** - હુકમ **સનાતન** - પરાપૂર્વથી ચાલ્યું આવતું **મંગળ** - શુભ **અચળ** - સ્થિર, દૃઢ, ચલિત નહીં તેવું **શૂરા** - બહાદુર, પરાક્રમી, શૂરવીર **વિજય સુકાન** - વિજયનું નેતૃત્વ



BSER

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ લખો.**

1. કવિ સુદર્શનચક્રને કઈ બાબતનું પ્રતીક ગણાવે છે ?
2. રાષ્ટ્રધ્વજને જોતા કવિના મનમાં કઈ કઈ લાગણીઓ જન્મે છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

1. કવિને રાષ્ટ્ર ધ્વજમાં કઈ કઈ વિશેષતાઓ જોવા મળે છે ?
2. ધ્વજના સફેદ, લાલ અને લીલા રંગમાં કવિને શું દેખાય છે ?

**પ્રશ્ન 3. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો.**

ભૂમિ મંગળ
ધર્મ વિજય
શાંતિ મુક્તિ
વરદાન શૂરવીર

**પ્રશ્ન 4. નીચેના શબ્દોનો ઉપયોગ કરી એક એક વાક્ય લખો.**

સુકાન સન્માન
ફરમાન કુરાન
નિશાન

**પ્રશ્ન 5. નીચેના શબ્દોની સાચી જોડણી લખો.**

મુર્તી મૂકતી
નીસાન સાન્તી

## પ્રવૃત્તિ

1. ઈન્ટરનેટની મદદથી આપણા રાષ્ટ્રધ્વજ વિશે જાણવા જેવું શોધીને બુલેટિન બૉર્ડ પર રજૂ કરો.
2. રાષ્ટ્રધ્વજ આચારસંહિતા અને રાષ્ટ્રધ્વજના ઇતિહાસ વિશે શિક્ષક પાસેથી માહિતી મેળવો.
3. ભારતનું 'ઝંડાગીત' કંઠસ્થ કરો.

# 6. પાંચ દાણા

આ વાર્તાના કર્તા, અજ્ઞાત છે. પણ વરસોથી આમ પાઠ્યપુસ્તકમાં લેવાતી-ભણાવાતી એક નીવડેલી ચાતુર્ય કથા છે. ધનપાલ નામના શેઠ જે નામ પ્રમાણે ખરાં અર્થમાં ધનપતિ છે. ઘરમાં લક્ષ્મીની છોળો ઊડે છે. ઘરમાં ચાર દીકરા અને તેની ચાર વહુઓ છે. શેઠ આ વહુઓની પરીક્ષા લે છે. દરેકને અનાજના પાંચ-પાંચ દાણા સાચવવા આપે છે. વહુઓ તેની સમજ અનુસાર દાણાનો ઉપયોગ કરે છે. જ્યારે સૌથી નાની વહુ ચતુર અને સમજુ હતી. તે દાણા જમીનમાં ઉગાડી પાક સ્વરૂપે અઢળક દાણા, પાછા મેળવે છે. આમ, પરીક્ષા પછી શેઠ વહુઓની સૂઝ, સમજ અને આવડત પ્રમાણે ઘરનું કામ સોંપે છે.

આ ચાતુર્યકથા છે. ગદ્ય સાહિત્યની વાર્તા-કથાઓમાં હાસ્યકથા, લોકકથા, પ્રસંગકથા,વ્યંગકથા, ચાતુર્યકથા વગેરે પેટા પ્રકારો હોય છે. કથાના કેન્દ્રવર્તી વિચારના આધારે આવા પ્રકાર પાડી શકાય છે. આ કથામાં શેઠની પરીક્ષા લેવાની ચતુરાઈ અને નાની વહુએ દાખવેલી ચતુરાઈ કેન્દ્રમાં છે. તેથી ચાતુર્યકથા બને છે. જેના કર્તા જ્ઞાત અને અજ્ઞાત પણ હોઈ શકે. આ કથાઓ અબાલવૃદ્ધ સૌને પ્રિય હોય છે.

---

ધનપાલ શેઠનું નામ દૂર-દૂર સુધી જાણીતું હતું. દેશાવરની સાથે એમનો વેપાર ચાલતો હતો. એમને આંગણે લક્ષ્મીની છોળો ઊછળતી હતી. ઘરમાં ખરચતાં ખૂટે નહિ તેટલું ધન હતું. આમ છતાં શેઠ ગણતરીવાળા હતા. એ સમજતા હતા કે ઘરની રાણી આવડતવાળી ન હોય તો અઢળક ધન પણ ખૂટી જાય.

શેઠને ચાર દીકરા હતા. દીકરાઓની ચાર વહુઓ હતી. દીકરા તો જીવ પરોવીને વેપાર-ધંધામાં પડી ગયા હતા. એમની હોશિયારી અને સમજદારીથી શેઠને સંતોષ હતો. પણ દીકરાઓની વહુઓ ચાલાક અને ઘરરખુ છે કે નહિ એ જાણવાની શેઠને ઈચ્છા થઈ. એમનું પારખું કરવા માટે શેઠે એક યુક્તિ વિચારી કાઢી.

એક દિવસ શેઠે ચારે વહુઓને બોલાવીને કહ્યું, ‘‘બેટા, હું આજે તમને દરેકને ડાંગરના આ પાંચ-પાંચ દાણા આપું છું. કોઈક વાર એ દાણા હું તમારી પાસેથી પાછા માગીશ માટે એ દાણા જતન કરીને સાચવી રાખજો.’’ એટલું કહી એમણે દરેક વહુને પાંચ-પાંચ દાણા આપી વિદાય કરી. વહુઓ દાણા લઈ હસતી-હસતી ચાલી ગઈ.

મોટી વહુ જરા ઉછાંછળી અને છીછરી બુદ્ધિની હતી. એને થયું, ‘ડોસાય કેવા ઝીણા જીવના છે ! આપી આપીને ડાંગરના પાંચ દાણા !’ એમ વિચારી, દાણા બારી બહાર ફેંકી દઈ એ નિરાંતે સૂઈ ગઈ. સસરાજીની વાતનો મર્મ એ સમજી શકી નહિ.

બીજા છોકરાની વહુ જરાક લાગણીવાળી પણ લહેરી હતી. એને થયું, ‘સસરાજીએ ભલે પાંચ દાણા આપ્યા. એ તો એમની પ્રસાદી ગણાય. એને મામૂલી ચીજ ગણી ફેંકી ન દેવાય. પાછા માગશે ત્યારે જોયું જશે. કોઠીમાંથી કાઢીને બીજા દાણા આપતાં શી વાર લાગવાની છે ?’ એવો વિચાર કરતી, દાણા ફોલી કણ ખાઈ ગઈ. એને પણ સસરાજીની વાતનો મર્મ ન સમજાયો.

ત્રીજા છોકરાની વહુ જરાક ઝીણા સ્વભાવની હતી. એણે વિચાર્યું, ‘સસરાજીએ આપેલા પાંચ દાણા દાબડીમાં મૂકીને સાચવી રાખવા અને માગે ત્યારે દાબડી ખોલીને કાઢી આપવા. એમાં કંઈ મોટી વાત નથી.’ એમ વિચાર કરી એણે એ દાણાને દાબડીમાં મૂકી સંઘરી રાખ્યા. ત્રીજી વહુ પણ શેઠની વાતનો મર્મ સમજી શકી નહિ.

સૌથી નાના દીકરાની વહુ ચતુર અને સમજુ હતી. એને થયું, 'સસરાજીની વાતમાં કંઈક ઊંડો મર્મ હોવો જોઈએ. આ દાણા સંઘરી રાખવા એ વાત તો સાચી, પણ સંઘરેલા દાણા વખત જતાં બગડી જાય. એના કરતાં એ દાણા ખેતરમાં વવરાવી દઉં તો કેવું ? કણમાંથી મણ થતાં અનાજને કેટલી વાર ? અને સસરાજીને પણ એ જરૂર ગમી જશે.'

આમ વિચાર કરી એણે આ પાંચ દાણા પોતાના પિયરમાં મોકલાવીને વવરાવ્યા. એક સાલ ગઈ. બીજી સાલ ગઈ. પાક પાકતો ગયો ને વહુ એને ફરી ફરી વવરાવતી ગઈ. આ રીતે પેલા દાણા વધતા જ ચાલ્યા. પેલી ત્રણેય મોટી વહુઓ તો આ દાણાની વાત પણ ભૂલી ગઈ હતી. પણ ચોથી વહુને તો આ વાત હરહંમેશ યાદ રહેતી.

પછી એક દિવસ શેઠે ચારે વહુઓને બોલાવીને કહ્યું, "વહુબેટા, ડાંગરના પેલા પાંચ દાણા પાછા આપો." પહેલી બે વહુઓ કહે, "એ દાણા તો તે દહાડે જ પૂરા થઈ ગયા. હવે એ દાણા ક્યાંથી લાવીએ ? કહો તો કોઠીમાંથી પાંચ-પાંચ દાણા લઈ આવીએ." ત્રીજી વહુ કહે, "સસરાજી, મેં એ દાણા બરાબર સાચવી રાખ્યા છે. થોભો, હું દાબડી લઈ આવું." એમ કહી એ ઘરમાં ગઈ, અને દાબડીમાંથી કાઢી એણે પાંચેય દાણા સસરાજીના હાથમાં મૂક્યા.

નાની વહુ આ બધું જોતી ધીમું-ધીમું હસી રહી હતી. શેઠે કહ્યું, "દીકરા, તું કેમ કંઈ બોલતી નથી ? જા, તારા દાણા લઈ આવ. કેમ, લાવી શકીશ ને ?"

એણે કહ્યું, "સસરાજી, એ દાણા લાવવા માટે આપને મારે પિયર ગાડાં મોકલવાં પડશે. આજે હવે એ દાણા પાંચ નથી રહ્યા. એ વધી વધીને ગાડાં ભરાય તેટલા થયા છે."

પછી નાની વહુએ એ દાણાની વાત માંડીને કહી સંભળાવી. એ પરથી ધનપાલે ત્રણે મોટી વહુઓને કહ્યું, "તમારા સૌમાં આ નાની વહુ ઠરેલ અને ચતુર છે. આજથી આપણા આખા ઘરનો કારભાર એ ચલાવશે. તમે સૌ એના શાણપણનો લાભ લેજો."

અને પછી શેઠ નાની વહુ તરફ જોઈને બોલ્યા, "દીકરી, આજથી ઘરના કોઠારનો કારભાર તને સોંપું છું. મને ખાતરી થઈ છે કે તું આ ઘરની લક્ષ્મી છે. તારા હાથમાં આવેલી સંપત્તિ વધતી જ જશે. તું જ મારા ઘરને સારી રીતે સાચવી શકશે."

પછી એમણે ત્રીજી વહુને કહ્યું, "બેટા, આજથી રસોડાનો કારભાર તારે સાચવવાનો." બીજી વહુને કહ્યું, "નોકરચાકર ઉપર દેખરેખ તારે રાખવાની." અને મોટી વહુને ક્હયું, "વહુજી, ઘરની સાફસૂફીની જવાબદારી તમારે સંભાળી લેવાની."

પછી શેઠે બધી વહુઓને કહ્યું, "સૌ પોતપોતાની સૂઝ પ્રમાણે અને સ્વભાવ પ્રમાણે વહેંચીને ઘરનું કામ કરશો તો ઘરની શોભા રહેશે અને બધાં સુખી થશો."

## ટિપ્પણ

**દેશાવર** - દેશ અને પરદેશ **લક્ષ્મીની છોળો ઊછળતી** - પુષ્કળ પ્રમાણમાં ધન હતું **ખરચતાં ખૂટે નહિ** - વાપરતાં પણ ઓછું ન થાય તેવું **ગણતરીવાળા** - ગણતરીબાજ, ગણતરી કરીને ખર્ચ કરનાર **ઘરની રાણી** - ગૃહિણી **અઢળક** - પુષ્કળ વધારે પ્રમાણમાં **જીવ પરોવવો** - એકચિત્ત થવું **ચાલાક** - ચતુર, હોશિયાર **ઘરરખુ** - ઘરવ્યવહાર સાચવનારું **પારખું** - જાણકાર **યુક્તિ** - કરામત, દાવપેચ **જતન** - જાળવણી, કાળજી **ઉછાંછળી** - અવિચારી શરમ વિનાની **છીછરી બુદ્ધિની** -

અપરિપક્વ બુદ્ધિની **મર્મ** - રહસ્ય **લહેરી** - તરંગી, ઉડાઉ **પિયર** - પરણેલી દિકરીના પિતાનું ગામ **ગાડાં ભરાય તેટલાં** - વધારે પ્રમાણમાં **કણમાંથી મણ** - થોડામાંથી વધારે **વાત માંડીને કહી** - વિગતવાર વાત કહી **ઠરેલ** - શાણો, સમજુ **કારભાર** - કારોબાર **શાણપણ** - ચતુરાઈ, ડહાપણ **ઘરની શોભા** - ઘરની આબરૂ, ઘરની ઈજ્જત

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ લખો.**

1. શેઠે વહુઓને શું આપ્યું ? તે પછી શું કહ્યું ?
2. સૌથી નાના દીકરાની વહુ કેવી હતી ?
3. ધનપાલ શેઠને શું જાણવાની ઈચ્છા થઈ ?
4. મોટી વહુ કેવા ગુણો ધરાવતી હતી ?
5. ત્રીજા છોકરાની વહુએ દાણાનું શું કર્યું ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. શેઠના દીકરાઓ કેવા હતા ?
2. પહેલી અને બીજી વહુએ દાણાનું શું કર્યું ?
3. સૌથી નાના દીકરાની વહુએ સસરાએ દાણા આપ્યા ત્યારે શું વિચાર્યું ?
4. સસરાએ દાણા માગતાં નાની વહુએ શું કહ્યું ?
5. શેઠે બધી જ વહુઓને બોલાવીને શું કહ્યું ?
6. મોટી વહુએ શેઠ વિશે શું વિચાર્યું ?
7. અંતમાં શેઠે ચારેય વહુઓને કઈ કઈ જવાબદારી સોંપી ?
8. ચોથા છોકરાની વહુએ કેવી રીતે એકમાંથી અનેક દાણા કર્યા ?

**પ્રશ્ન 3. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દ આપો.**

| | |
|---|---|
| 1. ઈચ્છા | 4. બહાર |
| 2. ચતુર | 5. હાસ્ય |
| 3. સંતોષ | 6. મામૂલી |

**પ્રશ્ન 4. 'અ' વિભાગની વિગતને 'બ' વિભાગની વિગત સાથે યોગ્ય રીતે જોડો.**

| (અ) | (બ) |
|---|---|
| (1) મોટી વહુ | (1) ચતુર અને સમજુ |
| (2) બીજા છોકરાની વહુ | (2) ઝીણા સ્વભાવની |
| (3) ત્રીજા છોકરાની વહુ | (3) લાગણીવાળી |
| (4) નાના છોકરાની વહુ | (4) ઉછાંછળી અને છીછરી બુદ્ધિની |

**પ્રશ્ન 5. કારણો આપો**

1. પહેલી વહુએ દાણા બારી બહાર ફેંકી દીધા.
2. બીજી વહુ દાણા ફોલીને ખાલી ગઈ.
3. નાની વહુએ દાણા પિયરે મોકલી આપ્યા.

BSER

4. નાની વહુએ કહ્યું, "દાણા લાવવા મારા પિયરે ગાડા મોકલો.
5. શેઠે ઘરનો કારભાર નાની વહુને સોંપ્યો.

**પ્રશ્ન 8. રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યપ્રયોગ કરો.**

1. લક્ષ્મીની છોળો ઉછળવી
2. જીવ પરોવવો
3. જતન કરવું
4. ઝીણા જીવનાં હોવું

**પ્રશ્ન 9. નીચેના શબ્દોની સાચી જોડણી લખો**

દિકરા, સંતોસ, છિછરી, બૂધ્ધિ, પીએર, ખાત્રી, સંપતી, સુજ

## પ્રવૃત્તિ

1. તમારા વર્ગશિક્ષકની મદદથી વાર્તાકથન સ્પર્ધાનું આયોજન કરો.
2. વાર્તાકથન કરતી વખતે કઈ કઈ બાબતોનો ખ્યાલ રાખવો જોઈએ તેના વિશે શિક્ષક પાસેથી જાણો.
3. આ વાર્તાને વર્ગખંડમાં નાટક સ્વરૂપે ભજવો.

## ભાષાસજ્જતા

### લિંગ (જાતિ)

ભાઈ-ભાભી, દાદા-દાદી, મામા-મામી, કાકા-કાકી, માસા-માસી.

આ સંજ્ઞાઓમાં દરેક પ્રથમ સંજ્ઞા જે વ્યક્તિનો નિર્દેશ કરે છે તે પુરુષ છે. તેથી તે સંજ્ઞાઓ પુલ્લિંગ છે. એમાં દરેક બીજી સંજ્ઞા 'સ્ત્રી' છે. તેથી તે સંજ્ઞાઓ સ્ત્રીલિંગ કહેવાય છે. ઉપરની સંજ્ઞાઓમાં છોકરાઓ માટે 'પુલ્લિંગ' અને છોકરીઓ માટે 'સ્ત્રીલિંગ' પણ 'છોકરું' કયા લિંગમાં ગણવું ? જે વ્યક્તિ 'પુરુષ' કે 'સ્ત્રી' ન હોય તે 'નપુંસકલિંગ' ગણાય. એ રીતે છોકરું 'નપુંસકલિંગ' ગણાય. તેને 'નાન્યતર જાતિ' પણ કહે છે.

**જાતિ (લિંગ) ઓળખવાની રીત :**

- જે નામની આગળ 'કેવો' શબ્દ લગાડી પ્રશ્ન પૂછી શકાય તેને 'પુલ્લિંગ' કહે છે.
  દા.ત. : 'કેવો છોકરો ?'
- જે નામની આગળ 'કેવી' શબ્દ લગાડી પ્રશ્ન પૂછી શકાય તેને 'સ્ત્રીલિંગ' કહે છે.
  દા.ત. : 'કેવી છોકરી ?'
- જે નામની આગળ 'કેવું' શબ્દ લગાડી પ્રશ્ન પૂછી શકાય તેને 'નપુંસકલિંગ' કહે છે.
  દા.ત. : 'કેવું છોકરું ?'

ગુજરાતીમાં જાતિના નામમાં ત્રણ જાતિ(લિંગ) હોય છે.

ત્રણે પ્રકારનાં લિંગ પારખવા માટે કેવો (પુલ્લિંગ), કેવી (સ્ત્રીલિંગ) અને કેવું (નપુંસકલિંગ) શબ્દ વાપરીને પ્રશ્ન પૂછશો એટલે ખ્યાલ આવશે.



BSEB

**નર જાતિ–(પુલ્લિંગ)** : પુરુષ જાતિ માટેનાં નામો માટે વપરાય છે.
વર, પત્ર, આનંદ, સજ્જન, કંઠ, પક્ષપાત, કાગડો, દીકરો

**નારી જાતિ–(સ્ત્રીલિંગ)** : સ્ત્રી જાતિ માટેનાં નામો માટે વપરાય છે.
શરદી, બાટલી, તબિયત, હવા, રોટલી, કૉફી, ઘોડી

**નાન્યતર જાતિ–(નપુસકલિંગ)** : નાન્યતર જાતિનાં નામો માટે વપરાય છે.
ઘર, મગજ, કાર્ય, ડોકું, વંદન, પુસ્તક, બાળક, કોળું

| પુલ્લિંગ | સ્ત્રીલિંગ | નપુંસકલિંગ |
|---|---|---|
| છોકરો (કેવો) | છોકરી (કેવી) | છોકરું (કેવું) |
| દડો (કેવો) | ઢીંગલી (કેવી) | રમકડું (કેવું) |
| કૂતરો (કેવો) | કૂતરી (કેવી) | કૂતરું (કેવું) |
| દેડકો (કેવો) | દેડકી (કેવી) | દેડકું (કેવું) |

**સ્વાધ્યાય કાર્ય : 1. નીચેના શબ્દોનાં લિંગ અલગ પાડો.**

સાઈકલ, બિલાડી, સાગર, રમકડું, ઝાડ,
સૂરજ, નદી, સિંહણ, ઘડિયાળ, ભમરડો.

**2. કૌંસમાથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**

1. ભસતો ...... ભાગ્યે જ કરડે. (કૂતરો, કૂતરી, કૂતરું)
2. હસતું ...... કોને ના ગમે? (સ્ત્રી, પુરુષ, બાળક)
3. ઊંચી ...... પડી ગઈ. (છોકરી, છોકરું, છોકરો)
4. પેલી ...... કૂતરી તમારી છે. (કાળી, કાળો, કાળું)
5. આંબા ઉપર ...... કેરીઓ છે. (કાચુ, કાચો, કાચી)

BSER

# 7. હે જી તારા આંગણિયા



**કવિ દુલા ભાયા કાગ**

જન્મ : ઈ.સ. 1903 મૃત્યુ : ઈ.સ. 1977

દુલાભાઈ કાગ લોકસાહિત્યકાર, ચારણી ભાષા-સાહિત્યના કવિ તરીકે પ્રસિદ્ધ છે. તેમનો જન્મ અમરેલી જિલ્લાના સોડવદરી ગામે થયો હતો. મજાદર ગામ તેમનું વતન. પાંચ ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો. તેમની યાદ શક્તિ તેજસ્વી હતી. જાત મહેનતે રામાયણ, મહાભારત તથા ચારણી સાહિત્યનો અભ્યાસ કર્યો હતો. કાગવાણીના ભાગ 1 થી 8માં એમનાં કાવ્યો, ભજનો, ગીતો સંઘરાયા છે. તેમની કલમ અને વાણીમાંથી શૌર્ય અને સતવાણી વહેતી હતી.

'આવકારો' ભજનના લોકઢાળમાં રચાયેલ કાવ્ય છે. એમાં આતિથ્યધર્મની વાત સાહજિક રીતે અભિવ્યક્ત કરવામાં આવી છે. આ લોકકવિએ આપણી 'અતિથિ દેવો ભવ'ની ભાવના આ કાવ્યમાં સરળતાથી વણી લીધી છે. આપણા આંગણે કોઈ મહેમાન પધારે ત્યારે એને મીઠો આવકારો આપવાનું કવિ કહે છે, એટલું જ નહીં એ કોઈ દુઃખ, મુશ્કેલી કે સંકટમાં હોય તો તે દૂર કરવા મદદ કરવી જોઈએ. અતિથિની વાત આદરથી સાંભળીને તેના દુઃખમાં સહાનુભૂતિ વ્યક્ત કરવી તેમજ સાથે બેસી ભોજન કરવું અને આત્મીયતાપૂર્વક વિદાય કરવાની વાત ભજનમાં વ્યક્ત થઇ છે.

પદ્ય સાહિત્યમાં પદ, પ્રાર્થના, ગીત, ભજન વગેરે ગીતના જૂના પ્રકારો છે. આ ભજન ઢાળમાં રચાયેલું કાવ્ય છે. મધ્યકાલીન સાહિત્ય એ મુખ્યત્વે ધર્મના રંગથી રંગાયેલું સાહિત્ય કહેવાયું છે. તેમાં મીરાંબાઈ, આદિકવિ નરસિંહ મહેતા જેવાં કવિઓએ ભજન પ્રકારના કાવ્યો આપ્યા છે. તેનો પ્રધાન સૂર પ્રભુભક્તિને ઈશ્વરપ્રાપ્તિનો હોય છે. જેમાં લય અને ગેયતા વિશેષ હોય છે. જેથી લોકહૈયે રમતું અને ગવાતું રહે છે.

---

હે જી તારા આંગણિયા પુછીને જે કોઈ આવે રે,
આવકારો મીઠો... આપજે રે જી...
હે જી તારે કાને સંકટ કોઈ સંભળાવે રે, બને તો થોડું...
કાપજે રે જી...
માનવીની પાસે કોઈ... માનવી ન આવે... રે... (2)
તારા દિવસની પાસે દુઃખિયાં આવે રે આવકારો મીઠો...
આપજે રે... જી... 1.
કેમ તમે આવ્યા છો ?... એમ નવ કે'જે... રે... (2)
એને ધીરે એ ધીરે તું બોલવા દેજે રે - આવકારો મીઠો...
આપજે રે... જી... 2.
વાતું એની સાંભળીને... આડું નવ જોજે... રે... (2)
એને માથું એ હલાવી હોંકારો દેજે રે - આવકારો મીઠો...
આપજે રે... જી... 3.

'કાગ' એને પાણી પાજે... સાથે બેસી ખાજે... રે... (2)
એને ઝાંપા એ સુધી તું મેલવા જાજે રે - આવકારો મીઠો...
આપજે રે... જી... 4.

## ટિપ્પણ

**આંગણિયા** - ઘરના મુખ્ય દ્વાર સામેની ખુલ્લી જગ્યા **સંકટ** - મુશ્કેલી, દુ:ખ **કાપજે** - કાપવું, (અહીં) ઓછું કરવું, ઘટાડવું **દુ:ખિયા** - દુ:ખી માણસ **આવકારો** - સ્વાગત, આદરમાન **કે'જે** - કહેવું, **નવ** - 'ના' (અહીં) **વાતું** - વાત, રજૂઆત **આડું જોવું** - ધ્યાન ન આપવું **હોંકારો** - 'હં', 'હા', કહેવું તે સંમતિ સૂચક અવાજ **માથું હલાવી** - મનથી સ્વીકારી વાતનો સ્વીકાર કરવો, હકારાત્મક સંકેત મંજૂરી આપવી.

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ લખો.**

1. આપણા ઘરે કોઈ મહેમાન આવે ત્યારે કવિ શું કરવાનું કહે છે ?
2. જયારે કોઈ આપણી સામે પોતાનું દુ:ખ રજૂ કરે ત્યારે શું કરવું જોઈએ ?
3. મહેમાન પોતાની વાત રજૂ કરતા હોય ત્યારે આપણે શું ન કરવું જોઈએ ?

**પ્રશ્ન 2.** આપણા આંગણિયે મહેમાન આવે ત્યારે કેવો વ્યવહાર કરવો જોઈએ ? - તે કવિતાના આધારે લખો.

**પ્રશ્ન 3. નીચે આપેલા શબ્દો જેવા જ ઉચ્ચાર ધરાવતા શબ્દો શોધીને લખો. તેનો અર્થ જણાવો.**

1. આપજે        3. જોજે
2. કેજે          4. ખાજે

**પ્રશ્ન 4. નીચેના શબ્દોની સાચી જોડણી લખો.**

આંધણીયાં, દૂખીયાં, હોકાંરો, જાંપા

**પ્રશ્ન 5. નીચે આપેલા શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

મીઠું, દુ:ખી, આવકારો, થોડું

## પ્રવૃત્તિ

1. શાળાની પ્રાર્થના સભામાં કોઈ એક સ્વાગત ગીતનું ગાન કરો.
2. કવિ દુલા ભાય કાગ રચિત અન્ય કાવ્ય વાંચો

BSEB

# 8. શરદીના પ્રતાપે



જ્યોતીન્દ્ર દવે

(જન્મ : ઈ.સ. 1901 મૃત્યુ : ઈ.સ. 1980)

જ્યોતીન્દ્ર દવેનો જન્મ સુરતમાં થયો હતો. તેઓ અધ્યાપક હતા તથા સરકારી ખાતામાં ભાષાંતરકાર તરીકે સેવાઓ આપી હતી. મુખ્યત્વે તેઓ હાસ્યલેખક હતા. તેમણે 'રંગતરંગ' ભાગ 1 થી 6, 'અલ્પાત્માનું આત્મ-પુરાણ', 'રેતીની રોટલી' વગેરે હાસ્યલેખોના અનેક સંગ્રહો (પુસ્તકો) આપ્યા છે. તેમણે નાટ્યરૂપાંતર, અનુવાદ વગેરેનાં કામ પણ કર્યાં છે.

એકને બોલવામાં અને બીજાને સાંભળવામાં તકલીફ હોય તેવી બે વ્યક્તિઓ ભેગી થઈ જાય તો તેમની વચ્ચેની વાતચીત કાકા કહેતાં કથરોટ જેવી થાય છે. અહીં શરદીના કારણે આવી તકલીફવાળા બે સજ્જનો વચ્ચેનો સંવાદ આપ્યો છે, જે હાસ્યપ્રેરક છે. આ ગદ્યખંડ 'રેતીની રોટલી'માંથી સંપાદિત કરી લેવામાં આવ્યો છે.

પદ્ય અને ગદ્ય એમ બે પ્રકાર સાહિત્યમાં છે. ગદ્યમાં નાટક, નવલિકા, નવલકથા, પત્ર, નિબંધ... વગેરે સાહિત્ય સ્વરૂપનો સમાવેશ થાય છે. ગદ્યએ પદ્યના માફક ગેય અથવા ગાઈ ન શકાય તેવું લખાણ હોય છે. જે સાદું, સરળ કે સમજાઈ જાય તેવું હોય છે.

---

મારે એક વખત એક જાણીતા સજ્જનને અમુક કામને અંગે મળવા જવાનું હતું. એ સદ્‌ગૃહસ્થની બીજી બધી ઈન્દ્રિયો કરતાં કાન કંઈ ઓછું કાર્ય કરે છે એ વાતની મને ખબર નહોતી. તે દિવસે હવામાં શરદી હતી. ગળે પડવાની ટેવ બીજાં બધાં કરતાં શરદીને વધારે હોય છે – એ જાણીતું છે; અને તેમાંય મારા કંઠ માટે શરદીને અસલથી પક્ષપાત છે. એટલે તે દિવસે ગળામાં શરદીને મગજમાં ગરમી–કંઠ બેઠેલો ને મગજ તપેલું–એવી કાંઈક મારી સ્થિતિ હતી. હું એ સદ્‌ગૃહસ્થને મળ્યો ત્યારે અવાજ ઠેઠ ઊંડો ઊતરી ગયેલો હતો, અને શરદીને લીધે એમના કાન વધારે અશક્ત બન્યા હતા. અમારી વચ્ચે શો સંવાદ થયો તે પૂરેપૂરો યાદ નથી, પણ કંઈક નીચે પ્રમાણે હતો :

મને આવકાર આપતાં-આપતાં એ સદ્‌ગૃહસ્થ બોલ્યા, "ઓહો ! આજ કંઈ આ તરફ ? કેમ તબિયત તો સારી છે ને ?"

"આપનું જરા કામ હતું. તબિયત મજામાં છે. જરા શરદી થઈ છે. બાકી બીજી રીતે કુશળ છું."

"મને શરદી થઈ છે એમ તમને કોણે કહ્યું ? એ તો જરા નહિ જેવાં સળેખમ અને ઉધરસ થયાં છે. તમારે જોવા આવવાની–અહીં સુધી આવવાની–તસ્દી લેવા જેવું કંઈ નથી."

મને લાગ્યું કે એમના સમજવામાં કંઈ ભૂલ થઈ છે. પણ તે સુધારવાનો પ્રયત્ન ન કરતાં મેં કહ્યું, "હવે કેમ છે ? દવાબવા તો કરો છો ને ?"

"હા અહીંની હવા જરા એવી છે ખરી, પણ હવાફેર જવાનું હજી નક્કી કર્યું નથી. એ તો ઠીક, પણ ચહાબહા લેશો ને ?"

"ચહાની બનતાં સુધી હું ના નથી કહેતો ને આ શરદીમાં તો બહુ જ ઠીક પડશે."

"બનતાં સુધી તમે ચહા નથી પીતા તે ઘણું સારું. પણ ચહા શરદી કરે એમ તમને કોણે કહ્યું ? વારુ, કૉફી લેશો ?"

"કૉફીનો પણ અત્યારે વાંધો નથી."

"કૉફીનો ડૉક્ટર વાંધો લે છે ? ઠીક ત્યારે કોકો ?"

મોઢેથી બોલીશ તો ચહા અને કૉફીની પેઠે કોકેયે ગુમાવીશ એમ લાગવાથી મેં ડોકા વડે હા કહી. ને આખરે અમારે માટે કોકો મુકાયો.

"આ ઘર તમને ફાવે છે કે નહિ" મેં પૂછ્યું. તેઓ બોલી ઊઠ્યા; "વર ? સુલોચના (એમની પુત્રી) માટે વર હજી શોધ્યો નથી. હજી નાની છે. શી ઉતાવળ છે ?"

આ પ્રમાણે 'દવા' ને બદલે 'હવા' અને 'ઘર' ને બદલે 'વર' સાંભળનાર સાથે જે વાત કરવા આવ્યો હતો તે વાણી દ્વારા કરવી અશક્ય છે એમ મને લાગ્યું. તેથી પત્ર લખી એ વાત એમને જણાવવી એવો નિશ્ચય કર્યો. થોડીઘણી આડી-અવળી વાત, અલબત્ત ઉપર પ્રમાણે જ કરીને મેં આખરે કહ્યું, "હવે રજા લઉં છું."

"અરે ! મારા મહેરબાન ! આમ શું બોલો છો ? તમે આવ્યા તેમાં મને સજા થઈ ! ઊલટો આનંદ થયો. આપણી વાત સાંભળનારા અને સાંભળે તોયે સમજનારા છે કેટલા ?"

"બહુ ઓછા." હું મનમાં બોલ્યો અને મૂંગે મોંએ એમની રજા લઈ ચાલતો થયો.

('રેતીની રોટલી'માંથી સંપાદિત)

## ટિપ્પણ

**સજ્જન** - સારો માણસ, ગુણવાન વ્યક્તિ **સદ્ગૃહસ્થ** - પ્રતિષ્ઠિત માણસ, સજ્જન **ઇન્દ્રિયો** - ચામડી, આંખ, કાન, નાક અને જીભ કે જેના વડે સંવેદના અનુભવાય **ગળે પડવું** - માથે નાખવું **આળ ચડાવવી** આરોપ લગાવવો **પક્ષપાત** - તરફદારી **અશક્ત** - શક્તિ વિહીન **તસ્દી લેવી** - તકલીફ લેવી **હવાફેર** - મન પ્રફુલ્લિત કરવા જુદા વાતાવરણમાં જવું **ઠીક પડશે** - સારું લાગશે **ડોકા વડે** - ગરદનથી, ડોકથી **ઉતાવળ** - ઝડપ **કોકો** - નાળિયેરીના જેવા એક ઝાડનાં બીજની ભૂકી, જેનું પીણું બનાવાય છે **મૂંગે મોંએ** - મનમાં, બોલ્યા વિના **મનથી રજા લેવી** - પરવાનગી લેવી

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ લખો.**

1. લેખક એક સજ્જનને મળવા ગયા તે વખતે તેમને કઈ વાતની ખબર ન હતી ?
2. લેખકને આવકાર આપતાં સદ્ગૃહસ્થે શું કહ્યું ?
3. લેખકને કેમ એમ લાગ્યું કે સદ્ગૃહસ્થની સમજવામાં ભૂલ થઈ છે ?
4. "આ ઘર તમને ફાવે છે કે નહીં" ? એમ પૂછતાં સજ્જને શો જવાબ આપ્યો ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.**

1. સજ્જનને મળવા જતી વખતે લેખકની મનોસ્થિતિનું વર્ણન કરો.
2. સજ્જને પોતાની પુત્રી માટે કેમ કોઈ વર શોધ્યો ન હતો ?
3. કોકો માટે લેખકે ડોક હલાવીને સંમતિ કેમ આપી ?
4. લેખકને ચા કેમ ન મળી ?

**પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો.**

1. સજ્જનને સમજવામાં કંઈક ભૂલ થઈ છે તેવું લેખકને ક્યારે લાગ્યું ?
2. શરદીને કારણે લેખક - સજ્જન વચ્ચે થયેલી ગેરસમજનું તમારા શબ્દોમાં વર્ણન કરો.

**પ્રશ્ન 4. કારણો આપો.**

1. સજ્જનના કાન વધારે અશક્ત બન્યા હતા.
2. લેખક ચા માટે ના નથી કહેતા.
3. લેખકે પોતાની વાત પત્ર દ્વારા લખી જણાવી.

**પ્રશ્ન 5. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

1. સજ્જન 2. સંવાદ
3. સમજ 4. આનંદ
5. દિવસ 6. અશક્ત

**પ્રશ્ન 6. શરદીના પ્રતાપે સજ્જન ગૃહસ્થે નીચેના શબ્દોને બદલે કયા શબ્દો સાંભળ્યા ? તે લખો.**

1. દવા ..........
2. ઘર ............
3. રજા ..........

**પ્રશ્ન 7. નમૂના પ્રમાણે આપેલ શબ્દ આગળ 'અ' લગાડી નવો શબ્દ બનાવો, તેનો અર્થ લખો.**

1. શક્તિ - અશક્તિ = ...................
2. શક્ય - .............. = ....................
3. સત્ય - ............... = ....................
4. ખંડ - ................ = ....................
5. માન્ય - .............. = ....................
6. તૃપ્ત - ................ = ....................

## પ્રવૃત્તિ

1. વર્તમાનપત્રમાંથી કોઈ એક હાસ્યલેખ પસંદ કરી તેનું વર્ગમાં વાચન કરો.
2. મિત્રો સાથે મળીને આ હાસ્યલેખનું નાટ્યરૂપાંતરણ પ્રાર્થનાસભામાં રજૂ કરો.
3. તમારી સાથે બનેલા હાસ્યપ્રસંગો મિત્રોને સંભળાવો.

## ભાષાસજ્જતા

### વચન

- નીચે આપેલાં બંને વિભાગનાં વાક્યો ધ્યાનથી વાંચો અને સમજો

| 'અ' વિભાગ | 'બ' વિભાગ |
|---|---|
| 1. આ છોકરો છે. | આ છોકરાં/છોકરાઓ છે. |
| 2. પેલી ગાય છે. | પેલી ગાયો છે. |
| 3. મારી પાસે પુસ્તક છે | મારી પાસે પુસ્તકો છે. |
| 4. છોકરી દડો રમે છે. | છોકરીઓ દડા/દડાઓ રમે છે. |
| 5. પેલું છોકરું રમે છે. | પેલાં છોકરાં રમે છે. |

ઉપર આપવામાં આવેલા 'અ' વિભાગના રેખાંકિત શબ્દો એક વ્યક્તિ, પ્રાણી કે વસ્તુનું સૂચન કરે છે. જ્યારે 'બ' વિભાગમાં રેખાંકિત શબ્દો એક કરતાં વધારે વ્યક્તિ, પ્રાણી કે વસ્તુનો નિર્દેશ કરે છે.

- જ્યારે કોઈ શબ્દ બોલવાથી, લખવાથી કે વાંચવાથી તે એક જ વ્યક્તિ, પ્રાણી કે વસ્તુ છે એમ સમજાય ત્યારે તે શબ્દ 'એકવચન' કહેવાય છે.
- જ્યારે કોઈ શબ્દ બોલવાથી, લખવાથી કે વાંચવાથી તે એકથી વધારે વ્યક્તિ, પ્રાણી કે વસ્તુ છે એમ સમજાય ત્યારે તે શબ્દ 'બહુવચન' કહેવાય છે.

દા.ત. : ગુજરાતી ભાષામાં બે વચન છે (1) એકવચન (2) બહુવચન

| **એકવચન** | **બહુવચન** |
|---|---|
| અક્ષર | અક્ષરો |
| પુસ્તક | પુસ્તકો |
| પેન | પેનો |
| લાકડી | લાકડીઓ |
| લાડવો | લાડવા/લાડવાઓ |
| માણસ | માણસો |
| સ્ત્રી | સ્ત્રીઓ |
| નદી | નદીઓ |

### કેટલીક સ્પષ્ટતા

**1. કેટલીકવાર એકવચન અને બહુવચનમાં એકનું એક રૂપ પણ વપરાય છે. જેમકે,**

1. સુનિલે ફળ ખાધું. ('ફળ' એકવચન)
   સુનિલે બધાં ફળ ખાધાં. ('ફળ' બહુવચન)
2. આ મારી ગાય છે. ('ગાય' એકવચન)
   આ બધી મારી ગાય છે. ('ગાય' બહુવચન)

3. પેલું વડનું ઝાડ છે. ('ઝાડ' એકવચન)
પેલાં વડનાં ઝાડ છે. ('ઝાડ' બહુવચન)

**2. કેટલીક સંજ્ઞાઓ એકવચનમાં જ વપરાય છે. જેમકે,**
પ્રેમ, પાણી, પેટ્રોલ, ખાંડ, ક્રોધ, સોનું, ટપાલ
(ખાસ કરીને દ્રવ્યવાચક નામો)

**3. કેટલીક સંજ્ઞાઓ એકવચનની હોવા છતાં બહુવચનમાં જ વપરાય છે જેમ કે,**
સમાચાર, લગન, પ્રણામ, અભિનંદન, બાજરી, દાળ

**4. કેટલાંક રોગનાં નામ બહુવચનમાં જ વપરાય છે.**
અછબડા, ઓરી, શીળી, મસા

**5. કેટલીક સંજ્ઞાઓનું એકવચન હોતું જ નથી તે બહુવચન જ દર્શાવે છે. જેમ કે,**
ચંપલ, ચશ્માં, હવાપાણી, માબાપ, જૂતાં

જેમ જેમ આગળ અભ્યાસ કરતા જશો તેમ તેમ આ અંગે વિશેષ માહિતી મળતી જશે.

## સ્વાધ્યાય

1. **એકવચન કરો** - બહેનો, ખડિયા, શિક્ષકો, ચિત્રો, પાનાં
2. **બહુવચન કરો** - લાડવો, પેન્સિલ, પાટલી, ભાઈ, દલીલ
3. **નીચેના વાક્યોને એક વચનમાંથી બહુવચન અને બહુવચનમાંથી એકવચનમાં ફેરવો.**
   1. હસતો ચેહરો સૌને ગમે.
   2. મારી નોટમાં લીસું પાનું છે.
   3. બહેનો ભાઈઓને રાખડીઓ બાંધે છે.
   4. વાંદરાઓ ફળો ખાતા નથી.
   5. વર્ગખંડમાં પાટલી નથી.

BSER

# 9. જનનીની જોડ



**બોટાદકર**

**જન્મ : ઈ. સ. 1870 મૃત્યુ : ઈ. સ. 1924**

બોટાદકરનું પૂરું નામ દામોદર ખુશાલદાસ બોટાદકર હતું. એમનો જન્મ સૌરાષ્ટ્રના બોટાદમાં થયો હતો. એમણે માત્ર છ ધોરણ સુધીનો જ અભ્યાસ કર્યો હતો છતાં સંસ્કૃત ભાષા ઉપર તેમનું સારું એવું પ્રભુત્વ રહ્યું હતું. એમનું મુખ્ય અર્પણ કવિતાક્ષેત્રે રહ્યું છે.

'રાસતરંગિણી', 'કલ્લોલિની', 'સ્રોતસ્વિની', 'નિર્ઝરિણી', 'શૈવલિની' વગેરે તેમના મહત્ત્વના કાવ્યસંગ્રહો છે. આ કવિએ પ્રકૃતિ અને ગૃહજીવનની ભાવનાનાં સુંદર કાવ્યો આપ્યાં છે.

'જનની' તેમનું અને ગુજરાતી સાહિત્યનું નોંધપાત્ર કાવ્ય છે. માતાના પ્રેમની તોલે બીજા કોઈનો પ્રેમ આવતો નથી – એ મુખ્ય ભાવની આજુબાજુ આ રચના ગૂંથાઈ છે. સંસ્કૃત કવિઓએ પણ માતૃપ્રેમને સ્વર્ગના પ્રેમથી ચડિયાતો લેખ્યો છે.

આ ઊર્મિકાવ્ય છે. અંગ્રેજીમાં લિરિક નામનો કાવ્યપ્રકાર છે. ગુજરાતીમાં લિરિકની અસર નીચે ઊર્મિકાવ્યો લખાયાં, વિકસ્યાં. ઊર્મિકાવ્ય એટલે ઊર્મિ કે ભાવની સીધી લયસુંદર અભિવ્યક્તિ કરતી પદ્યરચના. તેમાં એક ભાવ કે વિચારનું અસરકારક નિરૂપણ હોય છે.

---

મીઠાં મધુ ને મીઠાં મેહુલા રે લોલ,  
એથી મીઠી તે મોરી માત રે,  
જનનીની જોડ સખિ ! નહિ જડે રે લોલ. પ્રભુના  
એ પ્રેમ તણી પૂતળી રે લોલ,  
જગથી જુદેરી એની જાત રે. જનનીની૦

અમીની ભરેલી એની આંખડી રે લોલ,  
વ્હાલનાં ભરેલાં એનાં વેણ રે. જનનીની૦

હાથ ગૂંથેલ એના હીરના રે લોલ,  
હૈયું હેમંત કેરી હેલ રે. જનનીની૦

દેવોને દૂધ એનાં દોહ્યલાં રે લોલ,  
શશીએ સિંચેલ એની સોડ્ય રે. જનનીની૦

જગનો આધાર એની આંગળી રે લોલ,  
કાળજામાં કૈંક ભર્યા કોડ રે. જનનીની૦

ચિતડું ચડેલ એનું ચાકડે રે લોલ,  
પળના બાંધેલ એના પ્રાણ રે. જનનીની૦

BSER

મૂંગી આશિષ ઉરે મલકતી રે લોલ,
　　　　લેતાં ખૂટે ન એની લ્હાણ રે. જનનીની૦

ધરતીમાતાયે હશે ધ્રૂજતી રે લોલ,
　　　　અચળા અચૂક એક માય રે. જનનીની૦

ગંગાનાં નીર તો વધે-ઘટે રે લોલ,
　　　　સરખો એ પ્રેમનો પ્રવાહ રે. જનનીની૦

વરસે ઘડીક વ્યોમવાદળી રે લોલ,
　　　　માડીનો મેઘ બારે માસ રે. જનનીની૦

ચળતી ચંદાની દીસે ચાંદની રે લોલ,
એનો નહિ આથમે ઉજાસ રે.
જનનીની જોડ સખિ ! નહિ જડે રે લોલ.

(‘રાસતરંગિણી’માંથી)

## ટિપ્પણ

**મધુ** - મધ **સખિ** - સાહેલી **પ્રેમ તણી** - પ્રેમરૂપી **પૂતળી** - માટી કે ધાતુ વગેરેમાંથી બનાવેલો સ્ત્રીનો ઘાટ **જુદેરી** - જુદી, ભિન્ન **જાત** - જાતિ **અમીની** - અમૃતની **વેણ** - વચન **હેમંત** - માગશરને પોષ મહિનાની ઋતુ **હેલ** - પાણી ભરવાની ગાગર **દોહ્યલાં** - દુર્લભ, સહેજે ન મળે તે **સોડ્ય** - પડખું **કોડ** - હોંશ, મનોભાવ **લ્હાણ** - પ્રેમની ભેટ **ઉજાસ** - પ્રકાશ, તેજ **અચળા** - ચળે નહીં તેવી, અચલા.

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાકયમાં જવાબ લખો.**

1. કવિ પોતાની માતાને કોના કરતાંય વધારે મીઠી ગણાવે છે ?
2. જનનીની આંખ અને વેણ શાનાથી ભરેલાં છે ?
3. દેવોને પણ કઈ વસ્તુ દુર્લભ છે ?
4. સમગ્ર જગતનો આધાર કોના પર રહેલો છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. ગંગાનાં નીર તો વધે - ઘટે રે લોલ
   સરખો એ પ્રેમનો પ્રવાહ રે.... જનની૦ - કાવ્ય પંક્તિ સમજાવો.
2. કવિએ માતૃપ્રેમની સરખામણી કયા પ્રાકૃતિક તત્ત્વો સાથે કરી છે તેનું વર્ણન કરો.
3. ‘‘માડીનો મેઘ બારે માસ’’ દ્વારા કવિ શું સરખવવા માગે છે ?

**પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો.**

'જનનીની જોડ' કાવ્ય દ્વારા વર્ણવાયેલ માતૃપ્રેમ વિશે નોંધ લખો.

**પ્રશ્ન 4. (1) નીચેના શબ્દો માટે કાવ્યમાં કયા શબ્દો પ્રયોજાયા છે તે શોધીને લખો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1. માતા | = | ......... | 5. અરમાન | = | ........... |
| 2. વિશ્વ | = | ......... | 6. ચંદ્ર | = | ........... |
| 3. હૃદય | = | ......... | 7. આકાશ | = | ........... |
| 4. પ્રકાશ | = | ........ | 8. મન | = | ........... |

**(2) નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

મીઠું, પ્રેમ, અમી, દેવ, આશિષ, અચળ, ઉજાસ

**(3) નીચેના શબ્દોની સાચી જોડણી લખો**

મેહૂલા, મુનનિ, પુતળિ, દોયલા, મુંગી, આશીસ, ધ્રુમતિ, શખી

## પ્રવૃત્તિ

- શાળાની પ્રાર્થનાસભામાં આ કાવ્યનું સમૂહગાન કરો.
- તમારી માતા સાથેના મીઠાં સંસ્મરણો રજૂ કરતા પ્રસંગોનું વર્ણન તમારા મિત્ર સાથે કરો.

# 10. સારા અક્ષર



**પિંકી શાહ**

**જન્મ ઈ. સ. 1969**

પિંકીબહેન શાહનો જન્મ અમદાવાદમાં થયો છે. અધ્યાપન કાર્ય કરી રહ્યાં છે. ‘ગુજરાતી ધ્વનિવ્યવસ્થા’ અને ‘ગુજરાતી કોશ રચના’ વિશે એમણે સંશોધન કર્યા છે.

વિદ્યાર્થીઓના અભ્યાસમાં તેમજ વ્યવહારુ જીવનમાં સારા અક્ષરનું કેટલું મહત્ત્વ છે તે આ પાઠમાં સંવાદ દ્વારા દર્શાવ્યું છે. ‘ચરજો’ ને બદલે ‘મરજો’ વંચાય ત્યારે કેવી ગડબડ થાય ને અર્થનો અનર્થ થાય તે તરફ ધ્યાન ખેંચવામાં આવ્યું છે. સાથે સાથે ‘સારા અક્ષર શક્ય છે’-ની ચર્ચા પણ સંવાદ દ્વારા કરવામાં આવી છે.

આ નાટક-સંવાદ પ્રકારનો પાઠ છે. જેમાં એક જ નાના પ્રસંગ કે દશ્ય રૂપે સરળતાથી અને ચોટદાર રીતે વ્યક્ત કરવામાં આવે છે. તેથી એની પાછળ રહેલો હેતુ કે ભાવના વાંચનારને સ્પર્શી જાય છે. વિદ્યાર્થીઓ માટે તેની ભજવણી પણ વધુ અનુકૂળ રહે છે. અમુક દૃષ્ટિ કે ભાવનાને અસરકારક રીતે વ્યક્ત કરવા માટે આવા સંવાદો લખાય છે. સંવાદની ભાષા સરળ, પ્રવાહી, ચોટદાર અને સઘન હોય છે. સંવાદના આવા પ્રયોગ વડે વિદ્યાર્થીઓ ઉત્તમ રીતે માહિતી મેળવે છે.

---

**હાર્દિક** : મેહુલ, તું તો લેસન કરવા બેસી ગયો. ચલ ને રમવા; બધા જ તારી રાહ જુએ છે.

**મેહુલ** : આ લેસન પૂરું થઈ જાય એટલે શાંતિ ને !

**હાર્દિક** : અરે વાહ ! તારી નોટનાં પાનાં કેવાં મસ્ત છે, લીસાં લીસાં. હં... હવે મને ખબર પડી કે સાહેબ કાયમ તારી નોટ જ ક્લાસમાં કેમ બતાવતા હશે ?

**મેહુલ** : મારી નોટમાં લીસાં પાનાં છે એટલે કંઈ સાહેબ ક્લાસમાં નથી બતાવતા. પણ મારા અક્ષર સારા છે અને નોટમાં હું છેકછાક નથી કરતો ને એટલે સાહેબ બધાને બતાવે છે.

**હાર્દિક** : હા, પણ લીસાં અને સરસ પાનાં હોય તો અક્ષર સરસ જ આવે ને ! લખવાની પણ મજા આવે.

**મેહુલ** : લીસાં પાનાં હોય એટલે અક્ષર સરસ આવે એવું ન હોય !

**સોનલ** : અરે હાર્દિક, તને આ મેહુલને બોલાવવા મોકલ્યો અને તું જ અહીં બેસી પડ્યો. બધા ભિલ્લુ પણ નક્કી થઈ ગયા છે. બધા તમારી વાટ જુએ છે.

**મેહુલ** : જો ને સોનું તું જ કહે એને, આ મારી વાત સમજતો જ નથી.

**સોનલ** : કેમ, શું થયું ?

**મેહુલ** : એ મને કહે છે કે મારી નોટમાં પાનાં લીસાં છે એટલે મારા અક્ષર સરસ આવે છે. એવું તે કંઈ હોતું હશે ?

**સોનલ** : ના યાર, એવું તો ના હોય જો ને, મારા પપ્પા મારા માટે મોંઘી મોંઘી નોટ ક્યાં લાવે છે ?

**હાર્દિક** : મારા પપ્પાને તો હું કહું છું તોય નથી લાવતા.

**રાધા** : એવી બધી તો પપ્પાને ખબર પડે જ ને ! જે આપણા કામનું હોય એ મોઘું હોય તોપણ લાવે અને કામનું ના હોય તો ના પણ લાવે; એમાં શું ?

**હાર્દિક** : પણ, એટલે તો મારા અક્ષર સારા નથી આવતા.

**સોનલ** : એવું કશું નહિ. મારા અક્ષર તો ગમે તેના પર લખું પણ સરસ આવે છે.

**રાધા** : એ તો તું અણીવાળી પેન્સિલથી લખે છે, એના લીધે.

**અશરફ** : એમાં જ તો તું આખો દિવસ પેન્સિલ છોલ છોલ કરતી હોય છે.

**હાર્દિક** : ... ને બે દિવસમાં એક પેન્સિલ પૂરી કરે છે.

**સોનલ** : એ તો અણી તૂટી જાય તો છોલવી જ પડે ને ! અને પેન્સિલ જ બટકણી હોય તો હું શું કરું !

**રાધા** : સંચાથી છોલે છે એટલે કદાચ તૂટી જતી હશે. બ્લેડથી છોલીશ તો નહિ તૂટે.

**ધવલ** : પણ બ્લેડથી છોલવા જતાં પેન્સિલના બદલે આંગળી જ છોલાઈ જાય તો ?

**અશરફ** : મારી પાસે તો એવી બ્લેડ છે કે અણી ભક્કમદાર થાય, પણ જરાય વાગે નહિ.

**રાધા** : પણ તારા પપ્પા તો કહેતા હતા કે તારા અક્ષર બહુ ગંદા છે.

**અશરફ** : અબ્બુ તો એમ જ કહે કે કલમથી લખીએ તો જ અક્ષર સારા આવે.

**મેહુલ** : આ કલમ વળી શું છે ?

**અશરફ** : એક જાતની પેન જ કહેવાય. બરુ કે એવા કશાકની પેન્સિલ જેટલી લાકડીને આગળથી તીરછી છોલીને એનાથી લખવાનું.

**રાધા** : લાકડાથી તો કંઈ ના લખાય.

**ધવલ** : એમાં સહી કે રીફિલ કેવી રીતે ભરાય ?

**અશરફ** : કલમમાં રીફિલ ના નખાય. અને એમાં સહી પણ નહિ ભરવાની.

**ધવલ-હાર્દિક** : તો પછી ?

**અશરફ** : કલમને દવાતમાં એટલે કે ખડિયામાં બોળવાની અને એનાથી લખવાનું.

**હાર્દિક** : તો તો વારે ઘડીએ ખડિયામાં બોળ્યા જ કરવું પડે !

**અશરફ** : હાસ્તો, પણ એનાથી લિખાઈ બહુ જ સરસ આવે.

**ધવલ** : એના કરતાં આપણી બૉલપેન સારી. નહિ અણી છોલવાની ચિંતા, નહીં સહી ભરવાની માથાકૂટ કે ના હાથ ગંદા થાય. રીફિલ ખલાસ થાય એટલે બદલી કાઢવાની..બસ.

**સોનલ** : પણ એનાથી તો અક્ષર ગંદા આવે !

**મેહુલ** : મારા અક્ષર તો બૉલપેનથી પણ સારા આવે છે.

**હાર્દિક** : તારા અક્ષર તો આમ પણ સરસ છે. હું તો પેન્સિલથી લખું કે બૉલપેનથી – અક્ષર સારા આવતા જ નથી.

**રાધા** : એનો અર્થ એ જ કે પેન-પેન્સિલ-બૉલપેન – જે ફાવતું હોય એનાથી લખવાનું. અક્ષર સારા હોય તો ગમે તેનાથી લખો અક્ષર સારા જ આવે અને ખરાબ અક્ષર હોય તો ખરાબ.

હાર્દિક : પણ ખરાબ અક્ષરને લીધે કેટલી તકલીફ થાય છે !

ધવલ : કેમ ?

હાર્દિક : મારા સાહેબ કહેતા હતા કે મારા અક્ષર ખરાબ છે એટલે મારા માર્ક્સ કપાઈ જાય છે. હું શું લખું છું તે જ તેમને ખબર નથી પડતી.

રાધા : અરે, એના લીધે તો કેવી ગરબડ થતી હોય છે ! મારી મમ્મી બહારગામ ગઈ ત્યારે મારાં ફોઈએ મારી મોટી બહેનને કાગળમાં લખ્યું 'માટલું બરાબર સાફ કરજો, ઓટલો બરાબર વાળજો.' અને એમને એવું વંચાયું 'ચાટલું બરાબર સાફ કરજો, ચોટલો બરાબર વાળજો.' તે મારી બહેન તો બિચારી રોજેરોજ દરેક ચાટલા સાફ કર્યા કરે અને ટૂંકા વાળમાં ચોટલો વાળવાની કોશિશ કર્યા કરે. બિચારી એવી કંટાળી ગઈ કે વાત નહિ.

અશરફ : ખબર પડી ત્યારે બહુ હસ્યાં હશો, નહિ ?

રાધા : હાસ્તો, પણ કોઈ વાર ઓડનું ચોડ વેતરાઈ જાય તો ?

હાર્દિક : મેં એકવાર સાંભળ્યું હતું કે એક જણે ગામડે કાગળમાં લખ્યું કે 'ઢોરને બરાબર ચારજો.' અને ત્યાં એવું વંચાયું કે 'ઢોરને બરાબર મારજો.' તે એમાં બિચારાં ઢોર માર ખાઈ ખાઈને અધમૂઆં થઈ ગયાં.

મેહુલ : એટલા માટે તો ગાંધીજીએ કહ્યું છે કે ખરાબ અક્ષરો એ અધૂરી કેળવણીની નિશાની છે.

હાર્દિક : પણ ગંદા અક્ષર સુધારવા હોય તો શું કરવાનું ?

સોનલ : મારા દાદી એવું કહેતાં કે સવારે વહેલા ઊઠીને ઠંડા પાણીમાં હાથ નાખી દેવાના અને હાથ ઠરી જાય પછી એવા હાથે ધીમે ધીમે સરસ રીતે લખવાનું.

રાધા : મારા દાદા એવું કહેતા કે એમના જમાનામાં પાટલી પર ભીની માટી પાથરીને સરસ વળાંકવાળા અક્ષર લખીને માટીને સુકાવા દેતા અને પછી એ અક્ષરની અંદર લખ્યા કરવાનું; પણ હવે આજના જમાનામાં કોણ આવું બધું કરે ?

ધવલ : પણ આપણે નાના હતા ને સુલેખનની નોટમાં લખતા હતા એવી રીતે તો લખાય ને !

અશરફ : મારો ભાઈ નાનો હતો ત્યારે મારા અબ્બુએ બહુ ચિત્રો દોરાવેલાં. કદાચ એનાથી અક્ષરના વળાંક સરસ થતા હશે. તું પણ વર્તુળ-અર્ધવર્તુળવાળા, ઊભી-આડી-ત્રાંસી લીટીવાળાં ચિત્રો દોરી જો ને !

હાર્દિક : અરે, હું તો એકડિયા બગડિયાની જેમ અક્ષર ઘૂંટવા પણ તૈયાર છું. કંઈક તો કરવું જ પડશે ને ! ગંદા અક્ષરની તો મને બહુ શરમ આવે છે !

મેહુલ : ધીરજ રાખીને સતત પ્રયત્ન કરીશ તો ચોક્કસ સફળ થઈશ.

સોનલ : હવે વાતોનાં વડાં જ કરવાં છે કે રમવાયે જવું છે ?

મેહુલ, હાર્દિક, રાધ, ધવલ, અશરફ : હા... ચાલો... ચાલો... જલ્દી કરો. પછી અંધારું થઈ જશે.

## ટિપ્પણ

**ભિલ્લુ** - રમતનો સાથી, જોડીદાર **વાટ જોવી** - રાહ જોવી **બટકણી** - સહેલાઈથી તૂટી જાય તેવી **દવાત** - ખડિયો, સ્યાહી ભરવાનું સાધન **ખડિયો** - કાચનો નાનો શીશો, બાટલો **ભક્કમદાર** - ભપકદાર, સારી મજાની (અહીં), ધારદાર **તીરછી** - ત્રાંસી **ગરબડ** - મુશ્કેલી **દર્પણ** - અરીસો **કોશિશ** - પ્રયાસ, પ્રયત્ન **ઓડનું ચોડ વેતરાવવું** - વિચિત્ર, સાવ ઊંધુ થવું, ધાર્યા કરતાં પરિણામ અલગ આવવું **અધમૂઆં** - અર્ધા મરેલાં, શક્તિહીન **એકડિયા બગડિયાની જેમ** - શિખાઉની જેમ **વાતોનાં વડાં** - નકામી લાંબી વાતો, ખાલી વાતો.

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક બે વાક્યમાં જવાબ લખો.**

1. લખતી વખતે પાનાં લીસાં હોય તો શું થાય ?
2. કલમથી કઈ રીતે લખવામાં આવે છે ?
3. ખરાબ અક્ષરથી હાર્દિકને કયું નુકસાન થાય છે ?
4. સોનલે આવીને હાર્દિકને શું કહ્યું ?
5. સાહેબ વર્ગમાં બધાંને શા માટે મેહુલની નોટ બતાવતા હતા ?
6. ગાંધીજીએ ખરાબ અક્ષરો વિશે શું કહ્યું છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. અક્ષર સુધારવા માટેના વિવિધ ઉપાયોનું વર્ણન કરો.
2. ધવલ શા માટે બોલપેનને સારી ગણાવે છે ?

**પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો.**

1. ખરાબ અક્ષરને કારણે થતી ગરબડો વિશે રાધાએ શું કહ્યું ?

**પ્રશ્ન 4. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો આપો.**

| | | | |
|---|---|---|---|
| 1. | ધીરજ | 4. | લીસું |
| 2. | અણીદાર | 5. | ગંદુ |
| 3. | મોંઘુ | 6. | અંધારું |

**પ્રશ્ન 5. નીચે આપેલા રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યપ્રયોગ કરો.**

1. વાતોનાં વડાં કરવાં
2. ઓડનું ચોડ વેતરાઈ જવું

**પ્રશ્ન 6. રોજિંદી વાતચીતમાં વપરાતા કેટલાંક અંગ્રેજી શબ્દો આ પાઠમાં તમે વાંચ્યા. હવે આવા બીજા દસ શબ્દ શોધીને લખો.**

**ઉદાહરણ :** લેસન, ક્લાસ

**પ્રશ્ન 7. નીચેના શબ્દોની સાચી જોડણી લખો.**

- ભીલ્લું - રિફીલ
- પેન્સીલ - કોસીષ

BSER

## પ્રશ્ન 8. પાત્ર - સંવાદ યોગ્ય રીતે જોડો

| (અ) | | (બ) | |
|---|---|---|---|
| 1. | હાર્દિક | 1. | આ કલમ વળી શું છે ? |
| 2. | અશરફ | 2. | પણ ગંદા અક્ષર સુધારવા હોય તો શું કરવાનું ? |
| 3. | રાધા | 3. | એમાં સહી કે રીફિલ કેવી રીતે ભરાય ? |
| 4. | મેહુલ | 4. | ખબર પડી હશે ત્યારે વધુ હસ્યા હશો, નહિ ? |
| 5. | ધવલ | 5. | હવે આજના જમાનામાં કોણ આવું બધુ કરે ? |

## પ્રવૃત્તિ

1. શિક્ષકની મદદથી સુલેખન સ્પર્ધાનું આયોજન કરો.
2. ખરાબ અક્ષરના કારણે કોઈ ગરબડ થઈ હોય. તેનો અનુભવ વર્ગમાં કહો.
3. સુંદર હસ્તાક્ષર ધરાવતા શિક્ષકો પાસે જઈ તેમનું માર્ગદર્શન મેળવો.

## ભાષાસજ્જતા

સારા અક્ષર એ હાથનું ઘરેણું છે. સારા કે સુંદર અક્ષર સૌને ગમતાં હોય છે. જેને પોતાના અક્ષર સારા ન હોય તેને પણ સારા અક્ષર તો ગમે જ. સારા અક્ષર કાઢવા માટે શેની જરૂર છે ? આ પાઠમાંથી તમને જવાબ મળ્યો જ છે કે ધીરજપૂર્વક પ્રયત્ન કરવાથી અક્ષર સુધારીને સારા કરી શકાય. બધા અક્ષર સરખા ન હોય પણ સારા તો જરૂરથી થઈ શકે.

આ પાઠ સારા અક્ષરની વાતચીતનો હતો; બરાબરને ! તમારાં જેવાં વિદ્યાર્થીઓ અંદર-અંદર વાતો કરે છે કે સારા અક્ષરના ફાયદા શું ને ખરાબ અક્ષરથી શું નુકસાન થાય. સારા અક્ષર શેનાથી આવે ને તે માટે શું કરવું જોઈએ...

આ સિવાય બીજો કોઈ વિષય પસંદ કરી, ક્લાસરૂમમાં અંદર-અંદર વાતચીત, સંવાદ કરી શકો છો. જેના લીધે માહિતીની આપ-લે થાય છે અને સરળતાથી સમજાય છે.

BSER

# 11. રાજસ્થાન

જયંત પાઠક

જન્મ : ઈ.સ. 1920 મૃત્યુ : ઈ.સ. 2003



કવિશ્રી જયંત હિંમતલાલ પાઠકનો જન્મ રાજગઢ ગામમાં થયો હતો. તેઓએ માધ્યમિક શાળા તેમજ કૉલેજ કક્ષાએ અધ્યાપનકાર્ય કર્યું હતું. સાહિત્યમાં ખાસ કરીને તેઓએ પદ્યમાં વિશેષ સર્જન કર્યું છે. મર્મર, સંકેત, વિસ્મય, સર્ગ... તેઓના જાણીતા પુસ્તકો છે. તેઓના સર્જનમાં પ્રકૃતિ, વતન, સંવેદના, પરમાત્મા, સુખ-દુઃખ...ના ભાવો પ્રગટ થતા જોવાં મળે છે. તેઓને વિવિધ પુરસ્કાર પ્રાપ્ત થયા છે. ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદના પ્રમુખ પદે પણ સેવાઓ આપી હતી.

આ પ્રકૃતિ ગીતમાં રાજસ્થાનની ભવ્ય ભૂમિની ભૌગોલિક, સાંસ્કૃતિક, પ્રાકૃતિક અને સામાજિક સ્થિતિને સરળ શબ્દોમાં રજૂ કરવામાં આવી છે. રેતાળ ધરતી, ઓછી ખેતી, પશુપાલન, ભવ્ય વારસામાં મહેલો અને સંગ્રહાલયોની વિગત ગીત-કાવ્યમાં કેન્દ્ર સ્થાને છે. રેતી-ખેતી, ઘેટાં-ઊંઘરેટાં... જેવાં પ્રાસ ગીતને ગેય ને મધુર બનાવે છે.

આ પ્રકૃતિગીત છે. વિશ્વભરના સાહિત્યમાં સૌથી લાંબી પરંપરા સાથે જીવંત રીતે વિકસતું રહેલું કોઈ સ્વરૂપ હોય તો તે ગીત છે. ગીતથી જ કવિતાનો અને સાહિત્યમાત્રનો આરંભ થયો છે એમ મનાય છે. શબ્દોની સરળતા અને લયમધુરતા એ ગીતનું અગત્યનું લક્ષણ છે. ગીત સાહિત્ય અને સંગીતની સરહદ પરનો નિરાળો કલાપ્રકાર છે.

---

અરધા ડુંગર, અરધી રેતી,
વચમાં વચમાં થોડીક ખેતી.

થોડાં બકરાં, થોડા ઘેટાં,
ટેકરીઓનાં ઊંટ ઊંઘરેટાં !

વનરાજિ સમ આછીપાંખી
પ્રજા ઉઘાડી અરધી ઢાંકી.

રેત અને પથ્થરના વ્હેળા
વહે રુધિરના રેલા ભેળા.

સૂનો મહેલ, છતોને માથે
કાળ લટકતો ઊંધે માથે.

ટેકરીઓ પર ઊગે ભાણ,
ચેતક ઠેકે પ્હાણે પ્હાણ.

ભાલા, તીર બખ્તર ને ઢાલ :
સંગ્રહસ્થાને કેદી કાળ !

BSER

## ટિપ્પણ

**અરધા** - અડધી **ઊંઘરેટાં** - ઉંઘમાં ભરાયેલા **વનરાજિ** - ઝાડની લાંબી હાર, જંગલનો લાંબો પ્રદેશ **સમ** - જેમ **આછી પાંખી** - થોડી ઘણી, બહુ ઓછી નહીં ને વધુ પણ નહીં **રેલો** - નાનો પ્રવાહ **લટકતો** - લબડવું, ઝૂલવું, લબડવું **ભાણ** - સૂર્ય, સૂરજ **પ્હાણ** - પથ્થર **કેદી** - જેલમાં રહેલો ગુનેગાર (અહીં સમયનો કેદી, સંગ્રહસ્થાનનો કેદી) **કાળ** - સમય **ઠેકે** - કૂદવું, છલાંગ મારવી

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ લખો.**

1. કવિને રાજસ્થાનની ધરતી પર શું જોવા મળે છે ?
2. રાજસ્થાની લોકોનો પહેરવેશ કેવો છે ?
3. રાજસ્થાનના સંગ્રહસ્થાનોમાં શું શું જોવા મળે છે ?
4. કવિને રાજા-મહારાજાના મહેલો કેવા દેખાય છે ?
5. રાજસ્થાનની પ્રજા વિશે કવિએ શું કહ્યું છે ?
6. 'વહે રુધિરના રેલા ભેળા' દ્વારા કવિ શાનું સૂચન કરે છે ?
7. ચેતકના ઉલ્લેખ દ્વારા કવિ કઈ વ્યક્તિનો ઉલ્લેખ કરે છે ?

**પ્રશ્ન 2. નીચેની કાવ્યપંક્તિ સમજાવો.**

(1) 'વનરાજિ સમ આછી પાંખી,
પ્રજા ઉઘાડી અરધી ઢાંકી'

(2) ભાલા, તીર, બખ્તર ને ઢાલ :
સંગ્રહસ્થાને કેદી કાળ !

**પ્રશ્ન 6. નીચેના શબ્દોનાં વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

અરધા, ઊઘાડી, ઊગે

## પ્રવૃત્તિ

- રાજસ્થાની લોકગીત 'जय जय राजस्थान' નું પ્રાર્થનાસભામાં સમૂહગાન કરો.
- કાવ્યમાં રજૂ થયેલ શબ્દ 'ચેતક' વિશે શિક્ષક પાસેથી માહિતી મેળવો.


## ભાષાસજ્જતા

આપણે કોઈ સ્થળે ફરવા જઈએ અને ત્યાં ખૂબ મઝા કરીને પાછા આવીએ. ઘેર આવી તમને કોઈ પૂછે કે તમે ત્યાં શું કર્યું ? ત્યાં શું જોયું ? કોઈ જગ્યાનું વર્ણન કરતાં આવડે ખરું ? વર્ણન કરવું એટલે શું કરવું ? કોઈ એમ કહે કે, 'અમે ગયા ત્યાં ડુંગર હતો. અમે ત્યાં ડુંગર ચઢ્યા, ઝાડ નીચે બેઠાં, રમ્યા; ખાધું-પીધું અને પાછા આવ્યા.' તો આ વર્ણન કહેવાય.

વર્ણન એવું કરવું જોઈએ કે એ જગ્યા સાંભળનારને નજર સામે દેખાવા લાગે. તમને સારું ચિત્ર દોરતાં આવડતું હોય તો તમે ચિત્ર દોરી બતાવશો. પણ ચિત્ર દોરતાં ન આવડે તો ? શબ્દથી કામ ચલાવવું પડે. શબ્દો પણ ચિત્રનું કામ કરી શકે છે. વાંચનાર કે સાંભળનારની નજર સામે એ દૃશ્ય દેખાવા લાગે એવું શબ્દોનું ચિત્ર એટલે વર્ણન.

# 12. વીર ભામાશા

**દુર્ગેશ શુક્લ**



**જન્મ : ઈ. સ. 1911 મૃત્યુ : ઈ. સ. 2006**

દુર્ગેશ તુલજાશંકર શુક્લ વઢવાણના વતની. વ્યવસાયે તેઓ શિક્ષક હતા. તે સાથે લેખનપ્રવૃત્તિ કરતા હતા. તેમણે બાળકો તેમજ કિશોરો ભજવી શકે એવાં કેટલાંક સુંદર નાટકો લખ્યાં છે. બાળકો માટે 'છમછમાછમ', 'ડોશીનું તુંબડું', શિશુ સાહિત્ય સૌરભ' જેવાં પુસ્તકો લખ્યાં છે. તેઓ ખાસ કરીને નાટક અને કવિતાક્ષેત્રે કાર્ય કરતા રહ્યાં છે.

મહારાણા પ્રતાપ રાજસ્થાન જ નહીં, ભારતીય ઈતિહાસનું તેજસ્વી પાત્ર છે. રાણા પ્રતાપ મેવાડના રાજવી હતી. તેઓ શૌર્ય, ટેક, સ્વદેશપ્રેમ જેવા વીર પુરુષોના ગુણો ધરાવતા હતા. મેવાડની સ્તંત્રતાનું રક્ષણ કરવા માટે મોગલ સમ્રાટ અકબર સામે એ રણે ચડ્યા હતા. પરંતુ સાધન-સામગ્રી, અન્ન વગેરે ખૂટી જતાં મેવાડ છોડવાનો નિર્ણય કર્યો હતો. પણ અણીના સમયે ભામાશા નામના એક શ્રીમંત વેપારીએ પોતાનો બધો ખજાનો મહારાજાનાં ચરણોમાં ધરી દીધો હતો. ભામાશાની રાણા પ્રત્યેની વફાદારી અને દેશભક્તિ તથા રાણાનાં પ્રજાપ્રેમ અને મેવાડ ભક્તિ ભારતના ઈતિહાસની ગૌરવ - ગાથા છે. તેને અનુલક્ષીને પ્રસ્તુત નાટક લખાયું છે.

નાટક કદાચ વિશ્વભરના સાહિત્યનો કદાચ સૌથી જૂનો સાહિત્યપ્રકાર છે. કથા સાહિત્યની જેમ નાટકમાં પણ કથા વસ્તુ, પાત્રાલેખન, સંવાદ-નિરૂપણ વગેરે અંગો હોય છે, પરંતુ નાટક દશ્ય સ્વરૂપ છે. એમાં વસ્તુનું કથન નથી થતું. એને પ્રત્યક્ષ રીતે બતાવવામાં આવે છે. અભિનય, નૃત્ય, સંગીત, સજાવટ વગેરેના સમન્વયથી નાટક રચાય છે.

---

## પ્રવેશ પહેલો

(મેવાડના શાહસોદાગર ભામાશાની પેઢી. મુનીમો ચોપડામાં માથું ઘાલી બેઠા છે. કોઈ કલમ વડે ખાતાં પાડે છે. કોઈ આંગળીને વેઢે હિસાબ ગણે છે. ભામાશા ગાદીતકિયે બેઠા અને સામે બેઠેલા મારવાડી વેપારી જગડુશા સાથે વાતમાં છે.)

**ભામાશા** : ભાઈ જગડુ, તું કહે છે એ રીતે પૈસા તો મળે. પણ...

**જગડુ** : લખલૂટ પૈસા, શેઠજી ! પછી બોતેર પેઢી બેઠી-બેઠી ખાય તોય ખૂટે નહિ.

**ભામાશા** : (હસીને) હા, આવનારી પેઢીઓ ખાય, પણ ગયેલી બોતેર પેઢીની અસદ્‌ગતિ થાય.

**જગડુ** : હી હી હી..... શેઠજી. તમે તો વેપારની વાતમાંયે પાપ ને પુણ્ય લાવશો ?

**ભામાશા** : તો બીજે ક્યાં લાવું ? હજી તને મૂછનો દોરો ફૂટે છે ને હું થયો ઘરડો. દુશ્મનના લશ્કરને સરંજામ પૂરો પાડીને પૈસા કમાઈએ, પણ સાથે સાથે પાપનું પોટલું પણ બાંધીએ ! મેવાડના દુશ્મનને મદદ કરી મેવાડને દુશ્મન બનાવીએ ? આ ધરતીને રંજાડનાર શાહજાદા સલીમને ભામાશા અને તણખલુંયે વેચવા માગતો નથી. જા. કહજે જઈને !

**જગડુ** : શેઠ, બહુ સરસ તક ગુમાવો છો હો ! બાદશાહ ન્યાલ કરી નાખશે. જાણો તો છો કે રાણો હવે થાક્યો છે. મેવાડની ધરતીને છેલ્લી સલામ કરી જાય એટલી વાર છે. બાદશાહની જીત નક્કી છે. ઊગતા સૂરજને પૂજો. ભામાશા !

**ભામાશા** : જગડુ, તું ભામાશાને શું ધારે છે ?

**જગડુ** : કહું ? ખોટું ન લગાડશો. તમે વેપારી નથી. તકનો લાભ લઈને બે પૈસા પેદા ન કરી લે તે વેપારી ન કહેવાય.

**ભામાશા** : તારી વાત ખોટી છે, જગડુ ! ધનની પ્રાપ્તિનાં સાધનો પવિત્ર હોવાં જોઈએ. સાધનની અપવિત્રતા લક્ષ્મીનો સંચય કરાવે છે; પણ એ શાપિત લક્ષ્મી જાય ત્યારે જડમૂળથી ખેદાનમેદાન કરીને. એ રીતે લક્ષ્મી ભેગી કરવાનો વિચાર ભામાશાને ન આવે, જગડુ !

**જગડુ** : ભલે ત્યારે, જેવી તમારી મરજી.

**ભામાશા** : ને યાદ રાખજે – મેવાડી પ્રજાને રંજાડતા દુશ્મનના સૈન્યને સરંજામ પૂરો પાડવાના દુષ્ટ કાર્યમાં જો કોઈ પણ મેવાડી વેપારી મદદ કરશે, તો એ ભામાશાના હાથે ધૂળ ચાટતો થઈ જશે. જા, હવે આવા સોદા કરી દલાલી ખાવાના ગંદા ધંધા મૂકી સારે માર્ગે બે પૈસા રળી ખા.

(જગડુ ઊભો થઈ ચાલ્યો જાય છે. એક બીજો મેવાડી પ્રવેશે છે.)

**ભામાશા** : કેમ, ઉદા ?

**ઉદો** : જગડુના જવાની રાહ જોતો બહાર ઊભો હતો.

**ભામાશા** : બોલ, શું છે ?

**ઉદો** : રાણો મેવાડ છોડી જાય છે.

**ભામાશા** : (ગંભીર બની) હેં !

**ઉદો** : સિંધુ તરફ ઘોડા દોડવી જાય એટલી વાર છે.

**ભામાશા** : અરેરે ! બાપા રાવળના વંશજની આ સ્થિતિ ! સૂર્યવંશી સિસોદિયાના મુકુટમણિની આ દશા ! એ જશે તો મેવાડની કીર્તિ ઝંખવાશે. ઉદા !

**ઉદો** : એ કરે પણ શું, ભામાશા ? લાખોના દુશ્મન સૈન્યની સામે એકલે હાથે ઝઝૂમ્યો, વન-વન રખડ્યો, પણ વિધાતાએ યારી ન આપી. સૈનિકોને ખવરાવવા મૂઠી જાર ન રહી ત્યારે મેવાડનો ત્યાગ કરવાનો વિચાર આવ્યો. નહિ તો કોઈને વતન છોડી જવું ગમે ખરું ?

**ભામાશા** : પણ જવા દેવાય કેમ, ઉદા ? પછી આ ભામાશા ગાદીતકિયે બેઠો-બેઠો વેપાર કરશે ? ઉદા, ઘોડો તૈયાર કર. મારે રાણાને મળવા જવું છે.

(બંને ઊઠે છે.)

## પ્રવેશ બીજો

(રાણો પ્રતાપ, સલુંબરાજી, બીજા પટાવતો ને સામંતો ઊભા છે.)

**પ્રતાપ** : મેવાડની ભૂમિ ! છેલ્લા જુહાર ! જનની-જન્મભૂમિ ! ભાગ્યમાં હશે તો તારો ખોળો ખૂંદવા પાછા આવીશું. થાક્યા-હાર્યા, બાદશાહ અકબરના હાથે પડીએ તે પહેલાં અહીંથી દૂર ઘોડા ખેલાવી જશું. તક મળશે તો ફરી આવશું ને તને બંધનમુક્ત કરીશું. મા, રજા દે !

**સલુંબરાજી** : જરૂર, આપણે પીઠ બતાવીને રણભૂમિ છોડી જતા નથી, પણ પાછા આવવાનું બળ મેળવી લેવા જઈએ છીએ.

**એક પટાવત** : ફરીથી મેવાડની ધરતી પર સિસોદિયાઓના ઘોડાઓના ડાબલા ગાજશે.

**એક સામંત** : ને શાહજાદો સલીમ અને મોહબતખાં ઊભી પૂંછડીએ જીવ લઈ ભાગશે.

**પ્રતાપ** : મારા સુખદુ:ખના સાથી શૂરા સામંતો, મેવાડને મુક્ત કર્યા વિના રાણો પ્રતાપ જંપવાનો નથી તે નિશ્ચય જાણજો. માભોમ દુશ્મનને પગે ચંપાતી હોય, ને સુખે સૂએ એ કાયર, વીર નહિ. મેવાડને સ્વતંત્ર ન કરું ત્યાં લગી હું પલંગે પોઢીશ નહિ. આજે તો હું લાચાર છું. મારા કોઠાર ખૂટી ગયા છે. સૈનિકોને ખવરાવવા મૂઠી અન્ન નથી, આપવા પગાર નથી. દુશ્મનો મેવાડની પ્રજાને લૂંટફાટ કરી હેરાન કરે છે. મારે પ્રજાને આ કિન્નાખોરીમાંથી બચાવવી છે; એટલે જ હું આ ભૂમિનો ત્યાગ કરી જવા માગું છું.

**(દૂરથી ઘોડાના ડાબલા સંભળાય છે.)**

**પ્રતાપ** : કોઈ આવતું લાગે છે !

**સલુંબરાજી** : (તલવાર ખેંચી) જય એકલિંગજી !

**એક સામંત** : દુશ્મન હશે !

**પટાવત** : ના, લાગે છે તો કોઈ મેવાડી.

**સલુંબરાજી** : અરે, આ તો ભામાશા !

**પ્રતાપ** : કોણ ? ભામાશા ?

**ભામાશા** : (પ્રવેશ કરી) હા, મહારાણા પ્રતાપ ! હું ભામાશા, તમારાં ચરણોની રજ. સિસોદિયા-કુળનો શિરતાજ મેવાડની ભૂમિ છોડવા તત્પર થયો છે — એવા સમાચાર સાંભળી દોડતો આવ્યો છું.

**પ્રતાપ** : બીજો કોઈ ઉપાય નથી, ભામાશા ! કોઠાર ખૂટ્યાં, અન્નના સાંસા પડ્યા. શત્રુ સામે ઝઝૂમવાની તાકાત ખૂટી નથી, પણ સાધનો ખૂટ્યાં છે.

**ભામાશા** : નથી ખૂટ્યાં સાધનો કે નથી ખૂટી તાકાત ! મહારાણા, ભામાશાનો કોઠાર ભરેલો છે. સિસોદિયા રાણાઓના પ્રતાપે અઢળક ધન એકઠું કરેલું છે. તે ધન કોનું ? ભામાશાનું નહિ, પ્રજાનું અને પ્રજાને પડખે રહી શત્રુઓ હંફાવતા રાણા પ્રતાપનું. બાર વર્ષ સુધી પચીસ હજાર યોદ્ધાઓને પોષી શકાય એટલું ધન છે. એનો સ્વીકાર કરો ને મેવાડની મુક્તિનો સંગ્રામ બમણા જોરથી શરૂ કરો.

**પ્રતાપ** : (હર્ષથી) આ સાચું બોલો છો, ભામાશા ?

**ભામાશા** : હા મહારાણા ! મારા ઘરમાં રૂંધાયેલી લક્ષ્મીએ પોકાર પાડ્યો છે. એ કહે છે : કોઈ પુણ્ય કાર્યમાં મને વાપર. વતનની સ્વતંત્રતાથી વધારે પુણ્ય કાર્ય બીજું છે પણ શું ? તમે વાપરો ને મેવાડને ફરી ઉજ્જવલિત કરો. જે લક્ષ્મી પવિત્ર સાધનો દ્વારા આવી છે એ લક્ષ્મીનું ફળ સારું જ મળશે, રાણાજી !

**પ્રતાપ** : ધન્ય છે, ભામાશા ! તમારા જેવાં નરરત્નોથી મેવાડની ભૂમિ ઉજ્જવળ છે. સલુંબરાજી ! જે ભૂમિમાં આવા વીર આત્માઓ પાકે છે, તે ભૂમિ કદી કોઈને તાબે થવાની નથી. એ સદા સ્વાતંત્ર્યના સ્વર્ગમાં વિહરતી રહેશે !

**સલુંબરાજી** : જય હો મેવાડનો !

(સહુ મેવાડનો જય ગજાવે છે. પડદો પડે છે.)

## ટિપ્પણ

**પેઢી** - વેપારીની કોઠી, દુકાન **મુનીમ** - પેઢીનો મુખ્ય ગુમાસ્તો **હિસાબ** - ગણતરી **આંગળીને વેઢે હિસાબ ગણવો** - કોઈપણ સાધનનો ઉપયોગ કર્યા વિનાની ગણતરી કરવી **લખલૂટ** - અઢળક, પુષ્કળ **બોતેરી પેઢી બેઠી બેઠી ખાય** - ખૂટે નહીં તેટલું **અસદ્‌ગતિ** - અવળી ગતિ **મૂછનો દોરો ફૂટે છે** - જુવાનીમાં પ્રવેશ થાય છે **સરંજામ** - હથિયાર વગેરે સાધન સામગ્રી **પાપનું પોટલું બાંધવું** - ઘણાં પાપ એકઠાં કરવાં **રંજાડનાર** - પરેશાન કરનાર **એક તણખલુંયે** - સહેજ પણ નહીં **ન્યાલ કરી નાખશે** - પૈસાદાર બનાવશે **ધૂળ ચાટતા થઈ જશે** - પૂરેપૂરા બરબાદ થઈ જશે **ઊગતા સૂરજને પૂજો** - જેની ચડતી થતી હોય તેની સ્તુતિ કરો **ખોટું ન લગાડશો** - ખરાબ ન માનવું **બે પૈસા પેદા ન કરી લે** - થોડું ઘણું કમાય નહિ **શાપિત લક્ષ્મી** - અનીતિના - પાપના માર્ગે આવેલી સંપત્તિ જળ મૂળથી ખેદાન મેદાન કરીને સંપૂર્ણ વિનાશ કરીને, તારાજ કરીને **દુષ્ટ કાર્ય** - ખરાબ કામ, ખોટા કામ **દલાલી ખાવાના** - બે પક્ષ વચ્ચે રહીને લાભ મેળવવાનો **વંશજની** - વંશમાં જન્મેલાની, સંતાનની **સૂર્યવંશી** - સૂર્યવંશ અને ચંદ્રવંશ એમ, પ્રાચીન કાળમાં બે રાજકુળ હતા, રાણા પ્રતાપ સૂર્ય વંશમાં જન્મેલા હતા **મુકુટમણિની** - મુકુટમાં જડેલા મણિની (અહીં) સહુમાં શ્રેષ્ઠ **કીર્તિ ઝંખવાશે** - આબરૂ ઓછી થશે ઈજ્જત ઘટવી **એકલે હાથે ઝઝૂમ્યો** - કોઈની મદદ વિના લડવું, કાર્ય કરવું **વિધાતાએ** - નસીબે **છેલ્લા જુહાર** - છેલ્લી સલામ, છેલ્લા નમસ્કાર **પીઠ બતાવીને** - કાયર થઈને, ડરપોક બનીને **અકબરના હાથે પડીએ** - અકબરના હાથે કેદ થઈએ **પટાવત** - રાજસેવા બજાવવા બદલ ગામ - ગરાસનો પટો ધરાવનાર - ભોગવનાર **ઊભી પૂંછડીએ ભાગશે** - જીવ લઈને નાસી જશે **દુશ્મનના પગે ચંપાતી** - દુશ્મનોના હાથમાં હોય તેમના સંકજામાં હોય **પલંગે પોઢીશ નહિ** - (અહીં) ચેનથી બેસીશ નહીં **કિન્નાખોરીમાંથી** - બદલો લેવાની વૃત્તિમાંથી **એકલિંગજી** - સિસોદિયા રજપૂતોના ઈષ્ટદેવ, ઉદેપુરથી શ્રીનાથજી જતાં રસ્તામા આવતું શિવમંદિર છે **ચરણોની રજ** - (અહીં) નમ્ર સેવક **શિરતાજ** - માથાનો મુગટ (અહીં) સમયનો સર્વશ્રેષ્ઠ વીરપુરુષ **અન્નના સાંસા** - ખોરાકની તીવ્ર અછત **ઉજ્જવલિત** - ઉજળું (અહીં) તેજસ્વી **પોષી શકાય એટલું** - (અહીં) ચાલી શકે તેટલું **ઘરમાં રૂંધાયેલી લક્ષ્મી** - ઘરમાં મૂકી રાખેલી લક્ષ્મી (ધન) **નરરત્નો** - શ્રેષ્ઠ પુરુષો **તાબે થવાની** - સાનિધ્યમાં રહેવાની, કોઈના અંકુશમાં, કોઈના દબાણ હેઠળ **વિહરતી** - આનંદમાં હરતી - ફરતી

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો.**

1. ભામાશા જગડુ સાથે કયો સંદેશો મોકલાવે છે ?
2. રાણાને કઈ સ્થિતિમાં મેવાડ ત્યાગ કરવાનો વિચાર આવે છે ?
3. રાણાપ્રતાપ કઈ પ્રતિજ્ઞા લે છે ?
4. ભામાશા પાસે કેટલું ધન પડ્યું છે ?
5. જગડુ કઈ વાત કરવા ભામાશા પાસે આવ્યો છે ?
6. જગડુ ભામાશાને શું ધારતો હતો ?
7. ઉદો બહાર શા માટે ઊભો હતો ?
8 ઉદાએ ભામાશાને શા ખબર આપ્યા ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. કયા સમાચાર સાંભળીને ભામાશા રાણાને મળવા દોડી જાય છે ?
2. જગડુ ભામાશાને શી શીખામણ આપે છે ?
3. જગડુના મત અનુસાર વેપારી કેવો હોવો જોઈએ ?
4. પ્રતાપે ભામાશાને શા માટે ધન્યવાદ આપ્યા ?

**પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો.**

1. દુશ્મનને મદદ કરવા અંગે ભામાશાએ જગડુને શું કહ્યું ?
2. ધનપ્રાપ્તિ અંગેના ભામાશાના વિચારો જણાવો.
3. ભામાશાએ જગડુને કઈ વાત યાદ રાખવા કહ્યું ?
4. ભામાશાએ પ્રતાપને શું આશ્વાસન અને હિંમત આપ્યા ?

**પ્રશ્ન 4. કારણો આપો.**

1. શાહજાદા સલીમને ભામાશા એક તણખલુંયે વેચવા માગતા નથી કારણ કે...
2. જગડુએ ભામાશાને કહ્યું, 'ઉગતા સૂરજને પૂજો.' કારણકે...
3. પ્રતાપને મેવાડનો ત્યાગ કરવાનો વિચાર આવ્યો કારણકે..

**પ્રશ્ન 5. નીચેના પાત્રો વિશે પાંચ-સાત વાક્યો લખો.**

1. રાણાપ્રતાપ
2. ભામાશા
3. જગડુ
4. ઉદો
5. સલુંબરાજી

**પ્રશ્ન 6. નીચેના વાક્યો કોણ બોલે છે અને કોને કહે છે તે જણાવો.**

1. 'તમે તો વેપારની વાતમાંયે પાપને પુણ્ય લાવશો.'
2. 'રાણો મેવાડ છોડી જાય છે.'
3. 'મારે રાણાને મળવા જવું છે.'
4. 'મા, રજા દે !'
5. 'તમારા જેવાં નરરત્નોથી મેવાડની ભૂમિ ઉજ્જવળ છે.'

**પ્રશ્ન 7. રૂઢિપ્રયોગનો ઉપયોગ કરી વાક્ય લખો.**

1. પાપનું પોટલું બાંધવું
2. ઊગતા સૂરજને પૂજવો.
3. ધૂળ ચાટતા થઈ જવું
4. ઊભી પૂંછડીએ ભાગવું
5. મૂંછનો દોરો ફૂટવો
6. ન્યાલ કરી નાખવું
7. ખેદાન મેદાન કરી નાખવું

**પ્રશ્ન 8. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

1. સંચય
2. જીત
3. દુશ્મન
4. પાપ
5. કીર્તિ
6. દાનવીર
7. સ્વતંત્રતા

**પ્રશ્ન 9. નીચેના શબ્દોની સાચી જોડણી લખો.**

1. પૂન્ય
2. પ્રાપ્તિ
3. લક્ષમી
4. સીંન્ધુ
5. સ્થીતિ
6. મુકુટમણી
7. ર્કિતિ
8. પુંછડી
9. ભુમી
10. ઊજવલલ

## પ્રવૃત્તિ

1. તમારા ભાઈ-બહેનને આ નાટક વાર્તારૂપે સંભળાવો.
2. શાળાના સાંસ્કૃતિક કાર્યક્રમમાં આ નાટકની ભજવણી કરો.

## ભાષાસજ્જતા

### સર્વનામ

અગાઉ આપણે નામ (સંજ્ઞા) વિશે શીખી ગયા છીએ. હવે આપણે સર્વનામ વિશે જાણીએ.

**વ્યાખ્યા :** નામને બદલે વપરાતા અને નામનું કામ કરતા શબ્દને 'સર્વનામ' કહીએ છીએ.

**દા.ત. :** રમેશ નિશાળે જાય છે.

હવે આ વાક્ય રમેશ પોતે બોલે તો -

હું નિશાળે જાઉં છું.

આ વાક્ય રમેશનો મિત્ર રમેશને કહે તો -

તું નિશાળે જાય છે.

આ વાક્ય કોઈ ત્રીજી વ્યક્તિ દૂરથી રમેશને બતાવીને બોલે તો -

તે નિશાળે જાય છે.

ઉપરનાં ત્રણે વાક્યોમાં 'રમેશ'ની જગ્યાએ વપરાયેલ શબ્દ 'હું' 'તું' 'તે' - સર્વનામ છે. યાદ રાખો : કોઈપણ વ્યક્તિ કે વસ્તુ વિશે વાત ચાલતી હોય ત્યારે તેને માટે એકથી વધારે વખત તેનું નામ વાપરતા નથી પણ તે નામને બદલે 'એ' 'તે' 'એને' 'તેને' 'તમને' 'તેમને' 'મારું' 'તારું' વગેરે શબ્દો વાપરીએ છીએ.

નામ (સંજ્ઞા)ને બદલે જે શબ્દ વપરાય તેને 'સર્વનામ' કહીએ છીએ.



BSER

# 13. લિખિતંગ દાદાજી

દાદાજી પોતાના પૌત્ર-પૌત્રીના જીવનવિકાસમાં કેવો સક્રિય અને જીવંત રસ લે છે એ આ પાઠ દ્વારા રજૂ કરવામાં આવ્યું છે. તદુપરાંત પત્રલેખન વિશે પણ વિગતે સમજાવવામાં આવ્યું છે. પત્રલેખન ચીવટ માંગી લે એવું પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

પત્ર એટલે કાગળ-લેટર. પત્ર દૂર બેઠેલાં બે માણસો વચ્ચેનો સેતુ છે. મૂળભૂત રીતે પત્ર એ સંદેશાનો એક પ્રકાર છે. પત્રના બે પ્રકાર પડે. એક તો આપણા રોજબરોજના સામાન્ય વ્યવહાર વિનિમયના પત્રો. એમાં માત્ર પ્રાસંગિક સાધારણ માહિતીની જ આપ-લે હોય. બીજા પ્રકારના પત્રોમાં વિગત, માહિતી સાથે ક્યારેક સાહિત્યનું સૌન્દર્યરૂપ પ્રગટ થાય છે.

વિદ્યાર્થીઓને પત્રની સમજ આપવા માટે ખાસ પ્રકારના પત્રો તૈયાર કરવામાં આવે છે. એમાં નામ-સરનામું, સંબોધન તથા નિયમ પ્રમાણેના સ્વરૂપનાં લક્ષણો પ્રગટે તે રીતે વીગતો લખાઈ હોય છે. પત્રનો આવો પ્રકાર નવીનતાના કારણે પણ વિદ્યાર્થીઓને ગમી જાય છે અને તેનાથી પત્ર લખવાની પદ્ધતિ પણ સમજાય છે.

---

**દલપત સોઢા**
વંદના સોસાયટી,
989/2, સેક્ટર 13/બી,
ગાંધીનગર - 382016
તા. 4થી જાન્યુઆરી, 2016

**ચિ. વહાલા રાજેશ,**

તમે સૌ મજામાં હશો.

થોડા દિવસથી હું અહીં મોટાકાકાને ત્યાં આવ્યો છું એટલે તને પત્ર લખવાનું મન થયું. આમ તો આપણે સાથે જ રહીએ એટલે પત્ર લખવાનું બને નહિ.

હમણાં ઉનાળાની રજાઓ ચાલે છે. નિશાળે જવાનું નથી. તું તારાં મમ્મી પપ્પા સાથે મોસાળ જવાને બદલે પ્રવાસે જવાનો છે તે આનંદની વાત છે.

તું સવાર-સાંજ બંને વખત રમવા જતો હશે. મનદીપ અને અંકિત પણ આવતા હશે. તે થોડો વખત તબલાં વગાડવાની તાલીમ લીધી ને એમાં ઠીક ઠીક આગળ વધ્યા પછી નિયમિત ક્રિકેટ રમવા જાય છે. આ બંને શોખ એકસાથે પોસાઈ શકે, બંનેમાં હોશિયારી મેળવી શકાય. અભ્યાસની સાથે સાથે બંને થઈ શકે, પણ પસંદગી એકની કરી લેવી. કોઈપણ ક્ષેત્રમાં સિદ્ધિ મેળવવા માટે નિષ્ઠા, શ્રમ અને તલ્લીનતા જરૂરી છે. ગુરુ દ્રોણાચાર્યે પાંડવ-કૌરવ કુમારોની પરીક્ષા લીધી હતી એ વાત મેં તને કરી હતી ને ! બીજા રાજકુમારોને ઘણું બધું દેખાતું હતું; ત્યારે અર્જુનને પક્ષીની આંખ જ દેખાતી હતી. પક્ષીની આંખ જ દેખાય, પોતાનું લક્ષ્ય જ નજરમાં રહે તે ધાર્યું કાર્ય કરી શકે. આ ગુણને કારણે જ અર્જુન મોટો બાણાવાળી થયો ને શ્રીકૃષ્ણનો પ્રીતિપાત્ર પણ બની શક્યો. ઘડીએ ઘડીએ લક્ષ્ય બદલે તે કશું જ પામી શકે નહિ. તું ક્રિકેટના ક્ષેત્રમાં પારંગત થાય તેવી શુભ કામનાઓ !

તારાં પપ્પા-મમ્મીના પત્ર આવતા હશે. મનેય લખજે ને તેમનેય લખજે.

અહીં મોટાકાકા, કાકી તથા કવિતા-ચંદ્ર કુશળ છે. તું અહીં આવ્યો ત્યારે અપુ-પૂજા સાથે રમતો હતો એટલે એ ભાઈ-બહેન પણ તેને યાદ કરે છે. કવિતા નૃત્યના વર્ગમાં નિયમિત જાય છે. બા, નાનાકાકા, ભાવનાકાકી તથા તારા મિત્રોને સ્મરણ.

શુભેચ્છક

દાદાજીના આશીર્વાદ

---

ભાવનગર

વિદ્યાનગર

**પૂજ્ય દાદાજી,**

આપનો પત્ર મળ્યો. હું બહુ રાજી થયો. તમે નહિ આવો ને ! મને ગમતું નથી. તમે અહીં હો ત્યારેય પત્ર ન લખી શકો ?

હું ક્રિકેટ રમવા સવાર-સાંજ નિયમિત જાઉં છું. જયંતીભાઈ બહુ તોડાવે છે. એ કહેતા હતા કે તું આગળ વધી શકીશ. હું રમતો હોઉં ત્યારે નાનાકાકા કોઈ કોઈ વખત આવે છે.

થાકીને લોથ થઈ જાઉં છું, પણ સમય મળ્યે થોડું થોડું વાંચું છું. મનદીપ અને અંકિત આવે છે.

કાકા, કાકીને પ્રણામ. સૌને યાદ. ચંદ્રને ખાસ. ને હા દાદાજી, હું આપની વાત બરાબર ધ્યાનમાં રાખીશ.

**રાજુના પ્રણામ**

---

**દલપત સોઢા**

વંદના સોસાયટી,

989/2, સેક્ટર 13/બી

ગાંધીનગર - 382016

તા.9મી જાન્યુઆરી, 2016

**ચિ. વહાલા રાજુ,**

તારો પત્ર મળ્યો, પોતરાનો પત્ર આવે ગમે જ ને ! તારા પ્રશિક્ષક માને છે કે તું ક્રિકેટમાં આગળ વધીશ તે જાણીને વિશેષ આનંદ.

પત્ર લખવામાં કેટલીક બાબતોનું ધ્યાન રાખવાનું હોય છે. તું મારો આગલો પત્ર તથા આ પત્ર ધ્યાનથી જોજે. મથાળે પહેલાં આપણું સરનામું, તારીખ વગેરે બરાબર લખવાં જોઈએ. નીચેનો ભાગ પણ બરાબર લખાય તો સારી છાપ પડે. હવેથી પત્ર લખે ત્યારે એનું ધ્યાન રાખજે. મથાળું આમ થાય :

30, વિઠ્ઠલનગર સોસાયટી,

કડવા પાટીદારની વાડી સામે,

ભાવનગર - 364002

તા. (જે હોય તે)

યોગ્ય સ્થળે વિરામચિહ્નો આવે. પત્રના વચલા ભાગમાં પ્રથમ સંબોધન આવે. મને લખતો હો તો 'પૂજ્ય દાદાજી', પપ્પાને લખતો હો તો 'પૂજ્ય પપ્પાજી', અંકિતને લખતો હો તો 'પ્રિય અંકિત' વગેરે.

પત્ર પૂરો થાય ત્યારે નીચે, મથાળાની જેમજ જમણી તરફ

BSER

આપના

રાજેશના પ્રણામ

વગેરે આવે. વચલા ભાગમાં સંબોધન પત્રની ડાબી તરફ આવે એનો ખ્યાલ તો તને આવી ગયો ને !

હવે તો હું થોડા દિવસમાં ત્યાં આવી જવાનો છું. મોટાકાકાને ને મમ્મી-પપ્પાને પત્ર લખે ત્યારે ઉપરની બધી બાબતોને ધ્યાનમાં રાખજે.

તું ક્રિકેટની રમતમાં થાકતો તો હોઈશ; પણ શ્રમ વિના, એકાગ્ર ચિત્તથી કરેલ શ્રમ વિના, દુનિયામાં કાંઈ પ્રાપ્ત થઈ શકતું નથી. કહેવાયું છે ને કે, 'સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે ન્હાય.'

તું વાંચે છે તે જાણીને આનંદ. તન-મન બંને સ્વસ્થ રહે તો જ સુયોગ્ય જીવનઘડતર થઈ શકે. એકલું પાડાબળ કાંઈ કામનું નહિ. તારો સમતોલ વિકાસ થાય તેવી શુભ કામનાઓ !

ઘરે બા, નાના કાકા-કાકી સૌને સ્મરણ. મનદીપ-અંકિત, નિત્યા-મામાને પ્યાર. હવે તો થોડા વખતમાં મળશું.

શુભેચ્છક

દાદાજીના આશીર્વાદ

## ટિપ્પણ

**મોસાળ** - મામાનું ગામ, માતાનું પિયર **નિષ્ઠા** - શ્રદ્ધા, વફાદારી, વિશ્વાસ, પ્રામાણિકતા **તલ્લીનતા** - લીન થઈ જવું, એકાકાર થઈ જવું તે **પ્રીતિપાત્ર** - માનીતો, માનનીય, વહાલો **પારંગત** - અધ્યયન - શિક્ષણમાં પાર ઊતરેલું, પૂરેપૂરું માહિતગાર થયેલું **બાણાવળી** - બાણ મારવામાં હોશિયાર યોદ્ધો **બહુ તોડાવે છે** - ખૂબ પરિશ્રમ, મહેનત કરાવે છે **લોથ - (અહીં)** તદ્દન થાકી જવું તે **પોતરાનો** - દીકરાના દીકરાનો, પૌત્રનો **પ્રશિક્ષક** - વિશેષ તાલીમ આપી ઘડનાર શિક્ષક **સંબોધન** - ઉદ્દેશીને બોલવું **ચિત્ત** - મન, અંતઃકરણ **પાડાબળ** - (અહીં) શરીરબળ **સમતોલ** - એક સરખો, સમાન, સંતુલિત

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો.**

1. દાદાજીએ કોને પત્ર લખ્યો ? કયાંથી ?
2. દાદાજીએ શું સંબોધન કર્યું છે ?
3. પત્રના મથાળે શું લખવું જોઈએ ?
4. રાજેશે શાની તાલીમ લીધી હતી ? તે શું રમવા જતો હતો ?
5. પત્રના કયા ભાગમાં સંબોધન લખવું જોઈએ ?
6. જયંતભાઈ વિશે રાજુ દાદાને શું જણાવે છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.**

1. તબલા અને ક્રિકેટ સંદર્ભે દાદાજીએ રાજુને શું લખ્યું ?
2. દાદાજી કઈ બાબતને આનંદદાયક ગણાવે છે ?
3. સંબોધન લખવા વિશે દાદાજીએ શું સમજ આપી ?
4. શ્રમ અંગે દાદાજી શું લખે છે ?

**પ્રશ્ન 3. "કોઈપણ ક્ષેત્રમાં સિદ્ધિ મેળવવા કઈ બાબતો જરૂરી છે." મુદ્દાસર જવાબ આપો.**

**પ્રશ્ન 4. કારણ લખો.**

1. દાદાજી ક્રિકેટ કે તબલામાંથી એકની પસંદગી કરવાનું જણાવે છે.
2. દાદાજીને રાજુને પત્ર લખવાનું મન થયું.
3. અર્જુન મોટો બાણાવળી બની શક્યો.

**પ્રશ્ન 5. નીચે આપેલા શબ્દનું જોડકું વાપરીને વાક્ય લખો.**

**ઉદાહરણ**

1. રજા - નિશાળ  3. શ્રમ - પ્રાપ્તિ
2. વર્ગ - કવિતા  4. કાર્ય - લક્ષ્ય

**પ્રશ્ન 6. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો.**

1. વહાલા2. આનંદ  3. પ્રથમ  4. શુભ

**પ્રશ્ન 7. નીચેના શબ્દોની સાચી જોડણી લખો.**

1. આશિરવાદ  2.દૂનીયા  3.નીયમિત  4.સીધ્ધી5. પ્રિતીપાત્ર

## પ્રવૃત્તિ

1. પત્રના વિવિધ ભાગો અને તેમાં લખવાની વિગતો વિશે શિક્ષક સાથે ચર્ચા કરો.
2. તમારા ઘેર કોઈ પ્રસંગમાં આમંત્રણ આપતો પત્ર તમારા મિત્રને લખો.

## ભાષાસજ્જતા

### સર્વનામના પ્રકાર

**1. પુરુષવાચક સર્વનામ :**

1. યુસુફે મનોજને કહ્યું, 'તું ક્યાં જાય છે ?'
2. મનોજે કહ્યું, 'હું જયપુર જાઉં છું.'
3. માલતી બોલી, 'તે (મનોજ) જયપુર જાય છે ?'

બોલનાર પહેલો પુરુષ કહેવાય. સાંભળનાર બીજો પુરુષ કહેવાય અને પહેલો અને બીજો જેની હાજરી/ગેરહાજરીમાં જેના વિશે વાત કરે તે ત્રીજો પુરુષ કહેવાય.

**2. દર્શક સર્વનામ :**

1. આ કોણ છે ?
2. આ છોકરીનું નામ શું છે ?
3. એ રહ્યું મારું ઘર.
4. પેલો કોણ આવે છે ભાઈ ?

દર્શક એટલે બતાવનાર

કોઈ વ્યક્તિ કે પદાર્થને દર્શાવવા માટે 'દર્શક સર્વનામ' વપરાય છે.

GSER

**3. સ્વવાચક સર્વનામ :**

પોતે, પોતાનું, મારું, જાતે, પંડે, ખુદ, નિજ.

1. હું પોતે સાથે આવીશ.
2. તમે પોતે જ આ કામ કરજો.
3. હું જાતે ત્યાં હાજર હતો.
4. આરતી ખુદ હાજર હતી.

સ્વવાચક એટલે પોતાપણું સૂચવનાર. જે સર્વનામ પોતાપણાનો અર્થ બતાવે તેને 'સ્વવાચક સર્વનામ' કહે છે. ખાસ કરીને આ સર્વનામ પુરુષવાચક સર્વનામની સાથે જ વપરાયા છે.

**4. સાપેક્ષ સર્વનામ :**

1. જે કરશે તે પામશે.
2. જેને રામ રાખે તેને કોઈ ન ચાખે.
3. જેવું વાવશો તેવું લણશો.
4. જ્યાં ગંદકી ત્યાં માંદગી.

સાપેક્ષ એટલે 'સ' સાથે .. અપેક્ષા (ઈચ્છા) સાથે. સાપેક્ષ સર્વનામમાં એક હોય એટલે બીજું હોયજ. આવા એકબીજાની અપેક્ષાએ વપરાતાં સર્વનામોને 'સાપેક્ષ સર્વનામો' કહે છે.

દા.ત. જે.....તે, જેને....તેને,
જ્યાં....ત્યાં, ......તે.

**5. અનિશ્ચિત સર્વનામ :**

1. તને કોઈક બોલાવે છે.
2. કોઈની મળેલી આ ચોપડી છે.
3. મને કશું નથી ગમતું.
4. તને કાંઈ થયું છે ?

અનિશ્ચિત એટલે નિશ્ચિત નહિ તે. જે સર્વનામ કોઈ અનિશ્ચિત વ્યકિત, પ્રાણી કે પદાર્થને માટે વપરાયું હોય તે 'અનિશ્ચિત સર્વનામ' કહેવાય છે.

દા.ત. કોઈ, કોઈક, કાંઈક, કશું, કાં, કંઈક
ઘણા, બધા, કેટલાંક, પ્રત્યેક, દરેક, અમુક વગેરે પણ અનિશ્ચિત સર્વનામો છે.

**6. પ્રશ્નવાચક સર્વનામ :**

1. કોણ ગયું આ નાવ હંકારી ? (નાવિક)
2. તમારા દફતરમાં શું છે ? (પુસ્તકો)
3. કોને યાદ કર્યા તમને ? (મમ્મીએ)
4. કોને યાદ કર્યા ? (પપ્પાને)

શું, કોણે, કોને, કયો, કેવું વગેરે પ્રશ્નવાચક સર્વનામ છે.



BSER

ઉપરનાં વાક્યોમાં

1. 'કોણ'ના જવાબમાં 'નાવિક' નામ મળે છે એટલે 'નાવિક' માટે 'કોણ' સર્વનામ વપરાયું છે.
2. દફતરમાં 'શું છે ? પૂછવાથી જવાબ મળે છે - 'પુસ્તકો' - એટલે 'પુસ્તકો' માટે 'શું' સર્વનામ વપરાયું છે.
3. 'કોણે' યાદ કર્યા ? જવાબ મળે છે "મમ્મીએ" મમ્મીના જવાબ માટે 'કોણ'સર્વનામ વપરાયું છે.

**નોંધ :** નામને બદલે વપરાતા શબ્દને આપણે 'સર્વનામ' કહીશું. પરંતુ આ જ 'સર્વનામ' જો નામની આગળ વપરાય તો તે 'વિશેષણ'નું કામ કરે છે તે આપણે આગળ ઉપર જોઈશું.

| પ્રથમ પુરુષ | | બીજો પુરુષ | | ત્રીજોપુરુષ | |
|---|---|---|---|---|---|
| એકવચન | બહુવચન | એકવચન | બહુવચન | એકવચન | બહુવચન |
| હું | અમે | તું | તમે | એ/તે | એ/તેઓ |
| મેં | અમે | તેં | તમે | એણે/તેણે | એણે/એમણે |
| મને | અમને | તને | તમને | એને/તેને | એમને/તેમને |
| મારાથી | અમારાથી | તારાથી | તમારાથી | એનાથી | એમનાથી |
| મારામાં | અમારામાં | તારામાં | તમારામાં | એનામાં | એમનામાં |

**સ્વાધ્યાયકાર્ય : નીચેના વાક્યોમાં સર્વનામ શોધો.**

1. તમે આ શું બોલો છો ?
2. જે કરશે તે ભોગવશે.
3. કોણ આવે છે ?
4. ધ્યેયપૂર્ણ કરવા પ્રતાપ પોતે તૈયાર થયો.
5. પ્રતાપે ભામાશાને ક્યું, આપણે મેવાડને બચાવીએ.

**નીચેના વાક્યોમાં રેખાંકિત પદો માટે સર્વનામના પ્રકરો જણાવો.**

1. થોડા દિવસથી હું અહીં મોટાકાકાને ત્યાં આવ્યો છું.
2. તમે આ શું કરો છો ?
3. આપણે સાથે મળીને મેવાડને બચાવીએ.
4. જે કરશે તે ભોગવશે.
5. પેલું તને યાદ આવે છે ?

**નીચેના ફકરામાં રેખાંકિત નામને બદલે યોગ્ય સર્વનામ મૂકી, ફકરો ફરીથી લખો.**

રામપુર નામના ગામમાં રામભાઈ નામે એક શિક્ષક રહેતા હતા. રામભાઈના ઘરની સામે જ એક શાળા હતી. રામભાઈ સવારથી સાંજ સુધી નિશાળમાં જ કામ કરતા. રામભાઈને એક દીકરી હતી. દીકરી પપ્પાને કહેતી, મને એક ચોપડી લાવી આપજો.

# 14. મેંદી તો વાવી માળવે

આ લોકગીત છે અને તેના રચયિતા કોઈ ચોક્કસ વ્યક્તિ હોતા નથી.

લોકગીતમાં ભોજાઈ(ભાભી)ને સુંદર બનાવવા દિયરના મનોરથ હશે. પણ પ્રેમાળ નારી પોતાના કંથ(પતિ)ની ગેરહાજરીમાં મેંદી વડે હાથ રંગીને કોને બતાવે ? સતીના શણગાર તો પતિ ખાતર જ હોય, પતિ સાંભર્યો. વિધવિધ બહાનાં આપી તેડાવ્યો. પણ ભાઈ-બહેનના લગ્નની કે માતાના મોતની એ યુદ્ધઘેલડા પરદેશીને બહુ તાણ નથી. છેલ્લા ખબર ફક્ત માનેતીની આંખો જ દુ:ખવાના પહોંચે છે. પછી તો એનું હૈયું હાથ રહેતું નથી. એ પાછો આવે છે.

લોકગીત લોકસાહિત્યનો પ્રમુખ પ્રકાર છે. કથા અને ગીત એ બે લોકસાહિત્યનાં મહત્ત્વનાં અંગ છે. લોકસાહિત્ય એટલે લોકો દ્વારા રચાતું, સમુદાયમાં પ્રચલિત એવું સાહિત્ય. પ્રસંગો અને ઉત્સવોમાં લોકો તેની રચના કરે છે અને માણે છે. એમાં મૂલ્યનો બોધ મુખ્ય ભાગ ભજવે છે. કવિના ગીત રૂપે વહે છે, ગવાય છે અને લોકકંઠે વસે છે.

---

મેંદી તે વાવી માળવે,
એનો રંગ ગિયો ગુજરાત
મેંદી રંગ લાગ્યો રે.
નાનો દેરીડો લાડકો ને
કાંઈ લાવ્યો મેંદીનો છોડ. – મેંદી રંગ લાગ્યો રે.
વાટી ઘૂંટીને ભર્યા વાટકા,
ભાભી, રંગો તમારા હાથ. – મેંદી રંગ લાગ્યો રે.
હાથ રંગીને, દેરી, શું રે કરું,
એનો જોનારો પરદેશ. – મેંદી રંગ લાગ્યો રે.
લાખ ટકા આલું રોકડા,
કોઈ જાવ જો દરિયાપાર. – મેંદી રંગ લાગ્યો રે.
શોક્યના સાયબાને જઈ એટલું કે'જો
તારી બેની પરણે, ઘરે આવ્ય. – મેંદી રંગ લાગ્યો રે.
બેની પરણે તો ભલે પરણે,
એની ઝાઝા દી રોકજો જાન – મેંદી રંગ લાગ્યો રે.
શોક્યના સાયબાને જઈ એટલું કે'જો
તારો વીરો પરણે ઘરે આવ્ય. – મેંદી રંગ લાગ્યો રે.
વીરો પરણે તો ભલે પરણે,
એની જાડેરી જોડજો જાન. – મેંદી રંગ લાગ્યો રે.
શોક્યના સાયબાને જઈ એટલું કે'જો,
તારી માડી મરે ઘરે આવ્ય. – મેંદી રંગ લાગ્યો રે.
માડી મરે તો ભલે મરે,
એને બાળજો બોરડી હેઠ. – મેંદી રંગ લાગ્યો રે.

શોક્યના સાયબાને જઈ એટલું કે'જો
તારી માનેતીની ઊઠી આંખ. — મેંદી રંગ લાગ્યો રે.
હાલો સિપાઈઓ, હાલો ભાઈબંધીઓ
હવે હલકે બાંધો હથિયાર.— મેંદી રંગ લાગ્યો રે.

## ટિપ્પણ

**રંગ ગિયો ગુજરાત** - ગુજરાત (રાજ્ય)ના વિસ્તાર સુધી તેનો રંગ પહોંચ્યો છે **દેરીડો** - દિયર, પતિનો નાનો ભાઈ **લાડકો** - લાડલો, વહાલો, માનીતો **દરિયાપાર** - દરિયાને પેલે પાર (અહીં) પરદેશ **સાયબો** - પતિ **કે'જો** - કહેજો **ઝાઝા** - વધારે **વીરો** - ભાઈ **માનેતીની** - માનીતીની, પ્રિયતાની **માનેતીની ઊઠી આંખ** - માનેતીની (અહીં) પોતાની પત્નીની આંખો તેના પત્નિની રાહ જોઈ જોઈને દુઃખવા માંડી છે તે

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો.**

1. મેંદી ક્યાં વાવી હતી ? તેનો રંગ ક્યાં ગયો હતો ?
2. મેંદીનો છોડ કોણ લાવે છે ?
3. દિયર ભાભીને કઈ વિનંતી કરે છે ?
4. માતા મૃત્યુ પામી હોય તો પણ પતિ નાયિકાને શું કરવાનું જણાવે છે ?
5. પતિ ક્યારે પાછો ફરે છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. પત્નીએ મોકલાવેલા સમાચારના જવાબમાં પતિ શું કહેવડાવે છે ?
2. પતિને ઘરે બોલાવવા માટે નાયિકાએ કરેલા વિવિધ બહાનાઓનું અને તેના પતિએ આપેલા જવાબોનું વર્ણન કરો.

**પ્રશ્ન 3. કારણ આપો.**

1. ભાભી મેંદીથી હાથ રંગવાની ના પાડે છે.
2. પતિ ઘરે આવવા માટે તૈયાર થાય છે.

**પ્રશ્ન 4. નીચેના શબ્દો માટે કાવ્યમાં કયા શબ્દો વપરાય છે તે શોધીને લખો.**

| | | | |
|---|---|---|---|
| 1. પતિ | 3. દિયર | 5. ભાઈ | 7. મિત્ર |
| 2. બહેન | 4. પત્ની | 6. માતા | |

**પ્રશ્ન 5. નીચેના દરેક શબ્દની આગળ 'પર' લગાડીને નવો શબ્દ બનાવો, તેનો અર્થ લખો.**

| | | | | |
|---|---|---|---|---|
| દેશ | - | પરદેશ | = | બીજાનો દેશ |
| ધન | - | | | |
| સ્ત્રી | - | | | |
| ગામ | - | | | |

**પ્રશ્ન 6. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો.**

1. પરદેશ 2. રોકડા 3. માનેતી

**પ્રશ્ન 7. નીચેના શબ્દોની સાચી જોડણી લખો.**

1. મેદી 2.ધુંટીને 3. સોક્ય 4. બોયડી 5. સીપાઈયો 6.હથ્યાર

## પ્રવૃત્તિ

1. તમારા ઘરમાં કે પડોશમાં કોઈએ હાથ ઉપર મેંદી મૂકી હોય તો તે હાથનું નિરીક્ષણ કરો.
2. તમારા હાથ પર મેંદી લગાડો અને થોડો સમય સૂકાવા દો. ત્યારબાદ હાથ પરથી મેંદીને પાણી વડે દૂર કરો અને નિરીક્ષણ કરો કે હાથ પર કેવો રંગ આવ્યો છે ?

## ભાષાસજ્જતા

આપણે બોલીએ છીએ શા માટે ? આપણા મનમાં જે હોય તે સામી વ્યક્તિને ખબર પડે અને એ વ્યક્તિ એ મુજબ વર્તે તે માટે. તમારી મમ્મી પાસે ખાવાનું માગવું હોય તો કહેવું પડે : 'મમ્મી, મને ભૂખ લાગી છે, ખાવાનું કંઈક આપ ને!'

તમારા પપ્પા પાસે કંઈક કામ હોય તો તેમને પણ કહેવું પડે : 'પપ્પા, સાંજે આવો ત્યારે મારાં માટે એક નોટબુક લેતા આવશો.'

આમ જુઓ તો દિવસમાં કેટલાંય લોકો સાથે આમ કશુંક કહેવાનું બને છે. પણ બધા સાથે એક સરખું જ કહેવાતું નથી. મમ્મી-પપ્પા, ભાઈ-બહેન, મિત્રો, વડીલો, અજાણ્યા લોકો... સૌની સાથે અલગ અલગ રીતે વાત કરીએ છીએ. સંબોધન પણ અલગ અલગ હોય છે. આવું શું કરવા ? કોની સાથે કેવી રીતે વાત કરવી, સંબોધન શું વાપરવું, સમય પ્રમાણે કેવા શબ્દો વાપરવા... આ બધું શીખવું પડે.

# 15. ગાંધીજી : બે પ્રસંગ

રાષ્ટ્રપિતા ગાંધીજીનું જીવન અને વિચારો આજે પણ સમગ્ર વિશ્વ માટે પ્રેરક બની રહ્યાં છે. 'મારું જીવન એ જ મારો સંદેશ'નો અનુભવ કરાવતા આ બંને પ્રસંગોમાં બાપુનો સ્વચ્છતાપ્રેમ અને કરકસરવૃત્તિનાં દર્શન થાય છે. આ બંને પ્રસંગો 'ગાંધી-ગંગા' નામના પુસ્તકમાંથી લેવામાં આવ્યા છે.

પ્રથમ પ્રસંગ ગાંધીજીના અંતેવાસી તરીકે જગપ્રસિદ્ધ મનુબેન ગાંધીની કલમે લખાયો છે. ગાંધીજીની સાદગી, સ્વચ્છતાપ્રેમ અને નેતૃત્ત્વના ગુણોને વ્યક્ત કરતો આ પ્રસંગ આપણા સૌ માટે પ્રેરક બની શકે તેવો છે.

જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા કવિ ઉમાશંકર જોશીની કલમે બીજો પ્રસંગ લખાયો છે. બાપુની સાદગી, સરળતા અને ઉચ્ચ વિચારોની ઝાંખી કરાવતા આ પ્રસંગમાં કરકસરવૃત્તિના પણ દર્શન થાય છે. પાણી ગરમ કરવા માટે કોલસાને બદલે ફાનસનો ઉપયોગ કરીને બાપુ આપણને કરકસર કરવાની શીખામણ આપે છે.

---

બાપુજી હમેશાં સ્વચ્છતા ઉપર ખૂબ ધ્યાન આપતા વસ્તુ અસ્વચ્છ થઈ હોય તો સામા માણસને વારંવાર ટોકવાને બદલે પોતે કાર્ય વડે જ બીજાને સ્વચ્છતાનો પાઠ ભણાવે.

નોઆખાલીમાં રસ્તા પગદંડીના નાનકડા હતા. કોઈ કોઈ રસ્તો તો એટલો સાંકડો હોય કે મને પાછળ રાખીને બાપુજી એકલા જ પગદંડી પર ચાલી શકે. એથી મારો ટેકો ન મળે એટલે બીજી તરફ ટેકા માટે એમને લાકડી રાખવી પડે.

ગમે ત્યાં ગંદકી હોય તે બાપુને બહુ ખૂંચતું. ખુલ્લા પગે એમને એવા ગંદા રસ્તા પર ચાલવું પડતું. આજુબાજુમાં મળ, થૂંક, કચરો, ઈત્યાદિ પડેલાં હતાં તે બધું આજુબાજુથી પાંદડાં લઈ પોતે સાફ કરવા લાગ્યા. હું થોડી વાર આભી જ બની ગઈ.

મેં બાપુને ગુસ્સામાં કહ્યું : "બાપુજી, આપ મને શા માટે શરમાવો છો ? હું અહીં પાછળ હતી, છતાં મને કહેવાને બદલે આપે સાફ કેમ કર્યું ?"

એના જવાબમાં બાપુજી હસ્યા ને બોલ્યા : "તને ક્યાં ખબર છે કે મને આવાં કામો કરવામાં કેટલો બધો આનંદ આવે છે ? હું કહું એના કરતાં કરી નાખું તેમાં મને કેટલી ઓછી તકલીફ પડે ?"

મેં કહ્યું : "પણ આ ગામના લોકો જોઈ રહ્યા છે."

બાપુજીએ કહ્યું : "તું જોજે, આવતી કાલથી આવા ગંદા રસ્તા મારે સાફ નહીં કરવા પડે, કારણ આ ઉપરથી બધાને પાઠ મળશે કે આવું કામ કરવું એ હલકું કામ નથી."

મેં કહ્યું : "માનો કે ફક્ત કાલ પૂરતું સાફ કરે અને પછી જેમ હતું તેમ જ ગંદું રહેશે તો આપ શું કરશો ?"

એટલે ઊલટાની મને પકડી. મને કહે : "હું તને જોવા મોકલીશ અને ફરી આવો ગંદો રસ્તો હશે તો હું સાફ કરવા આવીશ."

સાચે જ એવું બન્યું. બીજે દહાડે હું જોવા ગઈ તો રસ્તો ગંદો હતો. પણ બાપુને કહેવા ન જતાં હું જ સાફ કરીને પાછી ફરી. બાપુને કહ્યું : "હું રસ્તો સાફ કરીને આવી મારી સાથે ગામના લોકો પણ ભળ્યા હતા અને આજે તો વચન આપ્યું છે કે આવતી કાલથી તમે ન આવશો, અમે પોતે જ સાફ કરીશું."

બાપુજી કહે : "તેં મારું પુણ્ય લઈ લીધું. એ રસ્તો મારે જ સાફ કરવો હતો, પણ થયું. હવે બે કામ થયાં : એક તો સ્વચ્છતા જળવાશે અને બીજું લોકો આપેલું વચન પાળશે તો સત્યતા શીખશે." અને એ રસ્તો હંમેશને માટે સાફ રહ્યો.

★★★

યરવડા જેલમાં ગાંધીજીનાં કપડાં એમના સાથી શંકરલાલભાઈ ધોતા. એક દિવસ ગાંધીજીએ ધીરેથી એમને કહ્યું : "તમે કપડાં ધોવાનું રહેવા દો. હું ધોઈ લઈશ."

ધોવામાં કંઈ ઊણપ રહે છે કે શું એ અંગે શંકરલાલભાઈએ પૂછ્યું.

ગાંધીજીએ સંતોષથી કહ્યું : કપડાં તો બરોબર ધોવાય છે, પણ મને લાગે છે કે સાબુ કાંઈક વધારે પડતો વપરાઈ જાય છે. હું એટલો સાબુ બમણા દિવસ ચલાવું.

શંકરલાલભાઈએ કહ્યું : હવે કરકસરથી વાપરીશ. એમને એમ કે સાબુ ભલે થોડો વધુ વપરાય પણ કપડાં બરોબર ઊજળાં થવાં જોઈએ. હવે કરકસરની દૃષ્ટિ એ પામ્યા.

એક સવારે ગાંધીજી કહે : શંકરલાલ, આજે સગડી ન સળગાવતા પાણી ગરમ નથી કરવું.

શંકરલાલભાઈએ પૂછ્યું : કેમ ?

ગાંધીજીએ ક્હયું : રાતના ઓરડામાં ફાનસ રહે છે. મને વિચાર આવ્યો કે તેની ઉપર પાણી ભરીને ટમલર મૂકી રાખું તો સવાર સુધીમાં ગરમ થઈ રહેશે. પ્રયોગ સફળ થયો. પાણી મારે પીવા જેવું ગરમ થઈ ગયું છે.

શંકરલાલભાઈને સહેજ માઠું લાગ્યું. એમણે કહ્યું કે વહેલી સવારે સગડી સળગાવવામાં મને શ્રમ પડતો હશે એમ માનીને તો આપ આવું કરતા નથી ને ? હું આપને સંતોષ આપી શકતો નથી એમ મને લાગે છે.

ગાંધીજીએ કહ્યું : તમે તો સારી રીતે તૈયાર કરતા હતા. પણ આ તો એક

પ્રયોગ કરી જોયો કે આ રીતે સળગતા ફાનસ પર પાણી ગરમ કરી લીધું હોય તો કેવું. એટલા કોલસા બચ્યા. એમાં માઠું લગાડવા જેવું કંઈ જ નથી.

## ટિપ્પણ

**હંમેશાં** - દરરોજ **ટોકવાને** - વારંવાર કહેવું **પગદંડી** - પગે ચાલીને જવાનો રસ્તો, પગ રસ્તો **ટેકો** - અહીં આધાર, આશ્રય **ખૂંચતું** - નડવું, ભોંકાવું **ઈત્યાદિ** - વગેરે **આભી જ બની ગઈ** - આશ્ચર્યચકિત થઈ ગઈ **ઊણપ** - ઓછપ, ખોટ **બમણા દિવસ** - બેવડા દિવસ , બેગણું **કરકસર** - જરૂરી ખર્ચ જ કરવું તે **ઊજળાં** - સફેદ, તેજસ્વી, ધોળું **ટમલર** - એક જાતનો (વિલાયતી ઘાટનો) પ્યાલો **માઠું લાગવું** - ખરાબ લાગવું, અશુભ લાગવું **શ્રમ** - મહેનત

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો.**

1. બાપુ કઈ બાબત પર ખૂબ ધ્યાન આપતા હતા ?
2. બાપુ કઈ રીતે બીજાને પાઠ ભણાવતા હતા ?
3. મનુબહેનને લોકો કયું વચન આપે છે ?
4. યરવડા જેલમાં ગાંધીજીનાં કપડાં કોણ ધોતું હતું ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.**

1. મનુબહેન કયું દશ્ય જોઈને આભાં બની ગયાં ?

2. મનુબહેન બાપુને ગુસ્સામાં શું કહે છે ?
3. બાપુએ કરેલી સફાઈથી કયા બે કામ થયા ?
4. ગાંધીજી શા માટે કપડાં ધોવાનું વિચારે છે ?
5. પાણી ગરમ કરવા માટે બાપુએ કયો પ્રયોગ કર્યો ?

**પ્રશ્ન 3. મનુબહેનના જીવન પ્રસંગમાંથી તમને શું બોધપાઠ મળ્યો તેનું વર્ણન કરો.**

**પ્રશ્ન 4. યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**

(એ, ને, માં, ના, ની, થી)

1. મેં બાપુ __ગુસ્સામાં કહ્યું.
2. મેં કહ્યું : "પણ આ ગામ __ લોકો જોઈ રહ્યા છે."
3. યરવડા જેલ __ગાંધીજીનાં કપડાં એમના સાથી શંકરભાઈ ધોતા.
4. એક દિવસ ગાંધીજી __ધીરેથી એમને કહ્યું.
5. હવે કરકસર __દૃષ્ટિ એ પામ્યા.
6. ગાંધીજીએ કહ્યું : રાતના ઓરડા __ફાનસ રહે છે.
7. ગાંધીજી __સંતોષથી કહ્યું.
8. હવે કરકસર —વાપરીશ.
9. શંકરલાલભાઈ — સહેજ માઠું લાગ્યું.
10. શંકરલાલભાઈ — પૂછ્યું : કેમ ?

**પ્રશ્ન 5. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

1. સ્વચ્છતા
2. પુણ્ય
3. સંતોષ
4. હલકું
5. ઉજળું

## પ્રવૃત્તિ

1. ગાંધીજીનાં પ્રેરક વાક્યોનું સુલેખન કરી નોટીસ બૉર્ડ પર રજૂ કરો.
2. આ પ્રસંગોને વાર્તાની જેમ વર્ગમાં કહો.
3. શિક્ષકની મદદથી શાળામાં 'મોહનમાંથી મહાત્મા' વિષય પર નિબંધ સ્પર્ધાનું આયોજન કરો.

## ભાષાસજ્જતા

### કાળ વ્યવસ્થા

ભાષામાં નામની સાથે સ્ત્રીલિંગ, પુંલ્લિંગ અને નપુંસકલિંગ - જાતિ, વચન વગેરે દર્શાવવાની વ્યવસ્થા હોય છે તેમ ક્રિયારૂપોમાં ક્રિયા ક્યારે બની તેનો સમય દર્શાવવાની પણ વ્યવસ્થા હોય છે. આ ક્રિયાનો સમય દર્શાવવાની રીતને કાળવ્યવસ્થા કહેવાય.

દરેક ભાષામાં ક્રિયા થવાના સમયનો નિર્દેશ કરવામાં આવે છે.

(1) વાક્યરચનામાં ક્રિયા થવાનો સમય પહેલાનો હોય તો તે ભૂતકાળ ગણાય.

**ઉદા.** (1) મેં પાઠ વાંચ્યો. મારી પાઠ વાંચવાની ક્રિયા પહેલા પૂરી થઈ ગઈ છે માટે ભૂતકાળ બને છે.

**ઉદા.** (2) મહારાજ વજેસંગના કુંવર દાદભા ગુજરી ગયાં. અહીં ગુજરી જવું એટલે કે મૃત્યુ પામવાની ક્રિયા પહેલા થઈ ગઈ હતી એટલે તે ભૂતકાળ બને.

(2) વાક્ય રચનામાં ક્રિયા થવાનો સમય અત્યારનો હોય એટલે કે ક્રિયા અત્યારે થતી હોય તો તેને વર્તમાન કાળ કહેવાય.

**ઉદા.** (1) હું પાઠ વાંચું છું. મારી પાઠ વાંચવાની ક્રિયા અત્યારે ચાલુ છે એટલે વર્તમાનકાળ કહેવાય.

**ઉદા.** (2) જોગીદાસ અત્યારે મારા દુઃખમાં સહભાગી થયા છે. અહીં જોગીદાસ મહારાજના દુઃખમાં અત્યારે સહભાગી થયા છે તે ક્રિયા અત્યારે હાલમાં બની રહી હોવાનો નિર્દેશ કરે છે એટલે તે વર્તમાન કાળ બને.

(3) વાક્યરચનામાં ક્રિયા થવાનો સમય હવે પછીનો હોય તો તે ભવિષ્યકાળ બને.

**ઉદા.** (1) હું પાઠ વાંચીશ. હું પાઠ વાંચવાની ક્રિયા હવે પછી કરીશ માટે તે ભવિષ્યકાળ બને.

**ઉદા.** (2) જોગીદાસ મહારાજને મળવા જશે. અહીં જોગીદાસ હવે પછી મહારાજને મળવા જશે એટલે તે ભવિષ્યકાળ બને.

## સ્વાધ્યાય :

**• નીચેના વાક્યો કયા કાળના છે તે લખો.**

1. બાપુ સ્વચ્છતાનો પાઠ ભણાવતા હતા.
2. આ ગામના લોકો બાપુને કામ કરતાં જૂએ છે.
3. હવેથી ગામના લોકો જ રસ્તા સાફ કરશે.
4. યરવડા જેલમાં શંકરલાલ બાપુના કપડાં ધોતા હતા.
5. તમે સરસ તૈયારી કરી હતી.
6. જોગીદાસની આંખમાં પણ જળજળિયાં આવ્યાં.
7. સ્ત્રીઓ જોગીદાસની સામું અહોભાવથી જુએ છે.
8. જોગીદાસ જેવો પુરુષ જતિ પુરુષ કહેવાશે.
9. જોગીદાસ મહારાજને મારશ નહિં.
10. બહારવટિયો અત્યારે કોઈને મારવા આવ્યો નથી, દુઃખમાં ભાગ લેવા આવ્યો છે.

# 16. સાદ વરત્યો



**ઝવેરચંદ મેઘાણી**

**જન્મ : ઈ.સ. 1896 મૃત્યુ : ઈ. સ. 1947**

ઝવેરચંદ કાલિદાસ મેઘાણીનો જન્મ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા ગામમાં થયો હતો. તેઓ કવિ, વિવેચક, નવલકથાકાર, વાર્તાકાર અને લોકસાહિતયના સંશોધક-સંપાદક તરીકે જાણીતા છે. તેમણે દેશની આઝાદીમાં સક્રિયપણે ભાગ લીધો હતો. આઝાદી સંદર્ભે તેમણે કાવ્યો લખેલાં તેથી તેમને 'રાષ્ટ્રીય શાયર'નું બિરુદ મળેલું. સૌરાષ્ટ્રની રસધાર, સોરઠ તારા વહેતા પાણી, વેવિશાળ, યુગવંદના તેમના જાણીતા અને લોકપ્રિય પુસ્તકો છે.

આ લોકકથામાં બહારવટિયા અને મહારાજા વચ્ચેના માનવીય વ્યવહારની રસમય કથા છે. બહારવટિયા જોગીદાસ ખુમાણ અને મહારાજા વજેસંગ વચ્ચે જોગીદાસ ગિરાસ બાબત થયેલા અન્યાયને કારણે વેર ચાલ્યું આવતું હતું. આમ છતાં મહારાજા વજેસંગના દીકરાના અવસાનના સમાચાર જાણી બહારવટિયો જોગીદાસ અને તેમના પિતા ભારે દુ:ખ અનુભવે છે. જોગીદાસ જાતે મહારાજા વજેસંગને ત્યાં લૌકિક વ્યવહારે જાય છે. લૌકિક વખતે મહારાજા જોગીદાસને સાદ પારખીને ઓળખી જાય છે. આમ છતાં માનવીય વ્યવહાર દાખવે છે.

લોકકથા એ લોકસાહિત્યનો એક ગદ્ય-પ્રકાર છે. જેના રચયિતા ચોક્કસ હોય અથવા ન પણ હોય. જેનું કથાબીજ સત્ય અને ઐતિહાસિક મૂલ્ય ધરાવતું હોય છે. જેમાં સામાજિક અને સાંસ્કૃતિક પરંપરા જોવા મળે છે. રચયિતા પોતાના કસબ પ્રમાણે કથાને લેખિત અથવા મૌખિક રીતે પ્રસ્તુત કરતો હોય છે. લોકકથા એટલે પ્રજામાં, લોકજીવનમાં નદીના પ્રવાહની જેમ વહેતી રહેલી કથા. પ્રજા પોતાના મૂલ્યસંસ્કારોને જાળવી રાખવાના હેતુથી પ્રેમ, સાહસ, સમર્પણ, પરોપકાર જેવાં મૂલ્યો રજૂ કરતી કથાઓ પ્રચલિત રાખે છે. જેમાં કથની કરતાં કહેણીનો વિશેષ મહિમા રહેલો હોય છે.

---

"બાપુ ! ગજબ થઈ ગયો !"

જોગીદાસે બહારવટે રઝળતાં એક દિવસ મોતીઆળાના ડુંગરમાં પોતાના બાપ હાદા ખુમાણને શોકના સમાચાર સંભળાવ્યા.

"શું થયું આપા ?"

"મહારાજ વજેસંગના કુંવર દાદભા ગુજરી ગયા."

"અરર ! દાદભા જેવો દીકરો ઝડપાઈ ગયો ? શું થયું ? ઓચિંતાનો કાળ ક્યાંથી આવ્યો ?"

"ભાવનગરની શેરીએ શેરીએ ભમીને મેં કાનોકાન વાત સાંભળી કે શિહોરથી દશેરાને દી નાનલબા રાણીએ કુંવરને ભાવનગર દરિયો પૂજવા બોલાવ્યા અને કુંવર દરિયો પૂજીને પાછા વળ્યા ત્યારે કુંવરનું માથું ફાટવા માંડ્યું. શિહોર ભેળા થયા ત્યાં તો જીભ ઝલાઈ ગઈ ને દમ નીકળી ગયો."

"કોપ થયો. મહારાજને માથે આધેડ અવસ્થાએ વીજળી પડ્યા જેવું થયું, આપા !"

"વીજળી પડવાની તો શું વાત કરું, બાપુ ! શિહોર ને ભાવનગરની શેરીએ શેરીએ છાતીફાટ વિલાપ થાય છે; વસ્તીના ઘરોઘરમાં પચીસ વરસનો જુવાન જોદ્ધો મરી ગયો હોય એવો કકળાટ થાય છે."

"આપા ! બાપ ! દાદભાની દેઈ પડે એનું સનાન તો આપણનેય આવ્યું કે'વાય. આપણે નાવું જોવે."

સહુ બહારવટિયાઓએ ફાળિયાં પહેરીને નદીમાં માથાબોળ સ્નાન કર્યું. પછી જુવાન જોગીદાસે વાત ઉચ્ચારી :

"બાપુ ! એક વાત પૂછું ?"

"ભલે બાપ !"

"આપણે મહારાજના મોઢા સુધી ખરેખર ન જઈ આવવું જોવે ?"

હાદો ખુમાણ લગરીક હોઠ મલકાવીને વિચારે ચડી ગયા. એને એકસામટા અનેક વિચારો આવ્યા : ઠાકોર વજેસંગ, જેની સામે આપણે મોટો ખોપ જગાવ્યો છે એની રૂબરૂ ખરખરે જવું ? જેના માણસોને આપણે મોલની માફક વાઢતા આવ્યા છીએ, તે આપણને જીવતા મેલી દેશે ? જે આપણને ઠાર મારવા હજારોની ફોજ ફેરવે છે, એ આપણને ખરખરો કર્યા પછી પાછા આવવા દેશે ? પણ મારો જોગો તો જોગી જેવો છે. એને ખાનદાનીના મનસૂબા ઊપડે છે. એનું મનભંગ ન કરાય.

"જાયેં ભલે. પણ છતરાયા નથી જાવું, આપા ! દરબારગઢમાં દાખલ થયા પછી મહારાજની તો મને ભે નથી. પણ જો પ્રથમથી જાણ થાય તો પછી ઝાટકાની જ મેળ થાય; કેમકે પાસવાનો ન સમજી શકે કે આપણે લૌકિક કરવા આવ્યા છીએ."

"ત્યારે, બાપુ !"

"કુંડલાનો સહુ કાઠી-કણબી દાયરો જાય એની સાથે તું પણ માથે ફાળિયું ઢાંકીને છાનોમૂનો ગુડો વાળી આવજે. બીજું તો શું થાય ?"

કુંવર દાદભાએ ખરખરે કુંડલાના કાઠી, કણબી અને મુસદ્દી તમામ શિહોર ચાલ્યા. તેમાં બહારવટિયો જોગીદાસ પણ પેસી ગયો. માથા ઉપર પછેડી ઢાંક્યા પછી એ પાંચસો જણના સમુદાયમાં કોણ છે તે ઓળખવાની તો ધાસ્તી નહોતી. દરબારગઢની ડેલી પાસે સહુ હારમાં બેસીને રોવા લાગ્યા. રીત પ્રમાણે મહારાજ વજેસંગ એક પછી એક તમામને માથે હાથ દઈ છાના રાખવા લાગ્યા. ચાલતાં ચાલતાં બરાબર જોગીદાસની પાસે પહોંચ્યા. માથે હાથ મૂકીને મહારાજે સાદ કર્યો, "છાના રો', જોગીદાસ ખુમાણ, છાના રો."

"જોગીદાસ ખુમાણ !" આટલું નામ પડતાં તો શિહોર ઉપર જાણે આભ જ પડ્યું. હાંફળાફાંફળા બનીને તમામ મહેમાનો આમતેમ જોવા લાગ્યા. સહુએ પોતપોતાની તલવાર સંભાળી અને આંહી બહારવટિયાએ પછેડી ખસેડીને પોતાનું પ્રતાપી મોં ખુલ્લું કર્યું. બહારવટિયો એટલું જ બોલ્યો કે, "ભલો વરત્યો, રાજ !"

"વરતું કેમ નહિ, જોગીદાસ ખુમાણ ! તારું ગળું ક્યાં અજાણ્યું છે ? પાંચસો આદમી વચ્ચે તારા હાકોટા પરખાય, તો પછી તારો વિલાપ કેમ ન વરયાત ?"

"બહારવટિયો ! બહારવટિયો ! બહારવટિયો !" એમ હાકોટા થવા લાગ્યા. સહુને લાગ્યું કે હમણાં જોગીદાસ મહારાજને મારી પાડશે. તલવારોની મૂઠે સહુના હાથ ગયા. ત્યાં તો ઠાકોરનો હાથ ઊંચો થયો. એણે સાદ દીધો કે, "રજપૂતો ! આજ જોગીદાસભાઈ બાઝવા નથી આવ્યા, દીકરો ફાટી પડ્યો છે એને અફસોસે આવ્યા છે. મારા ગરાસમાં નહિ પણ દુઃખમાં ભાગ લેવા આવ્યા છે."

મહારાજ ગળગળા થયા. જોગીદાસની આંખોમાં પણ જળજળિયાં આવ્યાં. માણસોએ અરધી ખેંચેલી તલવારો મ્યાન કરતાં કરતાં અગાઉ કદી ન જોયેલું ને ન સાંભળેલું એવું નજરે દીઠું. મહારાજ બોલ્યા : "જોગીદાસ, બીશો મા !"

"બીતો હોત તો આવત શા માટે, રાજ ?"

સહુ દાયરાની સાથે ખાઈ-પી, મહારાજને રામ રામ કરી પાછા જોગીદાસ ઘોડે ચડી નીકળ્યા. બહારવટિયાને નજરે જોઈ લેવા શિહોરની બજારે થોકથોક માણસ હલક્યું હતું. બહારવટિયાના ચહેરામોરા જેણે કદી દીઠા નહોતા તેણે તો ખુમાણોને દૈત્યો જ કલ્પેલા હતા ! પણ તે ટાણે લોકોએ જુવાન જોગીદાસનું જતિસ્વરૂપ આંખો ભરી ભરીને પી લીધું. આવો તપસ્વી પુરુષ નિર્દોષ કણબીઓનાં માથાં વાઢીને સાંતીડે ટીંગાડતો હશે, ને એનાં ધડનાં ઘીસરાં કરીને ઢાંઢાને ગામ ભણી હાંકી મેલી રાજ્યની સોના સરખી સીમ ઉજ્જડ કરી મેલતો હશે, એ વાત ઘડીભર તો ન મનાય તેવી લાગી.

ઘટાટોપ મેદની વચ્ચે થઈને કોઈની પણ સામે નજર કર્યા વિના બહારવટિયો ચાલ્યો ગયો. જુવાન જોગીદાસની નજર જાણે દુનિયા કરતાં પાતાળની અંદર વધુ પડતી હોય, તેમ એ તો એકધ્યાની યોગીની માફક નીચે આંખો નોંધીને નીકળી ગયો.,

અનેક બાઈઓના મોંમાંથી અહોભાવનું વેણ નીકળી પડ્યું કે "લખમણ જતિનો અવતાર!"

('સૌરાષ્ટ્રની રસધાર-2'માંથી)

## ટિપ્પણ

**રઝળતાં** - ભટકતાં, રખડતાં, કામકાજ વિના ગમે તેમ ફર્યા કરવું **શોક** - દુ:ખ **ગુજરી ગયો** - મૃત્યુ પામ્યો, દેવલોક પામ્યો **વરત્યો** - ઓળખ્યો **ગજબ થઈ ગયો** - ખૂબ દુ:ખ દાયક ઘટના બની ગઈ **આધેડ** - યુવાની પછી અને ઘડપણ પહેલાંનો સમય **વીજળી પડવા જેવું** - અચાનક ઊંડું દુ:ખ આવી પડવા જેવું થયું **શેરી** - ફળિયું, લત્તો **છાતી ફાટ વિલાપ** - ખૂબ જ દુ:ખદ રુદન **જોદ્ધો** - યોદ્ધો, લડવૈયો **દેઈ પડે** - દેહ પડે મૃત્યુ પામે **ફાળિયું** - માથે પહેરવાની નાની પાઘડી, ટૂંકું ધોતિયું **સનાન** - સ્નાન, સગા સંબંધીના મૃત્યુના ખબર જાણી કરવામાં આવતું સ્નાન **મોઢા સુધી** - રૂબરૂ, મોઢામોઢ **લગરીક** - જરાક, થોડુંક **ખોપ જાગ્યો** - મુશ્કેલી ઊભી કરી **મોલ** - પાક, જુવાર, બાજરી, ઘઉં વગેરેના છોડ **ખરખરો** - લૌકિક, શોક **મનભંગ** - મનને દુ:ખ પહોંચાડવું **છતરાયા** - પ્રકટ, ઓળખાઈ જવાય તે રીતે **ભે** - ભય **ઝાટકાની જ મેળ થાય** - તલવાર ચલાવવી પડે તેવું થાય, તકરાર થાય **પાસવાનો** - અંગત નોકરો **લૌકિક** - ખરખરો, શોક વ્યક્ત કરવાનો લોક રિવાજ **દાયરો** - ડાયરો, ઘરડા અને અનુભવી લોકનો સમુદાય **ગુડો વાળી આવજે** - ખરખરો કરી આવજે **મુસદ્દી** - રાજનીતિમાં હોશિયાર **ધાસ્તી નહોતી** - ફુરસદ ન હતી **હાંફળા ફાંફળા** - ગભરામણ ભર્યા **વજ્ર પડ્યું** - જીવલેણ આફત આવી, વજ્ર - ઈન્દ્રનું અસ્ત્ર **હાકોટા** - પડકાર **વિલાપ** - રુદન **બાઝવા નથી આવ્યા** - લડવા નથી આવ્યા **ફાટી પડ્યો છે** - મૃત્યુ પામ્યો છે **બીશો મા** - ડરશો નહીં **ગરાસમાં** - જાગીરમાં, સંપત્તિમાં **ગળગળા થયા** - લાગણીથી અવાજ ભીનો થયો **થોકેથોક** - ટોળાબંધ, ખૂબ **હલક્યું** - ઊમટ્યું, ભેગું થયું **આંખો ભરીને પી લીધું** - નિરાંતે પૂરેપૂરું જોયું **સાંતીડે** - ખેતી માટેનું બળદથી ચાલતું સાધન, દંતાળ **ઘીસરાં** - સાંતીને ચલાવવા માટેનું સાધન **ઘટાટોપ** - ગાઢ, ગીચ **મેદની** - માણસોના ટોળાં, સમૂહ **અહોભાવ** - આશ્ચર્યનો ભાવ **લખમણ જતિનો અવતાર** - લક્ષ્મણ યોગીનો અવતાર, પરસ્ત્રી સામે આંખ ઊંચી કરીને ન જોનાર સંયમી પુરુષ માટે વપરાતો શબ્દ.



DRAFT

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક જવાબ વાક્યમાં લખો.**

1. જોગીદાસે પિતાને કયા શોક સમાચાર આપ્યા ?
2. જોગીદાસને જોઈને સ્ત્રીઓના મોંમાંથી કયો ઉદ્‌ગાર સરી પડે છે ?
3. જોગીદાસના માથે હાથ મૂકીને વજેસંગે શું કહ્યું ?
4. “ભલો વરત્યો, રાજ” એમ જોગીદાસે કહ્યું ત્યારે મહારાજે શું કહ્યું ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.**

1. કુંવરના મૃત્યુનો શોક પ્રજાએ કઈ રીતે વ્યક્ત કર્યો ?
2. જોગીદાસની વાત સાંભળીને હાદા ખુમાણને કયો વિચાર આવ્યો ?
3. હાદા ખુમાણે જોગીદાસને ખરખરે જવા માટે કઈ યુક્તિ શીખવી ?
4. વજેસંગ કયા આધારે જોગીદાસને ઓળખી જાય છે ?
5. જોગીદાસ ખુમાણનું નામ પડતાં જ ડાયરા પર શી અસર થઈ ?

**પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો.**

1. જોગીદાસ કઈ યુક્તિ કરી ખરખરે પહોંચ્યા ? મહારાજે કેવી રીતે તેમને બોલાવ્યા ?
2. શિહોર બજારમાંથી પરત જઈ રહેલા જોગીદાસને જોઈ લોકો પર તેની શી અસર થઈ ?

**પ્રશ્ન 4. કારણો આપો.**

1. જોગીદાસે હાદા ખુમાણને ક્હયું, “બાપુ, ગજબ થઈ ગયો”
2. કુંવર દાદભાનો દમ નીકળી ગયો
3. શિહોર અને ભાવનગરની શેરીએ શેરીએ વિલાપ થવા લાગ્યો.
4. હાદા પ્રમાણે જોગીદાસને સલાહ આપીકે માથે ફાળિયું ઓઢીને છાનોમાનો ગુડો બાળી આવજે.
5. મહેમાનોના હાથ તલવારોની મૂંઠે ગયા ત્યારે મહારાજનો હાથ ઊંચો થયો.
6. શિહોરની બજારમાં થોકે થોકે માણસ હલક્યું.

**પ્રશ્ન 5. (અ) વિભાગની વિગતને (બ) વિભાગની વિગત સાથે યોગ્ય રીતે જોડો.**

| | (અ) | | (બ) |
|---|---|---|---|
| 1. | “અરર ! દાદભા જેવો દીકરો ઝડપાઈ ગયો. | 1. | જોગીદાસ |
| 2. | “ભલો વરત્યો રાજ” | 2. | બાઈઓ |
| 3. | “આજ જોગીદાસભાઈ બલકવા નથી આવ્યા” | 3. | હાદા ખુમાણ |
| 4. | “લખમણ જતિનો અવતાર” | 4. | મહારાજ |

**પ્રશ્ન 6. રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્ય પ્રયોગ કરો.**

| | | | |
|---|---|---|---|
| 1. | કામ આવવો | 5. | ગજબ થઈ જવો |
| 2. | માતે કાજળી પડવી | 6. | વજ્ર પડવું |
| 3. | છાતીફાટ વિલાપ કરવો | 7. | ગળગળા થવું |
| 4. | ગુડો બાળવો | 8. | આંખો ભરી ભરીને પીવું |

**પ્રશ્ન 9. નીચેના શબ્દોની સાચી જોડણી લખો.**

ઘઝલ, દરીયો, વિજળી, રુબરૂ, બાજવા, જરજરીયાં, જતીસ્વરૂપ, ઊજડ

## પ્રવૃત્તિ

- લોકકથામાંના પાત્રો વિદ્યાર્થીઓ વચ્ચે ફાળવી વર્ગમાં ભજવણી કરો.
- ઝવરેચંદ મેઘાણીની અન્ય કૃતિઓ વાંચો.

આપણે આગળ જોયું કે સામાન્ય રીતે દરેક ભાષામાં ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ દર્શાવતી વ્યવસ્થા હોય છે. હવે પ્રશ્ન એ થાય છે કે ગુજરાતી ભાષામાં ક્રિયા કયા કાળની છે તે કેવી રીતે ખબર પડે ? તો કાળનું સૂચન કરનાર પ્રત્યયા હોય છે તેને અહીં કોઠામાં સરળ સમજૂતી દ્વારા દર્શાવવામાં આવ્યાં છે.

| | એકવચન | | બહુવચન | |
|---|---|---|---|---|
| | | પ્રત્યય | | પ્રત્યય |
| પ્રથમ પુરુષ | હું | ઉં છું | અમે | ઈએ. છીએ |
| બીજો પુરુષ | તું | એ છે | તમે | ઓ છો |
| ત્રીજો પુરુષ | તે | એ છે | તેઓ | એ છે. |

**નોંધ :**

અહીં પ્રત્યયની સાથે સહાયકારણ 'છ'નું રૂપ આપ્યું છે.

**ઉદા.** ચાલ ક્રિયારૂપ છે તો

| | |
|---|---|
| હું ચાલું છું. | અમે ચાલીએ છીએ. |
| તું ચાલે છે | તમે ચાલો છો. |
| તે ચાલે છે | તેઓ ચાલે છે. |

**ભવિષ્યકાળ**

| | એકવચન | | બહુવચન | |
|---|---|---|---|---|
| | | પ્રત્યય | | પ્રત્યય |
| પ્રથમ પુરુષ | હું | ઈશ | અમે | ઈશું |
| બીજો પુરુષ | તું | શે/ઈશ | તમે | શો |
| ત્રીજો પુરુષ | તે | શે | તેઓ | શે |

ઉદા. ચાલ ક્રિયારૂપ છે તો -

હું ચાલીશ　　　અમે ચાલીશું.
તું ચાલશે/ચાલીશ　તમે ચાલશો.
તે ચાલશે　　　તેઓ ચાલશે.

**નોંધ :**

બીજો પુરુષ એકવચનમાં 'ચાલશે' બહુ ઓછું વપરાશમાં છે.

**ભૂતકાળ** -

વર્તમાન અને ભવિષ્યકાળમાં જાતિના (લિંગના) પ્રત્યયો લાગતા નથી પમ ભૂતકાળમાં જાતિના (લિંગના) પ્રત્યયો લાગે છે એટલે તે પ્રમાણે જોઈશું.

ભૂતકાળમાં ભૂતકાળ સૂચક 'ય' પ્રત્યય અને એકવચનમાં સ્ત્રીલિંગનો - ઈ, પુલ્લિંગનો - ઓ અને નપુંસકલિંગનો - ઉં પ્રત્યય લાગે છે. તો 'ય' પ્રત્યય સાતે બહુવચનમાં સ્ત્રીલિંગનો ઓ, પુલ્લિંગનો - આ અને નપુંસકલિંગનો - આં પ્રત્યય લાગે છે.

| | એકવચન | | | | બહુવચન | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | સ્ત્રીલિંગ | પુલ્લિંગ | નપુંસકલિંગ | | સ્ત્રીલિંગ | પુલ્લિંગ | નપુંસગલિક |
| પ્રથમ પુરુષ | હું | ઈ | ય+ઓ | ય+ઉં | અમે | ય+આં | ય+આ | ય+આં |
| બીજો પુરુષ | તું | ઈ | ય+ઓ | ય+ઉં | તમે | ય+આં | ય+આ | ય+આં |
| ત્રીજો પુરુષ | તે | ઈ | ય+ઓ | ય+ઉં | તેઓ | ઈ/ય+આં | ય+આ | ય+આં |

**દા.ત.** ચાલ ક્રિયારૂપ છે તો -

1. હું ચાલી. (એકવચન સ્ત્રીલિંગ)
2. હું ચાલ્યો. (એકવચન પુલ્લિંગ)
3. અમે ચાલ્યાં. (બહુવચન સ્ત્રીલિંગ)
4. તું ચાલી. (એકવચન સ્ત્રીલિંગ)
5. તું ચાલ્યો. (એકવચન પુંલ્લિંગ)
6. તું ચાલ્યું. (એકવચન નપુંસકલિંગ)
7. તમે ચાલ્યા. (બહુવચન પુલ્લિંગ)
8. તે ચાલી. (એકવચન સ્ત્રીલિંગ)
9. તે ચાલ્યો. (એકવચન પુંલ્લિંગ)
10. તે ચાલ્યું. (એકવચન નપુંસકલિંગ)
11. તેઓ ચાલ્યાં. (બહુવચન સ્ત્રીલિંગ)

**નોંધ :** અપવાદ :

(1) ખા, પી, લે ની સાથે ય નહીં પણ ધ પ્રત્યય લાગે.
**ઉદા.** ખાધું, પીધું, લીધું.. વગેરે.
(2) સુ ની સાથે ય નહીં ત લાગે છે.
**ઉદા.** સૂતો, સૂતી, સૂતું વગેરે.
(3) બેસની સાથે પણ ય નહીં ઠ લાગે છે.
**ઉદા.** બેઠો, બેઠી, બેઠું વગેરે.

BSER